# ખ્રિસ્તી

# કુટુંબ અને ઘર



લેખક : પ્રતાપ જે. કોન્ટ્રાક્ટર

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

10BGK2 I

# ખ્રિસ્તી
# કુટુંબ અને ઘર

લેખક : પ્રતાપ જે. કોન્ટ્રાક્ટર

: પ્રકાશક :

ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી
ગુજરાત કોલેજ પાસે, એલિસબ્રિજ,
અમદાવાદ- ૩૮૦૦૦૬
ટેલિફોન : ૬૪૪૫૨૮૧

# અર્પણ



સ્વર્ગસ્થ ડેની ડી. મેકવાન મારા પતિ, બાળકોના પિતા અને પૌત્રો પૌત્રીઓના દાદા, કે જેઓએ ખ્રિસ્તમય જીવનમાં સત્યના પંથે ચાલતાં કૌટુંબિક, સામાજીક ને આત્મિકં સેવાઓ બજાવી, તથા સ્થાનિક મંડળી, ગુજરાત રીજીઓનલ કોન્ફરન્સ અને ઓલ ઈન્ડિયા એમ.સી.આઈની જનરલ કોન્ફરન્સમાં પણ વિધ કમીટીઓમાં સેવા બજાવીને ૬૮ વર્ષનું જીવન પુરુ કરી બાઈબલ વાંચતા વાંચતાંજ પ્રભુસ્મરણ સાથે સ્વર્ગિય દૂતો સંગે ખ્રિસ્તજ્યંતિનાં ગીતો ગાવા તા. ૨૪ ડિસે. ના દિવસે સ્વર્ગે સિધાવી ગયા. તેમના સ્મર્ણાર્થે આ પુસ્તક "ખ્રિસ્તી કુટુંબ અને ઘર" અર્પણ કરીએ છીએ.

**જન્મ તા. ૧૨-૬-૧૯૩૦ મરણ તા. ૨૪-૧૨-૧૯૯૭**

પત્નિ : **નિર્મળાબેન ડી. મેકવાન**

પુત્ર : **ફ્રાન્સિસ ડી. મેકવાન તથા કુટુંબ**

પુત્રીઓ : **સુનિલા પૂર્ણિમા તથા કુટુંબ**

શ્રી નિત્યાનંદભાઈ ઠાકોરનાં સૌજન્યથી

# ખ્રિસ્તી કુટુંબ અને ઘર

આવૃત્તિ ૧ લી

જુન - ૨૦૦૨

કિંમત રૂા. ૨૦-૦૦

મુદ્રક :
**સુરમીલ એસ. ક્રિશ્ચિયન**
૨૫, સોનલકુંજ સોસાયટી, ન્યુ. મ્યુ. માર્કેટ પાસે,
ખોખરા, મણિનગર (પૂર્વ), અમદાવાદ-૮.
ફોન : ૨૭૭૩૫૨૫

# લેખકના બે બોલ

આપણો દેવ તે અવ્યવસ્થાનો નહિ પણ વ્યવસ્થા અને શાંતિનો દેવ છે. ૧ કરંથી ૧૪:૩૩ તેણે સમગ્ર સૃષ્ટિ વ્યવસ્થિત ઉત્પન્ન કરી છે.

આકાશ તથા પૃથ્વી દેવનું ગૌરવ પ્રસિધ્ધ કરવા પોતાની વ્યવસ્થામાં બહુ ચોક્કસ છે. સૂરજ - ચંદ્ર તથા તારા પોતાના નિયમમાં ચૂક કરતા નથી. ઋતુ, નક્ષત્રો અને અંતરિક્ષ દેવના હાથની વ્યવસ્થા પ્રગટ કરે છે.

વનસ્પતિ - લીલોતરી, પ્રભુ પરમેશ્વરની આધીનતા સ્વીકારી દેવના ગુણ દર્શાવે છે. જીવ-જનાવર, પક્ષી અને જળચર પોતાના સમયોની મર્યાદામાં વશ રહે છે. પૃથ્વી પરનું જે કંઈ છે, તે સર્વ પોતાના કર્તા પ્રભુ દેવની આણ સ્વીકારે છે. પ્રભુની કુદરત આનંદ અને ઉલ્લાસ કરતી દેવના ગુણગાન ગાતી રહે છે. તે અદ્દ્ભૂત છે.

પ્રભુ દેવે માનવીને વિશેષ વ્યવસ્થિત અને જ્ઞાનપૂર્ણ બનાવ્યું છે; એટલા માટે કે તે દેવની બનાવેલી પૃથ્વી પર વ્યવસ્થિત અમલ ચલાવે. પ્રભુની વ્યવસ્થા અને યોજના અગંમ્ય છે.તેના વિચારો અને માર્ગ બહુ ઊંચા છે.

નિયમભંગ એ પાપ છે. પાપનું પરિણામ અવ્યવસ્થા છે. અવ્યવસ્થા નાશ નોતરે છે. એ શેતાન પ્રેરિત છે.

માનવી કુટુંબ જે જગત પર દેવના અદ્વિતિય આશીર્વાદરૂપ અને ગૌરવી હતું; તે પાપના કારણે પતીત બન્યું. તેનાં ગૌરવ અને આધિપત્યને ગુમાવી બેઠું. લાચાર અને દુઃખી બન્યું. જગતમાંના સર્વસ્વને વશ કરવા સર્જાએલું માનવી, ડરપોક અને કમજોર બની હિણું થયું. માનવીની આવી પતીત દશાથી દેવને ખેદ થયો. દેવે માનવીને શોધી કાઢી તેને પોતાની સમક્ષતામાં રાખી; ફરી તેની શ્રેષ્ઠતા પર સ્થાપિત કરવા પ્રયત્નો આદર્યા. આદમથી માંડીને આજ દિન સુધી પ્રત્યેક માનવીને બચાવવા તથા તેના ગૌરવી સ્થાન પર સ્થાપવા દેવ અવિરત પ્રયત્ન કરતા જ રહ્યા છે. યોહાન ૫:૧૭; ૯:૪

ત્યારે શું દેવ નબળા છે ? ''યહોવાહનો હાથ એટલો ટુંકો થઈ ગયો નથી કે તે બચાવી ન શકે; અને તેનો કાન એવો મંદ થયો નથી કે તે સાંભળી ન શકે. પણ તમારા અપરાધો, તમારી અને તમારા

દેવની વચ્ચે ભિન્નતા કરતા આવ્યા છે; અને તમારાં પાપોએ તેનું મુખ તમારી તરફથી એવું ફેરવી નાખ્યું છે કે તે સાંભળે નહિ. યશા.૫૯:૧-૮.

દેવ સમર્થ છે. અદભૂત શક્તિશાળી છે. પરંતુ તે આપણી ઈચ્છા વગર કંઈપણ તે આપણી પાસે પરાણે કરાવવા માગતા નથી. તેમની પોતાની શક્તિ આપણા પર લાદવા ઈચ્છતા નથી. તે આપણી ઈચ્છા, આપણું મન અને ઈંતેજારી ચાહે છે. નબળાઈ આપણી છે. આપણે તેમની સામે જોવાની અને તેમની પાસે જવાની જરૂર છે.

આપણાં જીવનો, આપણાં કુટુંબો અસ્તવ્યસ્ત, અસ્થિર, નબળાં અને બેહાલ બન્યાં છે. આજના અંધકારમય જગતમાં અટવાઈ ગયાં છે. ખોવાઈ ગયાં છે. એમાંથી બચવા પ્રભુ પરમેશ્વરનાં વચનો - પવિત્રશાસ્ત્ર - બાઇબલ આપણને અપાયાં છે. પરંતુ ઘણાંને મન તે વાંચવા અને સમજવા અઘરાં લાગે છે. પોતાની નબળી અને હલકી હાલતમાં એ ઉચ્ચ અને પવિત્ર વચનો માટે પોતાને લાયક સમજતાં નથી. જો કે એ પણ શેતાન પ્રેરણા છે.

પ્રભુ દેવે પોતાના સેવકો-સંતો અને પ્રબોધકો આપ્યા છે; કે તેઓ એ વચનો અન્યને સમજાવે. કારણ કે એ દેવનાં વચનો જ આપણાં ભાંગી પડેલાં જીવનો અને કુટુંબોને બચાવવા સમર્થ છે. બાકી બીજો કોઈ આરો નથી.

આપણાં કુટુંબો પ્રભુમય બનીને ખ્રિસ્તી કુટુંબનો મહિમા વધારે; એ પ્રભુ પ્રેરણાએ મેં તેના એક અદકા સેવક તરીકે આ પુસ્તિકા લખવાનો પ્રયત્ન કર્યો છે. સાદી ભાષામાં પણ દેવના વિચારો પ્રગટ કરવા હિંમત કરી છે. જે કોઈ વાંચે તે ખ્રિસ્તી કુટુંબનો મહિમા અને મહત્વ સમજીને તેને અપનાવે. બીજાંને એ ખુશ ખબર આપે. પોતાના અને આસપાસ સર્વના કલ્યાણનાં ભાગીદાર બને; એ ભાવના અને પ્રાર્થના સાથે આ પુસ્તિકા પ્રસ્તુત કરૂં છું. મારો દેવ, પ્રભુ ઈસુ ખ્રિસ્ત એમ કરશે; અને જગતનાં સર્વકુટુંબોનો તે શીરપતિ અને પ્રભુ બને. આમેન

**પ્ર. જે. કોન્ટ્રાક્ટર**

જુલાઈ ૨૨, ૧૯૮૮
સ્ટેટન આઈલેન્ડ, ન્યુયોર્ક
યુ.એસ.એ.

"તું તેઓની આંખો ઉઘાડે, અને તેઓને અંધારામાંથી અજવાળામાં, અને શેતાનની સત્તા નીચેથી દેવની તરફ ફેરવે, જેથી તેઓ પાપની માફી તથા જેઓ મારા પરના વિશ્વાસથી પવિત્ર થયા છે, તેઓમાં વારસો પામે." પ્રેરિ. તોના કૃત્યો ૨૬:૧૮

"પછી તેણે મને કહ્યું, કે તું તેની ઈચ્છા જાણે, અને તે ન્યાયીને જુએ, અને તેના મ્હોંની વાણી સાંભળે, માટે આપણા પૂર્વજોના દેવે તને પસંદ કર્યો છે."

પ્રેરિ. ૨૨:૧૪

"શિષ્યો પ્રથમ અંત્યોખમાં ખ્રિસ્તી કહેવાયા"

પ્રેરિ. ૧૧:૨૬

"પણ ખ્રિસ્તી હોવાને લીધે જો કોઈને સહેવું પડે છે, તો તેથી શરમાય નહિ; પણ તે નામમાં તે દેવની સ્તુતિ કરે." ૧ પીતર ૪:૧૬

"જ્યારે લોક તમારી નિંદા કરશે, અને પૂઠે લાગશે, અને મારે (ઈસુ) લીધે તમારી વિરૂધ્ધ તરેહ તરેહની ભૂંડી વાત અસત્યતાથી કહેશે, ત્યારે તમને ધન્ય છે. તમે આનંદ કરો તથા ઘણા હરખાઓ; કેમ કે આકાશમાં તમારો બદલો મોટો છે; કેમકે તમારી અગાઉના પ્રબોધકોની પૂઠે તેઓ એમજ લાગ્યા હતા.

માત્થી ૫:૧૧-૧૨

# અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| ૧. | જગત અને માનવી | ..... | ૧ |
| ૨. | સમાધાન | ..... | ૪ |
| ૩. | ખ્રિસ્તી કુટુંબ | ..... | ૧૦ |
| ૪. | કૌટુંબીક વ્યક્તિઓ | ..... | ૧૫ |
| ૫. | કૌટુંબીક ભજનભક્તિ | ..... | ૨૧ |
| ૬. | અર્થપૂર્ણ જીવન | ..... | ૨૯ |
| ૭. | કૌટુંબીક આવક અને નિર્વાહ | ..... | ૩૫ |
| ૮. | કૌટુંબીક બંધારણ | ..... | ૪૨ |
| ૯. | આનંદી ઘર | ..... | ૫૦ |
| ૧૦. | કૌટુંબીક રોજનીશી | ..... | ૫૯ |
| ૧૧. | કૌટુંબીક રત્નમાળા | ..... | ૬૮ |



આ પુસ્તકના પ્રકાશનનો પુરેપુરો ખર્ચ
શ્રી નીત્યાનંદભાઈ ઠાકોર
( U.S.A. ) તરફથી મળેલ છે.

# સેક્રેટરીની કલમે.......

માનવજીવન ઇશ્વરના જગતને અને જે તે વ્યક્તિને માટે ભેટ છે. સૃષ્ટિસર્જનનો ઈશ્વરનો હેતુ હતો કે, માનવ ઈશ્વરની સંગતમાં રહે અને ઈશ્વરનું ભજન કરે. આ હેતુનો પાપને કારણે ભંગ થયો. પરંતુ આજે પણ ઈશ્વરનો આ હેતુ એમનો એમ જ છે.

સૃષ્ટિ સર્જનની સાથે મનુષ્યનું સર્જન કરીને ત્રિએક ઈશ્વરે તેમને આશીર્વાદ આપ્યો હતો. પાપને કારણે માણસનું પતન થયું. આશીર્વાદને બદલે માનવી જીવન અનેક પ્રશ્નોથી ભરેલુ બન્યું. પરંતુ ઈશ્વર હંમેશા શરૂઆતથી જ માણસને શોધતા રહ્યા છે.

ઈશ્વરની વ્યવસ્થામાં ઘર કે કુટુંબ ખૂબ મહત્વના છે. અંગ્રેજીમાં HOME અને HOUSE બે શબ્દો છે. જ્યારે કુટુંબ માટે FAMILY શબ્દ છે. ઘર તો સિમેન્ટ રેતી, ઈંટ વગેરેથી પણ બની શકે છે. જ્યારે ખ્રિસ્તી સમજણમાં વ્યક્તિઓથી પણ ઘર બની શકે છે. જે ઘરમાં ખ્રિસ્તી વ્યક્તિઓ રહે છે તેને ખ્રિસ્તીઘર કે ખ્રિસ્તીકુટુંબ કહેવાય છે. ઘર અને કુટુંબને જુદાપાડી શકતા નથી. ઘર એક એવી વ્યવસ્થા છે કે જે બીજાઓને માટે અડગ ઉભુ રહીને સાક્ષી પૂરે છે. જ્યારે કુટુંબ તેમાં રહીને ખ્રિસ્તને માટે જીવન જીવીને સાક્ષીરૂપ બને છે. જે કુટુંબ ઘરની બહાર જતા આવતા સાક્ષીરૂપ બની શકે છે.

લેખકે આ ખૂબ મહત્વના વિષય પર સુંદર છણાવટ કરી છે. તેમના આ પ્રયાસને બિરદાવીએ છીએ.

• મુ. પ્રતાપભાઈ કોન્ટ્રાકટરને હું જ્યારે સી. એન. આઈ. મણિનગર, અમદાવાદનો પાળક હતો ત્યારથી ઓળખતો હતો. તેઓ જ્યારે અમેરિકાથી ભારત આવે ત્યારે મણિનગરમાં ચાલતી નિવૃતોની સંગતમાં તથા જ્યાં તક મળે ત્યાં પ્રભુના વચનમાંથી લોકોને શિક્ષણ અવશ્ય આપતા હતા. પ્રભુના સેવક આપણી મધ્યે નથી પરંતુ તેમનું આ પુસ્તક તેનાં વાચકોને અવશ્ય ઉત્તેજન અને પડકાર આપશે. લોકોના હાથમાં આ નાના છતાં મૂલ્યવાન પુસ્તકને મૂકતાં આનંદ અનુભવું છું.

આ પુસ્તકના પ્રકાશના પેટે સ્વ. ડેની ડી. મેકવાનના સ્મરણાર્થે શ્રીમતી નિર્મલાબહેન ડી. મેકવાન તથા પરિવાર તરફથી ૧૫,૦૦૦/- (પંદર હજાર પૂરા) મળ્યા છે. સમગ્ર પરિવારનો આ પ્રસંગે આભાર માનીએ છીએ.

પ્રભુમાં આપનો,

જુલાઈ/૨૦૦૨ **રેવ. હેમંતકુમાર જે. પરમાર**

સેક્રેટરી

# ૧. જગત અને માનવી

આદિએ દેવે આકાશ તથા પૃથ્વી ઉત્પન્ન કર્યાં. આકાશના નીલ ગગનમાં જ્યોતિઓના પ્રકાશનો ઝબકાર કર્યો. જગતનો અંધકાર દૂર કર્યો. આકાશ અને પૃથ્વી વચ્ચેના અવકાશમાં આલ્હાદક હવામાનનું વાતાવરણ ભર્યું. શૂન્યને સાકાર કરી એકડો રચ્યો. પાણીમાં ડૂબેલી પૃથ્વીને બહાર કાઢી. પાણી અને પૃથ્વી અલગ પાડ્યાં.

ઝાડપાન, ઘાસ લીલોતરીથી પૃથ્વીને રૂપાળી બનાવી. જીવ જનાવર, પશુપક્ષી, જાત ભાતનાં અને રૂપરંગનાં બનાવી પૃથ્વીના રૂપમાં અનેરો ઉમેરો કર્યો, અને ચેતનવંતી બનાવી. પશુપક્ષીના થનગનાટ અને કિલ્લોલથી પ્રભુ પરમેશ્વર રાજી થયા. પણ જાણે અધુરૂ પૂરૂ કરવું હોય તેમ છેલ્લે દેવે માણસ બનાવ્યું.

જગતના સર્જનમાં માનવી એ પ્રભુ દેવની છેલ્લી કૃતિ હતી; પણ તે સર્વ શ્રેષ્ઠ હતી. ઉત્તમોત્તમ એટલા માટે હતી અને છે, કે દેવે તેને પોતાનાજ હાથોની ચાતુર્યતાથી બનાવ્યું. પોતાનાંજ સ્વરૂપ અને પ્રતિમા તેનામાં અંકિત કર્યાં. માટીનું બનાવ્યું, પણ પોતાના જીવનના શ્વાસથી તેને જીવતું અને ધબકતું બનાવ્યું. દૈવી સ્વરૂપ - પ્રતિમા અને જીવનના ત્રિવેણી સંગમના પ્રતિકરૂપ માનવ દેવના પ્રભાવ - પ્રતિભા અને પરાક્રમ રૂપ દેવના જેવું બન્યું. એટલે જ દેવે આદમને આખા જગત પર અમલ ચલાવવા તેમજ તેને તથા તેમાંના સર્વને વશ કરવા સર્વોચ્ચ અધિકારી ઠરાવ્યો.

આ સર્વ માટે માણસ - આદમ એકલો રહે એ પ્રભુદેવને ઉચિત લાગ્યું નહિ. વળી આદમને બીજા કોઈપણ જીવમાંથી પોતાને યોગ્ય એવી સહાયકારી જડી નહિ. ઉત્પતિ ૨:૨૦. ત્યારે દેવે પોતે આદમને સારૂ યોગ્ય અને લાયક સહાયકારી બનાવી. આદમના વિચાર-વાણી વર્તન અને રૂપના સામ્ય અને સમન્વય અનુરૂપતા માટે તેનાજ હાડ - માંસમાંથી નારી બનાવી. આદમે તેને જોઈ ત્યારે તે સ્વયં પોકારી ઉઠ્યો કે 'આ મારા હાડકામાંનું હાડકું અને માંસમાંનું માંસ છે.' એમ તે નરમાંથી લેવાએલી

તેને નારી કહેવામાં આવી.

માનવીનો કેવો અદભૂત ઉદ્‌ભવ! કેવી માનવ શક્તિ!

એથી વિશેષ, આકાશના અદ્દશ્ય સ્થાનોમાં રહેનાર પ્રભુ પરમેશ્વરના પ્રતિનિધી રૂપ આ જગત પરના એલચી તરીકે માનવીને મૂક્યું; અને પોતાની જ સંગતમાં રાખ્યું. યશા ૪૩:૨૧. આકાશ અને પૃથ્વીની ઉત્પતિનો આદેશ અને ઉદ્દેશ એ જ હતો કે દેવ માનવીમાં અને માનવી દેવમાં રહે. દેવે માનવીને મહિમાવાન બનાવ્યું, એટલા માટે કે માનવી દેવને મહિમાવાન બનાવે. કલોસી ૧:૨૭. ''તમે તમારૂં અજવાળુ લોકોની આગળ એવું પ્રકાશવા દો, કે તેઓ તમારી રૂડી કરણીઓ જોઈને આકાશમાંના તમારા બાપની સ્તુતિ કરે,''માત્થી ૫:૧૬.

એદનવાડીની અનુકુળતા, નદી-નાળાના પ્રબંધ અને પહાડ પર્વતની હારમાળાઓ રળીયામણી હતી. બગીચાની લીલોતરી અને ફૂલ-ફળનાં વિવિધ રંગ રૂપ, સુગંધ અને સ્વાદ બહુ પ્રેરણાદાયક અને મનોરંજક હતાં. પશુપક્ષીના ગેલ અને નાચ બહુ આનંદદાયક અને ઉત્તેજક હતાં.

ઝાડપાનની ઘટા-ઠંડક અને પવનની લ્હેરીઓ ખુબ મીઠી અને મોહક હતી, આખાય બગીચામાં પ્રવર્તતી શાંતિ અને સહકાર સંપ આનંદની અવધીરૂપ હતાં. આદમ-હવાના આનંદનો પાર નહોતો. તેમાં વળી દિવસના ઠંડે પહોરે પ્રભુ પરમેશ્વરની મુલાકાત અને ઉત્તેજન, પ્રેમ-આનંદ અને શાંતિના પ્રતિકરૂપ બનતાં. એદનવાડી સ્વર્ગનાં સુખ વૈભવ અને પ્રભાવની હુબહુ પ્રતિછાયા હતી. આદમ-હવા તેનાં અધિષ્ઠાતા હતાં.

આવી અજોડ એદનવાડીમાં આદમ-હવાની જોડ હતી. આદમ અને હવા બે અર્ધાં અંગો હતાં. બંન્ને એકબીજાનાં પૂરક હતાં. એક વગર બીજું અધુરૂં હતું. ઉત્પતિ ૨:૨૪ તેઓ બન્ને મળીને એક બને એ દેવની ઈચ્છા હતી. દેવની યોજના હતી.

''એક કરતાં બે ભલા કેમ કે તેમની મહેનતનું ફળ તેમને સારૂ મળે છે. જો તેઓ પડી જાય તો તેમાંનો એક પોતાના સાથીને ઉઠાડશે. પણ જે પડતી વેળાએ એકલો હોય, અને તેને ઉઠાડવાને તેની પાસે બીજો કોઈ ન હોય તો તેને અફસોસ છે.'

વળી જો બે સાથે સુવે તો તેમને હુંફ વળે છે; પણ એકલાને કેવી રીતે હુંફ વળે ? એકલા માણસને હરકોઈ હરાવે, પણ બે તેની સામા થઈ શકે. ત્રેવડી વણેલી દોરી જલદી તૂટતી નથી.'' સભા ૪:૯-૧૨.

માનવીના શરીર સર્જનમાં પણ દેવે બેનું મહત્વ ગણાવ્યું છે. જેમકે,

દિર્ઘદર્શન માટે દેવે બે આંખો આપી છે. સ્પષ્ટ સાંભળતા બે કાન જરૂરી છે. જીવન ઉપયોગી શ્વાસોશ્વાસ લેવા માટે બે નાક આવશ્યક છે. સારાં અને ભલાં ઉપયોગી કામ કરવા બે હાથનો ઉપયોગ જરૂરી છે. બીજાની મદદે દોડવા તથા સ્થિર ઉભા રહેવા બે પગ અનિવાર્ય છે.

બે વ્યક્તિ ભેગી મળે ત્યારે ગમે તેવા ભગરીથ કાર્યને પણ પાર પાડે છે. બે વ્યક્તિના શુભ સંગઠનમાં દેવ પોતે પણ હાજરી આપે છે.

સ્ત્રી-પુરુષના આદર્શ સંગઠન દ્વારા જગતને ભર્યુંભાદર્યું બનાવવાની પ્રભુ દેવની આ યોજના હતી. માનવીના લગ્ન જીવનનો એ મહાન હેતુ હતો.

એટલા માટે કોઈ ઉચ્ચ ધ્યેય અગર પ્રભુ પરમેશ્વરના સાનિધ્ય વગરની વ્યકિતની એકલતા વસમી અને દુઃખદ બને છે. એવી એકલતા આફત વ્હોરી લાવે છે. શેતાનનું રમકડું બને છે. પાપ સાથે ગેલ કરે છે. પાપના ખાડામાં પડી જાય છે.

આદમ-હવાના જીવનમાં એમજ બન્યું. હવા એકલી પડી એની એકલતાનો લાભ લેવા ટાંપી રહેલો શેતાન હાજર જ હતો. તેણે હવાને ભોળવી મના કરેલું ફળ ખાવાને લલચાવી, હવા ઠગાઈ ગઈ. આજ્ઞા ભંગ કરીને મના કરેલું ફળ ખાધું; અને જઈને આદમને પણ ખવડાવ્યું. પવિત્ર એદનવાડીમાં પાપનો પ્રવેશ થયો. એદન વાડીની શાંતિ - સંપ - સહકાર છીનવાઈ ગયાં. આદમ-હવા નગ્ન દેખાયાં. વગડાના જીવ જનાવર હિંસક અને વિકરાળ બન્યાં. અશાંતિ અને નાસભાગનું વાતાવરણ સર્જાયું. દેવ અને માનવની સંગત વચ્ચે સંતાકુકડી રમાવા લાગી. આદમ-હવાના આવા પતન દ્વારા અનેક પ્રશ્નો, મુંઝવણો અને વેરઝેર જાગ્યાં.

## ૨. સમાધાન

આદમ-હવાના આજ્ઞા ભંગ દ્વારા પાપનો પ્રવેશ થયો. બંન્નેએ પાપ કર્યું. બંન્ને પડી ગયાં. બંન્નેના સબંધ અને સંગત જે દેવ સાથે હતાં તે તૂટી ગયાં. તેમના પોતાનામાં પણ વિખવાદ જાગ્યો. ત્યારે સમાધાન કરાવનાર કોઈ રહ્યું નહિ. કોઈ કોઈને ટેકો કરનાર કે ઉઠાડનાર હતું નહિ. બંન્ને પડી ગયાં હતાં ત્યારે કોણ કોને ઉઠાડે ? બંન્ને દેવથી બ્હીને સંતાઈ ગયાં હતાં; ત્યારે તેમને શોધવાની દેવને પોતાને ફરજ પડી. યશાયા ૬ ૩:૫ દેવે આદમ-હવાને શોધ્યાં. દેવે પોકાર કર્યો, 'આદમ, તું ક્યાં છે?'

આદમ-હવાને શોધી કાઢી, તેમની નગ્નતા ઢાંકવા, દેવે નિર્દોષ હલવાનનાં બલિદાન આપી તેમનાં ચામડાનાં વસ્ત્ર બનાવી તેમને પહેરાવ્યાં. ઉત્પતિ ૩:૨૧

''લોહી વહેવડાવ્યા વગર પાપની માફી મળતી નથી'' હેબ્રી. ૯:૨૨ એ નિયમશાસ્ત્ર બન્યું. સમાધાનનો ક્રમ બન્યો.

આદમ-હવા દ્વારા પાપનો પ્રવેશ થયો. આખી માનવજાત એ પાપના સ્વભાવની બની. એમ સઘળાંએ પાપ કર્યું અને દેવના મહિમા વિષે સઘળાં અધુરાં રહ્યાં. રૂમી ૩:૨૩

એ પાપના કારણે મરણનો પ્રવેશ થયો; કારણ કે પાપનો મુસારો-પરિણામ મરણ છે. રૂમી ૬:૨૩

ત્યારે હવે પાપની આ શિક્ષામાંથી છૂટવા અગર દૂર કરવા; પ્રથમ પાપ દૂર કરવું પડે. પાપની જડ નાબુદ કરવી ઘટે. કેમ કે તે માનવી માત્રના જન્મથીજ વળગેલી રહે છે. ઈશ્વર ભક્ત દાઉદ પોતાંના આત્મમંથન પછી જુઓ શું કહે છે. ''હું અન્યાયીપણામાં જન્મ્યો, અને મારી માએ પાપમાં મારો ગર્ભ ધર્યો હતો.'' ગીત. ૫૧:૫

દાઉદ ભક્ત પોતે અગર તમે કે હું પોતાની મેળે કોઈપણ વ્યક્તિ આ પાપમાંથી છૂટી શકે તેમ નથી જ.

કોઈપણ વ્યક્તિ પોતાની કરણીઓ દ્વારા ન્યાયી ઠરી શકે જ નહિ. કારણ માનવીનાં પૂણ્ય કર્મો તો માત્ર મેલાં લુગડાં જેવાં છે. યશા. ૬૪:૬ ''હબશી પોતાની ચામડી કે ચિત્તો પોતાનાં ટપકાં બદલી શકે શું ? તો તમે ભૂંડુ કરવાને ટેવાએલાં પણ ભલું કરી શકશો.'' યિર્મે. ૧૩:૨૩

માણસ માત્ર પોતાની ભક્તિ - આરાધના વડે પરમ પવિત્ર ઈશ્વરને રાજી કે રીઝવી શકે નહિ. કેમકે માનવી અધુરૂં છે. તેની ભક્તિ અધુરી છે. તિર્થ-યાત્રા ક્રિયા-કર્મ-કાંડ વડે માણસ પ્રભુ દેવને સંતોષ પમાડી તેની તરફદારી મેળવી શકે તેમ નથી જ. કારણ કે ''તેઓમાંનો જે સર્વોત્તમ ગણાય છે, તે ઝાંખરા જેવો છે, અને જે સૌથી પ્રમાણિક ગણાય છે તે કાંટાની વાડ કરતાં પણ નઠારો છે.'' મીખાહ ૭:૪

માણસ માત્રનું હુબહુ ચિત્ર દેવનો સેવક યશાયા ઠીક શબ્દોમાં આપે છે.''આખું માથુ રોગિષ્ટ અને આખું હૃદય નિર્ગત છે. પગના તળિયાથી તે માથા સુધી કોઈપણ ભાગ સાજો નથી. કેવળ ઘા, સોળ તથા પાકેલા જખમ છે. તેમને દાબીને તેમાંથી પરૂ કાઢવામાં આવ્યું નથી; તેમના પર પાટા બાંધવામાં કે તેમને તેલથી નરમ કરવામાં આવ્યા નથી. ''યશા. ૧:૫-૬

માનવીની આવી પરિસ્થિતીના કારણે તે હતાશ લાચાર અને બેજાર બની ગયું છે. જુઓ, રૂમીઓને લખેલા પાઉલ પ્રેરિતના પત્રમાં ૫:૬,૮,૧૦ મુજબ આપણે નિર્બળ હતાં. આપણામાં કોઈ શક્તિ હતી નહિ; તેમ કંઈપણ કરી શકવાની હિંમત નહોતી.

આપણે પાપી હતાં. પાપના ચીકણા કાદવમાં ખૂંપી ગયેલાં હતાં. નીકળવાનો કોઈ આરો નહોતો.

આપણે દેવના શત્રુ હતાં. તેની સામે ટકવાને કે ઉભા રહેવાને યોગ્ય નહોતાં. ત્યારે ....

''દેવે જોયું કે કોઈ માણસ નથી, અને કોઈ મધ્યસ્થ નથી; તે જોઈને તે વિસ્મય પામ્યો, અને તેણે પોતાને સારૂ પોતાને હાથે તારણ સાધ્યું; અને તેનું પોતાનું ન્યાયીપણું તે તેનો આધાર થયું.''યશા. ૫૯:૧૬.

એ કેવી રીતે?..... ''આપણા અપરાધોને લીધે તે વીંધાયો, આપણાં પાપોને લીધે તે કચડાયો, આપણને શાંતિ પ્રાપ્ત કરાવવાને માટે તેને શિક્ષા થઈ, અને તેના સોળથી આપણને સાજાપણું મળ્યું છે. આપણે સર્વ ઘેટાંની પેઠે ભટકી ગયાં છીએ, દરેક પોતપોતાને માર્ગે વળી ગયો છે, અને યહોવાહે તેના પર આપણાં સર્વનાં પાપનો ભાર મૂક્યો છે.... તેના મુખમાં કપટ નહોતું.... તેણે તો ઘણાઓનાં પાપ માથે લીધાં અને અપરાધીઓને સારૂ મધ્યસ્થી કરી.''યશા. ૫૩ આખો અધ્યાય વાંચો; મનન કરો. તે તમારે માટે છે. તમારા ઉધ્ધાર માટે છે.

હવે એજ પ્રભુ દેવના મહાન સેવક યશાયાની ચેતવણી સાંભળો;.....''હે આકાશો સાંભળો, હે પૃથ્વી કાન દે, કેમકે યહોવા દેવ બોલ્યો છે; મેં છોકરાંને ઉછેરીને મોટાં કર્યા છે, પણ તેઓએ તો મારી વિરૂધ્ધ ફિતુર કર્યું છે. બળદ પોતાના માલિકને ઓળખે છે, અને ગધેડો પોતાના ધણીની ગભાણ જાણે છે; પણ ઈસ્રાએલ જાણતો નથી; મારા લોક વિચાર કરતા નથી.

અરે, પાપ કરનારી પ્રજા, અન્યાયથી લદાએલા લોક, પાપ કરનારાં સંતાન, વંઠી ગયેલાં છોકરાં; તેઓએ યહોવાનો ત્યાગ કર્યો છે. તેઓએ ઈસ્રાએલના પવિત્ર દેવને ધિક્કાર્યો છે. તેઓ વિમુખ થઈને પાછા ફરી ગયા છે. ''યશા. ૧ : ૨ - ૪

એજ ભયસૂચક નાદ અને ભયંકર ચેતવણી યિર્મેયાહ પ્રબોધક તેના હૃદયના ઉંડાણથી રડીને પોકારે છે, કે ''શું કોઈ પડે તે ફરીથી નહિ ઉઠે? શું કોઈ ફરે તે પાછો ઠેકાણે નહિ આવે ? તો યરૂશાલેમના આ લોક પાછા હઠયા છે, તે હંમેશને માટે કેમ પાછા પડી ગયા છે ? મેં ચિત્ત દઈને સાંભળ્યું પણ તેઓ યથાયોગ્ય બોલ્યા નહિ. મેં આ શું કર્યું છે ? એમ કહીને કોઈ પણ પોતાની દુષ્ટતાનો પશ્ચાતાપ કરતો નથી. જેમ લડાઈમાં ઘોડો વેગથી ધસે છે, તેમ તેઓમાંનો દરેક પોત પોતાના માર્ગમાં આગળ ધસી જાય છે. વાયુચર બગલો પણ પોતાનો નીમેલો વખત જાણે છે, હોલો, અબાબીલ તથા સારસ પોતપોતાનો આવવાનો સમય સાચવે છે,

પણ મારા લોક યહોવાહનો નિયમ સમજતા નથી.'' યિર્મે. ૮:૪-૭.

આજે માનવી સમક્ષ અનેક પ્રશ્નો અને મુંઝવણો છે. અગાઉના સર્વ સમયો કરતાં આજનો સમય વધારે ભયજનક, અસ્થિર અને લપસણો છે. સૌથી વધારે ઘેરા અંધકારનો આ સમય છે. દહાડા ભૂંડા છે. કેમકે, રાજ્ય રાજ્યની વિરૂધ્ધ, પ્રજા પ્રજાની વિરૂધ્ધ, લડાઈઓ, મારામારી અને કાપાકાપી; દુકાળો - ભૂખમરો, મરકી અને રોગચાળા, ઠેરઠેર ધરતીકંપ અને ઉલ્કાપાતો, અકસ્માતો અને હોનારતોના સમાચારો દરરોજ સવારે ઉઠતાંજ પગ ઢીલા કરી નાખે છે. તેમ છતાં ભાઈભાઈની વિરૂધ્ધ, પાડોશી સાથેના ઝગડા, માલમિક્ત અને અનેક પ્રકારના કોર્ટ કચેરીના દાવા અને મુકદમા વગેરે અનેક પ્રકારની મુસીબત મુંઝવણોની વણઝારમાં માણસ સવારથી સાંજ સુધી ઘસડાતું તણાતું રહે છે. દહાડો દહાડાને ખાતો આવે છે.ત્યારે માનવીને પોતાનું દુઃખ રડતાં પણ આવડતું નથી. તેનું મન જડ બની ગયું છે. દુઃખને નહિ ગણકારવા શરાબ, અફીણ, ગાંજા - ચરસ અને માદક વાનાંઓની પાછળ દોડે છે. રાહત મેળવવાની ઘલેછામાં વધારે ઊંડા કાદવમાં ખૂંપે છે.

આધી-વ્યાધી, રોગ દુઃખ માંદગી સાથે ઘરકુટુંબની અશાંતિ, બાળકોની ઉધ્ધતા છે, પતિ-પત્નિના ખટરાગ, ઘરેઘર વ્યાપી ગયા છે. કારણ કે આ છેલ્લા સમયનાં એંધાણ અને સંકટો છે. કેમ કે, ''માણસો સ્વાર્થી, દ્રવ્યલોભી, આપવડાઈ કરનારા, ગર્વિષ્ટ, નિંદક, માબાપનું સન્માન નહિ રાખનારાં, કૃતધ્ની, અધર્મી, પ્રેમરહિત, ક્રૂર, બટ્ટો મુક્નારાં, સંયમ ન કરનારાં, નિર્દય, શુભદ્વેષી, વિશ્વાસઘાતી ઉદ્ધત, મદાંધ, દેવ પર નહિં પણ વિલાસ પર પ્રીતિ રાખનારાં, ભક્તિભાવનું ડોળ દેખાડીને દેવના સામર્થ્યનો સ્વીકાર નહિ કરનારાં થશે.'' ૨ તીમોથી ૩:૧-૫

આદમ, તું ક્યાં છે ? મિત્ર, તમે ક્યાં છો ? ''તમારા માર્ગો વિષે વિચાર કરો. તમે વાવ્યું છે તો બહુ, પણ ઘેર થોડુંજ લાવ્યા છો. તમે ખાઓ છો, પણ ધરાઈને નહિ; તમે પીઓ છો, પણ પીવાથી તૃપ્ત થતાં નથી. તમે વસ્ત્રો પહોરો છો, પણ કોઈમાં ગરમી આવતી નથી. વળી જે

માણસ કમાણી કરે છે, તે માણસ પોતાની કમાણી કાણી કોથળીમાં નાખે છે, સૈન્યોનો દેવ યહોવાહ કહે છે કે તમારા માર્ગો વિષે વિચાર કરો.''હાગ્ગાય ૧:૫-૭

તમે કયા રસ્તા પર છો? તમારાં સાથી કોણ છે? તમારા અનુભવ કેવા છે? તમને શાની ઉણપ-કમી છે? તમે શું શોધો છો? તમે અશાંત છો? તમારી ગભરામણ શી છે?

મિત્ર, ગમે તે હોય....તમને ઈલાજ અને જેની તમારે આ સમયે સૌથી વધારે અગત્ય અને જરૂર છે, તેની પ્રભુ તમને જાણ કરાવે છે. એ મહાન મિત્ર છે. તે મહાન પરાક્રમી અને વિજેતા છે. તેણે જગતને જીત્યું છે. જુઓ તે શું કહે છે, ''જગતમાં તમને સંકટ છે, પણ હિંમત રાખો; મેં જગતને જીત્યું છે. ''યોહાન ૧૬:૩૩

તે અતિ પરાક્રમી દેવ અને સનાતન પિતા છે. તે અદ્‌ભુત મંત્રી સલાહકાર અને શાંતિનો સરદાર છે. યશા. ૯:૬ તેની શાંતિ સર્વ સમજણ શક્તિની બહાર છે. તે ઈસુ ખ્રિસ્ત પોતે છે. તે તમારાં હૃદયોની અને મનોની સંભાળ રાખશે. ફિલીપી ૪:૭

એ જ ઈસુ ખ્રિસ્ત જેણે આખા જગતનાં અને તમારાં - મારાં પાપોની ખંડણી ચૂકવવા, રાજીખુશીથી બલિદાનનું હલવાન બનીને વધસ્થંભ પર આપણા વતી પોતાનું લોહી વહેવડાવીને આપણાં મધ્યસ્થી બન્યા; જેથી પાપથી આપણો છુટકારો થાય.

''તે તમને ઠોકર ખાતાં બચાવવા અને પોતાના ગૌરવની સમક્ષ તમને પરમાનંદસહિત નિર્દોષ રજુ કરવાને સમર્થ છે. એટલે આપણો તારનાર જે એકલો દવે છે, તેને ગૌરવ, મહત્વ, પરાક્રમ તથા અધિકાર અનાદિકાળથી હમણાં તથા સર્વકાળ સુધી હોજો. આમેન.''યહુદા ૨૪-૨૫

જુઓ, તે તમને બોલાવે છે.''ઓ વૈતરૂ કરનારાઓ તથા ભારથી લદાએલાઓ, તમે સઘળા મારી પાસે આવો; અને હું તમને વિસામો આપીશ. મારી ઝુંસરી તમે પોતા પર લો, અને મારી પાસે શીખો. કેમ કે

હું મનમાં નમ્ર તથા રાંકડો છું, અને તમે તમારા જીવમાં વિસામો પામશો. કેમ કે મારી ઝુંસરી સહેલ છે, અને મારો બોજો હલકો છે.''

માત્થી ૧૧:૨૮-૩૦

તે તમારા પર પ્રેમ કરે છે. ''જુઓ, હું બારણા આગળ ઉભો રહીને ઠોકું છું; જો કોઈ મારી વાણી સાંભળીને બારણું ઉઘાડશે, તો હું તેની પાસે માંહે આવીને તેની સાથે જમીશ, અને તે મારી સાથે જમશે.''પ્રક્ટી. ૩:૨૦

જીવનનો સ્વામી, પ્રભુ ઈસુ ખ્રિસ્ત પોતે તમારામાં અને તમારા ઘરમાં આવવા અને તમારી સાથે જમવા તથા રહેવા માગે છે. કેવી ધન્ય ઘડી ! કોણ ચૂકશે એ ધન્ય પળ!

જગતનું અજવાળુ, જીવનની રોટલી, જીવનનું જળ, પુનરૂત્થાન તથા જીવન, રસ્તો-સત્ય તથા જીવન હું છું, એવા અદ્‌ભૂત દાવા કરનારને તમે સ્વીકારો અને તમારા જીવનને ધન્ય બનાવો. તે રાત અને દિવસ તમને ઝંખે છે; બોલાવે છે. તમારા હૃદયનું બારણું ખટખટાવે છે. ગી.ગી. ૫:૨ વાર લગાડશો નહિ, બહાનાં કાઢીને મોકો ગુમાવશો નહિ. ૫:૩-૭ તમે જ તમારા જીવનના દુશ્મન બનશો નહિ. તમારૂં હિત તમારા હાથમાં છે.

## ૩. ખ્રિસ્તી કુટુંબ

આ પૃથ્વી પર કુટુંબ એ દેવ યોજીત છે. માનવ જીવનની એ વ્યવસ્થા છે. આ વ્યવસ્થાના માળખામાં રહીને માનવ જીવન ખીલે-ફાલેફુલે અને વિકાસ હાંસલ કરે, એ દેવની ઈચ્છા હતી અને છે. દેવે કુટુંબને આશીર્વાદિત કર્યું છે. દેવ પોતે કુટુંબમાં અને કુટુંબની પ્રત્યેક વ્યક્તિમાં સાથે રહે છે.

કુટુંબ એટલે આકાશની આ પૃથ્વી પરની પ્રતિછાયા છે. આકાશમાં જ્યોતિ મંડળનું પ્રકાશિત કુટુંબ દેવે બનાવ્યું છે. આ પ્રકાશના કુટુંબના મુખ્ય અને વડા તરીકે સૂર્યને ઠરાવ્યો; એ સૂર્યના પ્રકાશને ઝીલી તેને પાથરતી ચંદ્રિકા બનાવી. સાથે તારા મંડળ પણ આપ્યું. જ્ઞાનીઓ અને કવિઓએ આ ગગન મંડળને કુટુંબની ઉપમા આપી છે. આ પ્રકાશના કુટુંબની હુબહુ પ્રતિછાયા તે પૃથ્વી પરનું માનવકુટુંબ છે. પતિ-પત્નિ અને બાળકો તેઓ જગતનો પ્રકાશ છે. પ્રત્યેક વ્યક્તિ પોતાંના જીવનનું અજવાળુ જગત પર પાથરે છે. માટે જ પ્રભુ ઈસુ ખ્રિસ્તે ઉપમા આપી, કે ''તમે જગતનું અજવાળુ છો.'' માત્થી ૫:૧૪

કુટુંબ એ જુથ બળ છે. સંગઠનનું બળ અને શક્તિ એ બહુ મોટી તાકાત છે. કુટુંબ એટલે, વિચાર-વાણી અને વર્તનના સામ્યનું અજોડ એકમ છે. માટે જ આદમ માટીનો બનાવાયો, પણ હવા તેના હાડકાં તથા માંસમાંથી લેવાઈ અને બનાવાઈ. ઉત્પતિ ૨:૨૨-૨૩

માટે પૃથ્વી પરનું કુટુંબ એ સ્વર્ગમાંના પ્રેમ-આનંદ અને શાંતિના' પ્રતિકરૂપ બન્યું. આવાં અનેક કુટુંબનું વિશાળ જુથ એ સમાજ બને છે. સમાજ એ વિશાળ કુટુંબ છે. સમાજ મહાન શક્તિ છે. ઘણા સમાજના એકમ મળીને ગામ-પ્રાંત-દેશ અને આખું જગત બને છે.

આકાશ ગગનમાં પ્રકાશનું કુટુંબ કેવું ઝગારા મારતું ગગનને રૂપાળું બનાવે છે, તેમજ જગતને પણ પ્રકાશ આપે છે. તેમ જગત પરનું માનવી કુટુંબ પણ જગતને રૂપાળું બનાવવા સારૂ છે.

ત્યારે કુટુંબ અને તેની પ્રત્યેક વ્યકિત માટે ચોક્કસ ફરજો અને

મર્યાદાઓ પણ છે. એ ફરજો બજાવવી, તેને પૂર્ણ કરવી એજ માનવીનો ધર્મ છે. ધર્મ એ કોઈ સંસ્થા - પંથ અગર ક્રિયા - કર્મનું જ્ઞાન કે જાણકારી નથી. ધર્મ એ તો રોજના માનવી જીવનનો વ્યવહાર છે. એ વ્યવહારમાં યોગ્ય કર્તવ્યનિષ્ઠ બનવું એ ધર્મપાલન ગણાય. આવા ધર્મપાલન અને કર્તવ્યનિષ્ઠતા માટે સૌ પ્રથમ મનુષ્ય માત્રને જાણવાની એ જરૂર છે, કે તે પોતે પોતાનાં નથી. માનવી માત્ર પ્રભુ પરમેશ્વરની કૃતિ છે. તેથી પ્રત્યેક જીવ, પુરુષ - સ્ત્રી - બાળક દરેક ઈશ્વરનાં છે. ''જુઓ, સર્વ જીવો મારા છે; જેમ પિતાનો જીવ તેમજ પુત્રનો જીવ પણ મારો છે. જે જીવ પાપ કરશે તે માર્યો જશે.'' હઝ. ૧૮:૪. આપણે દેવનાં છીએ. દેવની માલિકીનાં છીએ. પરંતુ દેવની ઉદારતાએ માણસને તેનું ગુલામ નથી રાખ્યું. તે તો માનવીને પોતાના મિત્ર તરીકે ગણે છે. યોહા. ૧૫:૧૫. માટે માણસને તેની પોતાની આગવી અને સ્વતંત્ર ઈચ્છા શક્તિ આપી છે. જેથી તે પોતે પોતાની રીતે વર્તે.

પરંતુ આવી સ્વતંત્રતાથી માનવીને સ્વચ્છંદતા તરફ વળવાને કોઈ કારણ કે ઉત્તેજન નથી. પોતાની સ્વેચ્છા હોવા છતાંય પોતાના માલિક અને ઉત્પન્ન કર્તા પ્રભુ દેવની ઈચ્છાને માન આપી તેની દોરવણી પ્રમાણે વર્તવું એ માનવીનું ડહાપણ અને જ્ઞાનપૂર્ણ ધર્મ ગણાય. એમાં માનવીનું વધારે કલ્યાણ છે. જુઓ, ''અને હવે, હે ઈસ્રાએલ, તું યહોવાહ તારા દેવનો ડર રાખે, તેના સર્વ માર્ગોમાં ચાલે, અને તેના પર પ્રીતિ કરે, અને તારા પૂરા અંતઃકરણથી તથા પૂરા જીવથી યહોવાહ તારા દેવની સેવા બજાવે; અને યહોવાહની જે આજ્ઞાઓ, તેના વિધીઓ, હું તારા હિતાર્થે આજે તને ફરમાવું છું તે તું પાળે, તે સિવાય યહોવાહ તારો દેવ, તારી પાસે શું માગે છે ?'' પુનાર્નયમ ૧૦:૧૨-૧૩.

એટલા માટે, આખા નિયમશાસ્ત્રના સાર રૂપે માત્ર બે જ આજ્ઞાઓ આપવામાં આવી છે.

પહેલી, '' તારા પૂરા હૃદયથી, અને તારા પૂરા જીવથી, અને તારી પૂરી બુદ્ધિથી, અને તારા પૂરા સામર્થ્યથી, પ્રભુ તારા દેવ પરતું પ્રીતિ કર.'' અને બીજી એ છે, કે ''જેમ તું પોતા પર પ્રીતિ કરે છે, તેમ તારા

પડોશી પર પ્રીતિ કર.'' તેઓ કરતાં બીજી કોઈ મોટી આજ્ઞા નથી. તેઓ સર્વ સકળ દહનિયાર્પણ તથા યજ્ઞ કરતાં પણ અધિક છે.
માર્ક ૧૨:૩૦-૩૩

પડોશી એટલે નજીકનાં અને આઘેનાં સર્વ માનવી, જ્યાં આપણે પહોંચી શકીએ, સંપર્કમાં આવી શકીએ, પ્રત્યક્ષ અગર અપરોક્ષ રીતે; તેઓ સર્વ આપણાં પાડોશી ગણાય. ''વિધવાઓની અને અનાથોની તેઓના દુઃખની વખતે મુલાકાત લેવી અને જગતથી પોતાને નિષ્કલંક રાખવાં, એ જ દેવની એટલે બાપની આગળ શુદ્ધ તથા નિર્મળ ધાર્મિકતા છે.''યાકુબ ૧:૨૭

હવે જગતના સૌથી મહાજ્ઞાનીની વાત જુઓ, અને સાંભળો, ''વાતનું પરિણામ તે આ છે; દેવનું ભય રાખ. અને તેની આજ્ઞાઓ પાળ; દરેક માનવીની સંપૂર્ણ ફરજ એ છે. કેમ કે દરેક ભલી કે ભૂંડી ગુપ્ત વાત સુદ્ધાં, દરેક કામનો દેવ ન્યાય કરશે.'' સભા, ૧૨:૧૩:૧૪. આ છે સાચો ધર્મ. એ છે માત્ર ખ્રિસ્તી ધર્મ.

ખ્રિસ્ત ઈસુના પગલે ચાલનાર કદી કોઈ નાશ પામ્યું નથી. કારણ તે એકલાજ જીવનનો સ્વામી છે. તે એકલા જ તારણ સાધક છે. માત્ર તેમના એકલામાં જ મોક્ષ પ્રાપ્ત થઈ શકે છે. તે એકલા જ પ્રભુ છે. તે પ્રભુઓના પ્રભુ, દેવોના પણ દેવ અને રાજાઓના રાજા છે. ''બીજા કોઈથી તારણ નથી; કેમ કે જેથી આપણું તારણ થાય, એવું બીજું કોઈ નામ આકાશ તળે માણસોમાં આપેલું નથી.'' પ્રેરિ. ૪:૧૨. એટલા માટે, ''આકાશમાંનાં, ભૂમિ પરનાં તથા ભૂમિ તળેનાં સર્વ ઈસુના નામે ઘૂંટણે પડીને નમે; અને દેવ બાપના મહિમાને અર્થે દરેક જીભ કબુલ કરે કે ઈસુ ખ્રિસ્ત પ્રભુ છે.'' ફિલીપી ૨:૧૦-૧૧.

આ જગતમાં ખ્રિસ્તી બનવું અને હોવું, એ સૌથી વિશેષ કિંમતી અને મહત્વનું છે. એ અદ્વિતિય અને અકલ્પ્ય એવો આનંદ છે. એ જ જીવનની સંપૂર્ણ સાર્થકતા છે. 'કેમ કે જો કોઈ માણસ આખું જગત મેળવે અને પોતાનો આત્મા ખોએ અથવા તેની હાની પામે તો તેને શો લાભ!
લુક ૯:૨૫

જગત અને તેનાં વાનાં નાશવંત છે. જગતનાં ક્ષણીક સુખ-આનંદ ખાતર આત્માને અનંતકાળના દુઃખ અને નાશમાં ધકેલી દેવાની મુર્ખાઈ કે ભૂલ મૂર્ખ પણ ન કરે.

શું તમે ખ્રિસ્તી છો ? ઈસુ ખ્રિસ્તને તમારા જીવનના અગ્રેસર અને સ્વામી બનાવ્યા છે ? ખ્રિસ્ત ઈસુને તમારા હૃદયની ગાદી પર બેસાડો અને જુઓ, જગત આખું તમારી કદમબોસી કરશે. ખ્રિસ્તને તમારા હૃદયની બહાર રાખશો, તો શેતાન તમને આખા જગતના પગ ચાટતા બનાવશે. તમે પસંદ કરો.તમારી ઈચ્છાશક્તિ તમને તારશે અથવા ડૂબાડશે.

જુઓ, સંત યોહાન શીખ અને સમજણ આપે છે; "મારાં બાળકો, તમે પાપ ન કરો માટે હું તમને આ વાતો લખું છું. જો કોઈ પાપ કરે તો બાપની પાસે આપણો મધ્યસ્થ છે, એટલે ઈસુ ખ્રિસ્ત જે ન્યાયી છે તે; અને તે આપણાં પાપનું પ્રાયાશ્ચિત છે; અને કેવળ આપણાજ નહિ પણ આખા જગતનાં પાપનું તે પ્રાયાશ્ચિત છે. આપણે તેની આજ્ઞાઓ પાળીએ તો એ ઉપરથી આપણને માલુમ પડે છે કે આપણે તેને ઓળખીએ છીએ. જે કહે છે કે હું તેને ઓળખું છું, પણ તેની આજ્ઞા પાળતો નથી, તે જૂઠો છે; અને તેનામાં દેવ પરનો પ્રેમ ખરેખર સંપૂર્ણ થયો છે. એથી આપણે જાણીએ છીએ કે આપણે તેનામાં છીએ. હું તેનામાં રહુ છું. એમ જે કહે છે, તેણે જેમ તે ચાલ્યો તેમ જ ચાલવું જોઈએ" ૧યોહા ૨:૧-૬.

માનવી જીવન માટે આ નમૂનો અને આદર્શ છે. પ્રભુ ઈસુ ખ્રિસ્ત આપણા અગ્રેસર અને આપણી દોડનું લક્ષ્ય છે. તેને અનુસરીએ તો આ જગતમાં આપણને ઠોકર ખાવાનું કોઈ કારણ નથી. બલ્કે તેનામાં આપણે માટે ઉભરાતા અને છલકાતા આશીર્વાદો જ છે.

કારણ કે, " તે તારાં સઘળા પાપ માફ કરે છે, અને તારા સર્વ રોગ મટાડે છે. તે તારો જીવ નાશથી બચાવે છે; અને તને કૃપા તથા રહેમનો મુગટ પહેરાવે છે. તે ઉત્તમ વસ્તુથી તારા મોઢાને તૃપ્ત કરે છે, જેથી ગરૂડની પેઠે તારી જુવાની તાજી કરાય છે." ગીત. ૧૦૩-૨-૫.

વળી, ''યહોવાહ મારો પાળક છે, તેથી મને કશી ખોટ પડશે નહિ. તે લીલાં બીડમાં મને સુવાડે છે; તે શાંત પાણીની પાસે મને દોરી જાય છે. તે મારા આત્માને તાજો કરે છે; પોતાના નામની ખાતર તે મને ન્યાયીપણાના માર્ગમાં ચલાવે છે. જો કે મરણની છાયાની ખીણમાં હું ચાલું, તો યે હું કંઈપણ ભૂંડાઈથી બીશ નહિ; કેમકે તું મારી સાથે છે.

તારી લાકડી તથા તારી છડી મને દિલાસો દે છે; મારા શત્રુઓ દેખતાં તું મારે વાસ્તે ભાણું તૈયાર કરે છે. તેં મારા માથા પર તેલ ચોળ્યું છે, મારો પ્યાલો ઉભરાય જાય છે.

નિશ્ચે મારી જીંદગીના સર્વ દિવસો પર્યંત ભલાઈ તથા દયા મારી સાથે આવશે; અને હું સદાકાળ સુધી યહોવાહના ઘરમાં રહીશ.'' ગીતશાસ્ત્ર ૨૩ કેવું આશીર્વાદમય જીવન! કેવી શાંતિ અને નિરાંત।

ત્યારે શું તમારા આત્માનો આ અવાજ છે ? જો, ના હોય તો અહીં ઉપાય છે.

''હે મારા આત્મા તું કેમ ઉદાસ થયો છે ? તું કેમ ગભરાયો છે ? તું દેવની આશા રાખ; કેમ કે જે મારા મુખનું તારણ તથા મારો દેવ છે, તેનું હું હજી સ્તવન કરીશ.'' ગીત. ૪૨:૧૧ ''યહોવાહની વાટ જો; બળવાન થા, અને હિંમત રાખ; હા યહોવાહની વાટ જો.'' બળવાન થા, અને હિંમત રાખ; હા યહોવાહની વાટ જો.'' ગીત. ૨૭:૧૪.

''જેમ પાણીનાં નાળાંને સારૂ હરણ તલપે છે; તેમ હે દેવ, તારે સારૂ મારો આત્મા તલપે છે. દેવ, હા, જીવતા દેવને સારૂ મારો આત્મા તલખે છે. હું ક્યારે દેવની આગળ હાજર થઈશ? ૪૨:૧-૨. જો તમારી આવી તડપ છે, તો

પ્રભુ ઈસુ ખ્રિસ્ત પાસે આવનાર કદી કોઈ નિરાશ થયું નથી અને થતું પણ નથી. તે તરત તમારો સ્વીકાર કરશે. તે તમારો સાથી બનશે.

ખ્રિસ્તી કુટુંબ એટલે, જેનો અધીપતિ ખ્રિસ્ત છે. કુટુંબની પ્રત્યેક વ્યકિતમાં ખ્રિસ્ત ઈસુ-પ્રભુના દર્શન થાય છે.

# ૪. કૌટુંબીક વ્યક્તિઓ

કુટુંબનું અસ્તિત્વ બે વિભિન્ન વ્યક્તિઓથી થાય છે. પુરુષ અને સ્ત્રી. તેઓ બંન્ને પુખ્ત વયનાં હોવાં જરૂરી છે. તેઓના વિચાર-વાણી અને વર્તનના સામ્ય માટે સંસ્કાર અને ધર્મનું સામ્ય હોવું આવશ્યક છે. જે કૌટુંબીક ઝુંસરીએ પુરુષ અને સ્ત્રી જોડાય છે તે માટે આ પ્રાથમિક પણ બહુ અગત્યની બાબત છે. આવી જોડ વચ્ચે સામ્યતા ન હોય તો તે કજોડ ગણાય છે. તેઓ વચ્ચે સંપ અને સ્નેહ ન રહે. માટે જ ધર્મશાસ્ત્રમાં શીખવ્યું છે કે ''અવિશ્વાસીઓની સાથે અઘટીત સબંધ ન રાખો.'' ૨ કરંથી ૬:૧૪ આ નિયમ કુદરતનો પણ છે. ઝાડપાન -લીલોતરીમાં અમુક પ્રકારનું સામ્ય ધરાવતાં ઝાડપાનનાં જુથ એક સાથે જોવાય છે.

પશુપક્ષીઓમાં પણ એ જ ક્રમ અને નિયમ છે. કાગડા અને કબુતરના મેળ મળે નહિ. ત્યારે માનવી જે વધારે સમજદાર છે, અને જેને આખા જગતનો ઉપભોગ કરવાનો અને અમલ ચલાવવાનો છે, તેને પોતાની જોડ કેટલી વિશેષ અનુરૂપ અને અનુકુળ હોવી ઘટે.

વળી પુરુષ અને સ્ત્રી એકબીજાના અર્ધાઅંગ છે. તેઓ એકબીજાનાં પૂરક અંગો છે એકબીજાનાં સહાયક છે. જગતના વ્યવહાર અને કારોબારમાં પુરુષ મૂખ્ય કાર્યકર્તા છે, અને સ્ત્રી તેની મદદનીશ સહાયકારી છે. એ ઈશ્વર યોજના હતી માટે પ્રભુ પરમેશ્વરે આદમને અનુકુળ સહાયકારી આપી. ઉત્પતિ ૨:૧૮. બંન્નેના સામ્ય અને ઐક્યતા માટે જ દેવે નરમાંથી નારી બનાવી. ઉત્પતિ ૨:૨૧-૨૩.

તેથી, જ્યારે પણ નવું કુટુંબ બંધાતું હોય, ત્યારે આ બાબતને મોટું મહત્વ આપવું બહુ જરૂરી છે. તંદુરસ્ત જગતની રચના માટે અતિ આવશ્યક છે. જે બે વ્યક્તિ પુરુષ અને સ્ત્રી કુટુંબની ઝુંસરીએ જોડાય છે, તેઓએ આ બાબતને વિષેશ મહત્વ આપવું, એ તેમની પ્રથમ ફરજ છે. આ બાબત વગર બીજી બધા પ્રકારની પસંદગી, પછી તે રૂપ-રંગ,

શિક્ષણ, માલમિલ્કત, મોહ માયા, કે ગમે તે લાલચ હોય, પણ તે સર્વ ગૌણ અને નકામા પુરવાર થશે. ફોર્ડ મોટર ગાડીના યાંત્રિક દાગીના ફોર્ડના જ જોઈએ. બીજી કોઈપણ બનાવટના દાગીના બંધ બેસે નહિ. એમ માનવી કુટુંબના વ્યવહારમાં પણ કૂળ-ગોત્ર, ધર્મ અને તેનું સમાન શિક્ષણ તેમજ વિશ્વાસ અને માન્યતાની સમાનતા હોવાં વધારે અનુકુળ અને ઉપયોગી છે. એ ઈશ્વરી યોજના અને વ્યવસ્થા છે. એ શાસ્ત્રોક્ત રીતે છે. ઘરડાં અને અનુભવીઓને એ વ્યવહાર હતો. જુઓ, ઈબ્રાહીમે પોતાના દીકરા ઈસ્હાક માટે સ્ત્રી પસંદ કરવા અપનાવેલી રીત અને વિગત ... ઉત્પતિ ૨૪.

તંદુરસ્ત કુટુંબ - સમાજ અને જગત માટે આ બાબત બહુ ઉપયોગી અને અગત્યની છે.

લગ્ન એટલે બે વ્યક્તિ પુરુષ અને સ્ત્રી સંગઠીત જીવન જીવે માટેનું જોડાણ છે. આવું જોડાણ સમર્પણ વગર ન થાય. સમર્પણ ત્યાગ માગે છે. ત્યાગ, પ્રેમ વગર બની શકે જ નહિ. પુરુષ અને સ્ત્રી બંન્ને પોત પોતાનાં તરફનાં બધાંનો ત્યાગ કરીને, તેઓ એકબીજાંને સ્વાર્પણ થાય છે. જીવનના તડકા-છાંયાના ભાગીદાર બનવા વફાદારીના કોલ-વચન આપે છે.

એથી શ્રેષ્ઠ સ્વાર્પણનો બીજો ક્યો નમૂનો હોય શકે ? એટલે જ એ માત્ર બે દેહ કે જીવનાં જોડાણ કરતાં વિષેશ બે આત્માનાં જોડાણ છે. આત્મા અમર છે. લગ્ન જીવન પણ અતૂટ છે. એને ન તોડવા માટે ઈશ્વરી મનાઈ હુકમ છે. માત્થી ૧૯:૬ આવા લગ્નજીવન દ્વારા પતિપત્નિ બંન્ને સાથે રહીને પોતાના જીવનનું ક્લાયણ સાધે છે.

હવે પુરુષ તે કુટુંબની મુખ્ય વ્યક્તિ છે. તે પત્નિનું શિર છે. કુટુંબનો તે વડો છે. કુટુંબના પાલન પોષણની સર્વ જવાબદારી તેની છે. કુટુંબની વ્યાવહારીક અને આત્મિક જવાબદારી પણ તેના જ શીર છે. આદયાત્મિક બાબતોમાં તે ઈશ્વરના પ્રતિનિધી તરીકે કુટુંબનો ધર્મયાજક છે. કુટુંબના આધ્યાત્મિક જીવનના વિકાસની જવાબદારી તેના શીર છે.

આવી મોટી જવાબદારી વહન કરનાર કુટુંબના વડા તરીકે પ્રત્યેક

પતિ પોતાના જીવનમાં ધીર-ગંભીર, ઘડાએલો અને ઠરેલ તેમજ જ્ઞાની અને વ્યવહારકુશળ હોવો જોઈએ. પોતાના ખાનગી જીવનમાં ચોક્કસ અને બીજાંને ઠોકર ખાવાનું અથવા આંગળી ચીંધવાનું કારણ ન આપે તેવું હોવું જોઈએ. ન્યાય અને નેકી નીતિથી કમાણી કરીને પોતાના કુટુંબનું યોગ્ય પોષણ કરનાર બનવું એ અનિવાર્ય - જરૂરનું છે.

પત્નિ તથા બાળકોને દુન્યવી વ્યવહારમાં અને આધ્યાત્મિક બાબતોમાં યોગ્ય રીતે દોરનાર અને હંમેશા તેમની પડખે રહેનાર હોવો જોઈએ.

પોતાના ઘરમાં ભજન ભકિત અને પ્રાર્થના આરાધનાની વેદી સળગતી રાખી પોતે ધર્મયાજક તરીકેની સંપૂર્ણ ફરજ અને જવાબદારી ઉપાડનાર; તેમજ કુટુંબના ધાર્મિક જીવન માટે પૂરેપૂરી તકેદારી અને નજર રાખનાર સજાગ પુરુષ હોવો જોઈએ. તેની સઘળી હિલચાલ અન પ્રવૃતિ પોતાના કુટુંબમાં અને આડોશી પાડોશી, સમાજમાં અને સંપર્કમાં આવનાર સર્વ સાથે ગણના પાત્ર અને માન યોગ્ય હોય તેવા બનવું અને હોવું જરૂરી છે. જ્ઞાનમાં અને ડહાપણમાં નોંધપાત્ર બનવું. કુટુંબના વડા બનવા, પ્રભુ દેવ દરેક પુરુષને એવા પતિ બનવાનો અનુરોધ કરે છે. તમને સર્વ પ્રકારની યોગ્યતામાં દોરવા અને ચલાવવા પ્રભુ તમારી પડખે છે. તેની દોરવણી માગો.

પત્નિ, પોતાના પતિની સહાયકારી છે. પતિની લાયકાત અને યોગ્યતા જે આગળ બતાવી તે સર્વમાં પત્નિ મદદનીશ અને અનુરૂપ બને. પતિની પડખે રહીને તેની પ્રસંશક બને. ધાર્મિક અને યોગ્ય પતિને અનુકુળ થવા પત્નિ પણ એવી જ બને. રથનાં બે ચક્રોએ એક જ ધરીમાં રહીને, એક જ દિશામાં ફરવું પડે; તો જ રથ સરળ અને વેગથી દોડે, અને ધારેલી મંઝિલે પહોંચાડે.

પત્નિએ ઘરની સર્વ જવાબદાર ઉપાડી લેવાની છે. પોતાના પતિની સેવા અને દેખભાળ, પ્રેમ અને સન્માન સહિત કરવી એ તેની ફરજ છે. કારણ પતિ શિર છે અને પત્નિ અંગ છે. પત્નિ પોતાના પતિની અર્ધાંગની છે. મરતાં સુધી તેઓ બે મટીને એક થયાં છે. પત્નિ પોતાના પતિની

આધિનતા સ્વીકારે એ પ્રભુ દેવની આજ્ઞા છે. ઉત્પતિ ૩:૧૬.

સ્ત્રી ઘરની સઘળી જવાબદારી અને સેવા ઉપાડી લેવા ઉદ્યમી બને. તે પોતાના ઘરની, પતિની અને બાળકોની સંભાળ રાખે. તેમની સેવા અને દેખભાળ કરે. પોતાના ઘરનાં માણસોની ચાલ ચલગતની બરાબર ચોક્સાઈ અને દેખરેખ રાખે, જેથી પ્રેમથી તે સર્વને યોગ્ય માર્ગે ચલાવે.

સંયમી- મિતાહારી જીવન જીવનારી તેમજ મોજશોખ, રૂપરંગ, અલંકાર અને વસ્ત્રોની ઘેલછામાં ન પડતાં મર્યાદા યુક્ત અને શોભતું જીવન જીવવા પાછળ મન લગાડનારી બનવું એ વધારે સારૂ છે, જેથી તે પોતાનાં બાળકોને પણ એવો નમૂનો આપીને ઉછેરે. બાળકોના ઉછેરમાં અને તેમની સાથેના વર્તન વ્યવહારમાં ખાસ ધ્યાન રાખવું, જેથી પિતા અને માતા બંન્નેનું સન્માન બાળકોમાં જળવાઈ રહે.

બાળકો માતાના સંપર્ક - સંબંધમાં વધારે રહે છે. તેથી માતાની જવાબદારી પોતાનાં બાળકોના ઉછેર માટે વધારે છે. પત્નિએ પોતાનાં બાળકોના જીવનના પ્રશ્નો અને કોયડાઓ પોતાના પતિ સમક્ષ યોગ્ય સમયે અને યોગ્ય રીતે રજુ કરી, બન્નેએ સાથે મળીને સુખદ ઉકેલ લાવવા તે વધારે જરૂરી છે. કુટુંબની કોઈપણ સારી અગર માઠી બાબત પતિ અને પત્નિ વચ્ચે ખાનગી અગર સંતાડેલી રહેવી ન જોઈએ. એ બહુ નુકસાનકારક છે. પતિ અને પત્નિ બંન્નેએ એકબીજાને અનુરૂપ અને અનુકુળ બનવું એ સારૂં છે.

''સદગુણી સ્ત્રી કોને મળે ? કેમ કે તેનું મુલ્ય તો રત્નો કરતાં ઘણું જ વધારે છે. તેના પતિનું અંતઃકરણ તેના પર ભરોસો રાખે છે; અને તેને સંપત્તિની ખોટ પડશે નહિ. તેનાં છોકરાં ઊઠીને તેને ધન્યવાદ દે છે; અને તેનો ધણી પણ તેનાં વખાણ કરીને કહે છે, કે સદાચારી સ્ત્રીઓ તો ઘણી થઈ ગઈ છે, પણ તું તે સર્વ કરતાં ઉત્તમ છે.''

નીતિ. ૩૧:૧૦-૧૧, ૨૮-૨૯.

હવે બાળકો, એ કુટુંબનું આકર્ષણ છે. તેઓ કુટુંબનું અનિવાર્ય અંગ છે. બાળકો વગર પતિ પત્નિ અધુરાં રહે છે. બાળકો જ કુટુંબ બનાવે છે.

''છોકરાં તો યહોવાહનું આપેલું ધન છે. પેટનાં ફરજંદ તેના તરફનું પ્રતિદાન છે.'' ગીત.૧૨૭:૩.

છોકરાં ઘરકુટંબનો આનંદ છે. માતાપિતાનો તેઓ મહિમા છે. વૃદ્ધ દાદા-દાદીના તેઓ મુગટ છે. નીતિ ૧૭:૬.

તેઓ ઘરની શોભા અને શણગાર છે. ''તારી સ્ત્રી તારા ઘરના અંતઃપુરમાં ફળવંત દ્રાક્ષવેલા જેવી થશે; તારાં છોકરાં તારી મેજની આસપાસ જે વૃક્ષ ના રોપા જેવાં થશે. ''ગીત. ૧૨૮-૩.

આવા આશીર્વાદ અને કૃપાદાનરૂપે પ્રાપ્ત થયેલાં બાળકોને કેળવી તેમને યોગ્ય અને લાયક બનાવવાનો લ્હાવો માબાપને માટે કેટલો બધો આશીર્વાદ અને તક સમાન છે! બાળકોને સન્માર્ગે વાળી, પ્રેમ આનંદ અને શાંતિની સ્થાપના જગતમાં કરવાની તક અહીં પારણાં ઝુલાવતા હાથો અને ઘરમાં ભુલકાંઓને રમાડતાં ખોળામાંથી શરૂ થાય છે. જો એક એક ઘરમાં માતાપિતાનાં એ પ્રેમ-આનંદ અને શાંતિના પાઠ અને કેળવણી પોતાનાં બાળકોને આપે તો આ જગતને સ્વર્ગ બનતાં વાર લાગે નહિ; એમ હું માનું છું. પણ શું માબાપ પોતાનાં બાળકો પ્રત્યે સાવધ છે ? તેમની પોતાની ફરજ વિષે જાગૃત છે ?

''બાળકે જે માર્ગમાં ચાલવું જોઈએ તેમાં ચાલવાનું તેને શિક્ષણ આપ; એટલે તે વૃધ્ધ થશે, ત્યારે તેમાંથી તે ખસશે નહિ.''નીતિ. ૨૨:૬.

આ તો સુલેમાન મહાજ્ઞાનીની શિખામણ છે. પરંતુ પ્રભુદેવ પોતે માબાપને શું કહે છે, તે જુઓ, ''આ વચનો જે આજ હું તને ફરમાવું છું, તે તારા અંતઃકરણમાં ઠસી રહે અને તે તું ખંતથી તારાં છોકરાંને શીખવ. જ્યારે તું ઘરમાં બેઠો હોય, અને જ્યારે તું રસ્તે ચાલતો હોય, અને જ્યારે તું સૂઈ જાય, અને જ્યારે તું ઊઠે, ત્યારે તે વિષે વાત કર.

વળી તું તેમને નિશાની તરીકે તારે હાથે બાંધ; અને તારી આંખોની વચ્ચે તેમને કપાળ ભૂષણ તરીકે રાખ. તું તેમને તારા ઘરની બારસાખો ઉપર તથા દરવાજા ઉપર લખ.'' પુર્ન. ૬:૬-૯.

કેટલું બધું સ્પષ્ટ સૂચન આ છે. તેની જરૂરત પર કેટલો બધો ભાર મૂકાયો છે. જીવનના આ નીતિ માર્ગનું શિક્ષણ કેટલું બધું ઉપયોગી છે; તે તેને શિખવવાની રીત અને સમયના સૂચનથી જણાય આવે છે.

આપણાં બાળકોના આશીર્વાદિત જીવનો માટે તેમજ તેમના દ્વારા આવતી પેઢીઓ પણ આશીર્વાદિત બને; એમ જગતના છેડા સુધી જીવનની સુવાર્તા ફેલાય એ કેટલું બધું મહિમાવંત ગણાય! એ કેટલું બધું આવશ્યક છે!

બાળકો, તમારા જીવનમાં આ ગૌરવની વાતો શીખીને; તમે તમારાં માબાપની આજ્ઞાઓ પાળો, તથા તેમનું સન્માન કરો, જેથી આ પૃથ્વી પર તમારૂં આયુષ્ય દીર્ઘ અને આશિષયુક્ત બને. નિર્ગ. ૨૦:૧૨.

''અમારા દીકરા, પોતાની યુવાવસ્થામાં વધેલા રોપા જેવા થાઓ. અમારી દીકરીઓ, રાજમહેલના જેવી શણગારેલી ખૂણાની થાંભલીઓ જેવી થાઓ.

અમારી વખારો વિવિધ સામગ્રી પૂરી પાડે એવી ભરપૂર થાઓ; અમારાં ઘેટાં અમારા વાડાઓમાં હજારો અને દશહજારો બચ્ચાં જણનારાં થાઓ. અમારા બળદો ભાર ઉંચકવામાં જબરા થાઓ.

ગાબડું પાડનાર કોઈ પણ ન થાઓ; અને નાસી છૂટનાર કોઈ ન હો. અમારી શેરીઓમાં કંઈ પણ બૂમ ન પડો....

જે લોકો આવા હોય છે, તેઓ સુખી હોય છે; જેઓનો દેવ યહોવાહ છે, તેઓને ધન્ય છે.''ગીત ૧૪૪:૧૨-૧૫

કેવું ધન્ય કુટુંબ ! એ છે, ખ્રિસ્તી કુટુંબ.

પિતા-માતા અને બાળકો એ કુટુંબનું એક નાનામાં નાનું એકમ છે. તે વિસ્તૃત બનીને દાદા-દાદી તેમજ કાકાઓનાં કુટુંબ, ફોઈઓનાં કુટુંબ, તેમજ માતૃપક્ષનાં મામા-માસીઓનાં કુટુંબ બધાં મળીને વતૃળ મોટું બનતાં વિશાળ કુટુંબ બને છે. એમ વધતાં વધતાં આખી પ્રજા અને જાતિ આવરી લેતાં, આદમ-હવામાં સમગ્ર વિશ્વ સમેટાઈ ગયું છે.

# ૫. કૌટુંબીક ભજન ભક્તિ

આખું જગત આજે કટોકટી અને સંકટના આરે આવીને ઉભું રહ્યું છે. અશાંતિ-સંકટ-દુઃખ અને હાડમારી ઘાડાં ઓળા ઉતરી રહ્યા છે. રાજ્યોમાં મારા મારી અને કાપાકાપીના દાવપેચ ઘડાય છે. રાજ્યો રાજ્યો સામે ઘુરકા ઘુરકી કરી રહ્યાં છે. પ્રજા પ્રજાની વિરૂધ્ધ લડી રહી છે. સમાજો ઉકળતા ચરૂ જેવા ખદબદી રહ્યા છે. ધર્મોમાં ધાડ પડી છે. માનવીના પેટના ખાડા પૂરાતા નથી. માંદગી મરણે માઝા મૂકી છે. ભાઈભાઈનાં વેર-ઝેર વધી રહ્યાં છે. કુટુંબો વેર વિખેર ભટકતા થયાં છે. બાળકો માતા પિતાને ઠોકરે ચઢાવે છે. પિતા-માતા, બાળકોનાં રહ્યાં નથી. કોઈ કોઈનું રહ્યું નથી. દરેક જણ પોત પોતાના મનગમતા માર્ગે વળી ગયું છે. આખી સૃષ્ટિ તમામ નિસાસા નાખીને પ્રસુતાની પીડાથી કષ્ટાય છે. માનવ માત્ર ધર્મી અને અધર્મી સર્વ એક સરખા ઉકાળાના ઉના નિસાસા નાખે છે. ઘરે ઘરની દિવાલો એઉના ઉદ્વેગોથી ઊની લ્હાય બની ગઈ છે. પ્રત્યેક માનવી નાનાંથી મોટાં સુધીનાં મન ઉકળતા ચરૂ જેવાં, પ્રતિપળ પ્રશ્નો, મુંઝવણો, દુઃખ અને ક્રોધથી ઉભરાતાં અને છલકાતાં નજરે પડે છે. ચોતરફ દાવાનળ ભડકે બળી રહ્યો છે.

આ દાવાનળ હોલવનાર અગર તેમાંથી બચાવનાર કોઈ નથી. મહા જ્ઞાનનો દાવો કરનારાં પરિષદો બોલાવીભરીને કંઈ ઉકેલ લાવી શકતા નથી. બલ્કે બળતામાં નવાં ઈંધણ પુરતા જાય છે. ધર્મધુરંધરો, એક માત્ર સાચો માર્ગ બતાવવાને બદલે, ધર્મોની બદનક્ષી કરવા કાદવ ઉછાળી રહ્યા છે.

વૈજ્ઞાનિકોએ, લોકોપયોગી સાધનો કરતાં વિનાશક સાધનોના ઉત્પાદન તરફ દોટ મૂકી છે.

તત્વજ્ઞાનીઓ જ્ઞાનના તત્વમાં એટલા ઊંડા ખૂંપી ગયા છે કે તેમની નજરે માનવી દેખાતું જ નથી. બીજા ગ્રહો અને તેનાં માનવીને શોધી રહ્યાં છે.

શેતાને આખા જગતનાં માનવીનાં મન ધુંધળાં અને આંખો નિસ્તેજ કરી મૂક્યાં છે.

''ઈશ્વરે મનુષ્યને નેક બનાવ્યું છે ખરૂં; પણ તેઓએ ઘણી યુક્તિઓ શોધી કાઢી છે.'' સભા. ૭:૨૯ અરે, ''હૃદય સૌથી કપટી છે, તે અતિશય ભૂંડુ છે, તેને કોણ જાણી શકે ? ''યિર્મે. ૧૭:૯.

પ્રત્યેક માનવી અનેક યુક્તિ-કુયુક્તિઓ રચે છે. તેમની આંખો આભ સુધી પહોંચી શની-રવિની ભૂલો અને ચંદ્રના ડાઘ જુએ છે. પણ પોતાની આંખમાંની ભારોટી દેખાતી નથી. આકાશનાં રૂપ અને નક્ષત્રો તપાસે છે; પણ પોતાની જાત કે કુટુંબની તપાસ કરવી નથી. અથવા તે પ્રત્યે આંખ આડા કાન કરાય છે. પોતાના અને જગતના ઉલ્કાપાતનું કારણ બગલમાં પડ્યું છે; છતાં તેને શોધવા પૃથ્વીના છેડા અને સિમાડા ખુંદી વળીએ છીએ.

જુઓ આ રહ્યું એ કારણ; ''અરે! પાપ કરનારી પ્રજા, અન્યાયથી લદાએલા લોક, પાપ કરનારાં સંતાન, વંઠી ગયેલાં છોકરાં, તેઓએ યહોવાહનો ત્યાગ કર્યો છે. તેઓએ ઈસ્રાએલના પવિત્ર દેવને ધિકાર્યો છે, તેઓ વિમુખ થઈને પાછા ફરી ગયા છે.'' યશા. ૧:૪.

વ્યક્તિગત અને કૌટુંબીક જીવનમાંથી પ્રભુ દેવ ભૂલાઈ ગયો છે. પ્રાર્થનાની વેદી હોલવાઈ ગઈ છે. વ્યક્તિગત જીવન અને ઘર-કુટુંબ એ દેવનું નિવાસસ્થાન છે.

''તમે દેવનું મંદિર છો; .....દેવનું મંદિર પવિત્ર છે, અને તે મંદિર તમે છો.''૧ કરંથી ૩:૧૬-૧૭; ૨ કરંથી ૬:૧૬

''આ મંદિર ઉજ્જડ પડી રહ્યું છે, તે દરમ્યાન તમારે તમારાં છતવાળાં ઘરોમાં રહેવાનો આ વખત છે શું ? તમારા માર્ગો વિષે વિચાર કરો.'' હાગ્ગાય ૧:૪-૫ વળી વાંચો, ૨ રાજા ૨૨ અધ્યાય.

ભંગાર બનેલાં અને ખાલી પડી રહેલાં મન મંદિરમાં કચરો પૂંજો અને બીન જરૂરી જીવજંતુ તેમજ બદબો વગર બીજું શું હોય ? એમાં દેવનો વાસો ક્યાંથી હોય ?

એ તો શેતાન અને તેનાં ભૂત ભૂતાવળનું રહેઠાણ બને ને ? વળી ત્યારે દુઃખ - દરદ, ઉલ્કાપાત અને મુંઝવણ - મુશ્કેલી વગર બીજું શું હોય ?

ત્યારે કદાપી બહાર સંભળાતો હોય કે નહિ પણ વિંધાએલાં મનનાં માણસોમાંથી ઉઠતા આ પ્રશ્ન અને પોકારના ધબકારા જરૂર વરતાય છે; કે "ભાઈઓ, અમે શું કરીએ? "પ્રેરિ. ૨:૩૭ એ "સાહેબો, તારણ પામવા સારૂ મારે શું કરવું જોઈએ ? "પ્રેરિ ૧૬:૩૦

જવાબ જુઓ, આ રહ્યો, .... "પ્રભુ ઈસુ પર વિશ્વાસ કર, એટલે તું તથા તારા ઘરનાં સર્વ માણસો તારણ પામશે."પ્રેરિ. ૧૬:૩૧. "જો તું તારે મોઢે ઈસુને પ્રભુ તરીકે કબૂલ કરીશ; અને દેવે તેને મુએલાંમાંથી પાછો ઉઠાડયો છે એવો વિશ્વાસ તારા અંતઃકરણમાં રાખીશ; તો તું તારણ પામીશ. કારણ કે ન્યાયીપણાને અર્થે અંતઃકરણથી વિશ્વાસ રાખવામાં આવે છે; અને તારણને અર્થે મ્હોંથી કબુલાત કરવામાં આવે છે. કેમ કે ધર્મશાસ્ત્ર કહે છે, કે એના (ખ્રિસ્ત) ઉપર જે કોઈ વિશ્વાસ કરશે તે શરમાશે નહિ." રૂમી. ૧૦:૯-૧૧.

આ છે સીધો - સરળ અને સચોટ ઉપાય. આજે મનુષ્ય જીવન એટલું બધું ઉતાવળીયું અને ધમાલીયું બની ગયું છે કે જાણે તેને કશું પણ વિચારવાની ફુરસદ નથી. વહેલું ઉઠવું અને મોડુ સુવું; આખો દિવસ ધમાચકકડી; નોકરી કામ-ધંધા, પછીનો સમય ટી.વી. (T.V), ટેલીફોન અને રેડીયો, તેમજ મુવી (Movie) પાછળ વહી જાય છે. પછી થાક ઉતારવા અને રાહત માટે શરાબ-શરબત અને ઉંઘવાની દવા લેવામાં દિવસ પૂરો થાય છે. સમય ટુંકો પડે છે.

અઠવાડીઆમાં એક દિવસ રવિવારે ભજનભક્તિનો સમય મળે તે પણ માત્ર એક કલાક માટે; ત્યારે પણ કંઈ કામ કે બહાનું કાઢી તેને ટાળી મુકાય. એવી પરિસ્થિતીમાં શું બને ?

રૂપાળો બગીચો હોય, પણ તેની દેખભાળ ન થાય; ખેડ-ખાતર-પાણી ના અપાય, તો ઘાસ અને ઝાંખરાં ઉગી નીકળે. ફુલ છોડ કરમાય જાય અને બગીચો ઉજ્જડ વેરાન બને.

વ્યક્તિગત જીવન અને ઘર-કુટુંબના જીવન બગીચાનું પણ એમ જ બને અને આજે એમ જ બન્યું છે. ઈસુ ખ્રિસ્ત પ્રભુ ભુલાઈ ગયો નથી, પણ તેને યાદ કરવાની કે તેની સંગત સાધવાની તેમજ ભજન ભક્તિ કરવા આજે માણસો પાસે સમય નથી.

જગતની ઉત્પતિથી દિવસ અને રાત તો વણ બદલાએલાં એક સરખાં ચાલ્યાં આવ્યાં છે. તેઓ કદી લાબાં ટુકાં થયાં નથી. માનવી બદલાયાં છે. માનવીએ સમય વાપરવામાં થાપ ખાધી છે. કરવાનાં કામ કરતાં નથી, અને ન કરવાના કામ પાછળ સમય વેડફી નાખે છે.

આજના માનવીનું સમય પત્રક જે વાર્ષિક ધોરણે અહિં બતાવવા પ્રયત્ન કર્યો છે, તે જુઓ-

| | | | |
|---|---|---|---|
| ૧. નોકરી - ધંધો - આવવા જવા સાથે | ૩૧૩ દિવસ x ૧૦ કલાક | = | ૪ માસ |
| ૨. ઉંઘ - આરામ | ૩૬૫ દિવસ x ૮ કલાક | = | ૪ માસ |
| ૩. ચ્હા - નાસ્તા - જમવાના | ૩૬૫ દિવસ x ૫ કલાક | = | ૩ માસ |
| ૪. મુલાકાત - વ્યવહાર | ૩૬૫ દિવસ x ૧ માસ | = | ૧/૨ માસ |
| ૫. ભજન ભક્તિ | ૫૨ દિવસ x૧ કલાક | = | ૨ દિવસ |

આ સમય પત્રક પ્રમાણે તમારી ઉમરનાં વર્ષો સાથે ગણતરી કરો. આખી ઉમંરમાં માણસ શાની પાછળ ખર્ચાય છે ? માનવીની ભજન ભક્તિ કેટલી છે ? છતાં માનવી ભજનભક્તિ કરતાં જાણે થાકી ગયેલું દેખાય છે.

આ પ્રમાણે આપણાં જીવનો ઈશ્વરભક્તિ અને તેના આધ્યાત્મિક જ્ઞાન વગર કેવાં અધુરાં અને કરમાતાં ચીમળાઈ ગયાં છે; તેનો ખ્યાલ આવશે. માટે જ હોશીઆ પ્રબોધક ઠીક શબ્દોમાં કહે છે, કે ''મારા લોક જ્ઞાનના (દૈવીજ્ઞાન) અભાવે નાશ પામે છે.'' હોશી. ૪:૬.

વળી સુલેમાન મહાજ્ઞાની શું કહે છે ? ''નેક જનના હોઠો ઘણાંને તૃપ્ત કરે છે, - પણ મૂર્ખો બુદ્ધિની અછતથી માર્યા જાય છે.''

નીતિ ૧૦:૨૧

મિત્ર, આ જગતનું જ્ઞાન અને વિદ્યા નાશવંત છે. તેઓ જતાં રહે

છે. ૧ કરંથી ૧૩:૮-૯ પરંતુ જે સનાતન અને ચિરકાળ રહે તે ઉપરનું જ્ઞાન છે.'' જે જ્ઞાન ઉપરથી છે, તે પ્રથમ તો નિર્મળ, પછી સલાહ કરાવનારૂં, નમ્ર, સહેજે સમજે તેવું, દયાથી તથા સારાં ફળોથી ભરપૂર, નિષ્પક્ષપાત તથા દંભરહિત છે.'' યાકુબ ૩:૧૭.

આ ઉપરનું દૈવી જ્ઞાન અતિ આવશ્યક, મહત્વનું અને અનિવાર્ય છે. ''જ્ઞાન તથા શિક્ષણ સંપાદન થાય; ડહાપણની વાતો સમજવામાં આવે; ડહાપણ ભરેલી વર્તણુંકની, નેકીની, ન્યાયીપણાની અને ઈન્સાફની કેળવણી મળે; ભોળાને ચતુરાઈ, જુવાનને વિદ્યા તથા વિવેક બુદ્ધિ મળે; અને બુદ્ધિમાન માણસને ખરૂં ડહાપણ મળે; કહાણીઓ તથા અલંકાર; જ્ઞાનીઓનાં વચનો તથા તેઓનાં માર્મિક સૂત્રો સમજાય, એ માટે એ છે.'' નીતિ ૧:૨-૬ એટલુંજ નહિં પણ ''આખું શાસ્ત્ર (બાઈબલ) ઈશ્વર પ્રરિત છે, તે બોધ, નિષેધ, સુધારા અને ન્યાયીપણાના શિક્ષણને અર્થે ઉપયોગી છે. જેથી દેવનો ભક્ત સંપૂર્ણ તથા સર્વ સારાં કામ કરવાને સારૂ તૈયાર થાય.'' ૨ તીમોથી ૩:૧૬-૧૭

શું આવા અદ્‌ભુત અને અમૂલ્ય જ્ઞાનની જરૂર નથી ? શું તમારે એ જ્ઞાનની જરૂર છે ?

''તમારામાંનો જો કોઈ જ્ઞાનમાં અપૂર્ણ હોય, તો દેવ જે સર્વને ઉદારતાથી આપે છે, અને ઠપકો આપતો નથી, તેની પાસેથી તે માગે, એટલે તેને તે આપવામાં આવશે. પરંતુ કંઈપણ સંદેહ રાખ્યા વગર વિશ્વાસથી માગવું; કેમકે જે કોઈ સંદેહ રાખે છે, તે પવનથી ઉછળતાં તથા અફળાતાં સમુદ્રનાં મોજાના જેવો છે. એવા માણસે પ્રભુ તરફથી તેને કંઈ મળશે એમ ન ધારવું. બે મન વાળુ માણસ પોતાના સઘળાં કાર્યમાં અસ્થિર છે.'' યાકુબ ૧:૫-૮.

દેહને માટે રોટલી અને ખોરાકની જરૂર છે. તેમ આત્મા માટે આ ઉપરના જ્ઞાનની પણ એટલીજ બલ્કે વિશેષ જરૂર છે. કારણ કે, ''માણસ એકલી રોટલીથી નહિ, પણ હરેક શબ્દ જે દેવના મ્હોમાંથી નીકળે છે, તેથી જીવશે.''માત્થી ૪:૪

અવાર-નવાર કોઈકવાર, મન ફાવે તેમ અન્નજળ લેવાથી શરીર નભી શકતું નથી. શરીરને માટે દરરોજના અને બે ત્રણવાર ખોરાકની આવશ્યકતા છે. તેમ આત્માને પણ દરરોજ અને એકથી વધારે વખત જ્ઞાનના ખોરાક-ભક્તિ-ભજનની જરૂર છે. શારિરીક શક્તિનો યોગ્ય કામોમાં ઉપયોગ થવો જરૂરી છે; તેમ આત્મિક શક્તિ-જ્ઞાન પણ દયા તથા ભલાઈનાં સારાં કામોમાં વપરાયે તે વધારે જરૂરનું છે. એ પ્રભુ પરમેશ્વરની ઈચ્છા છે. દેવના એ કૃપાદાન પ્રદિપ્ત કરવાની આપણી પ્રથમ ફરજ છે.

હવે કુટુંબમાં તેની આવશ્યકતા અને જરૂર જોઈએ; કુટુંબ એ જગતની વિશાળ પ્રજાનું એક નાનું એકમ છે. એ નાના એકમની સારી-માઠી અસર અસંખ્યને ફેલાતી રહીને સ્પર્શ કરે છે. નાની શરૂઆત ભગીરથ અને મોટાં પરિણામો લાવે છે. તેથી આરંભમાં દેખાતાં નાનાં કામોના દિવસને કોણ તુચ્છકારી શકે ? માત્ર મૂર્ખ હોય તે જ.

ત્યારે શુભ શરૂઆત કરો. શુભ કાર્ય માટે સમય, તારીખ-વાર, ચોઘડીયાં, જોવાની કશી જરૂર નથી. સારાં કાર્યો માટે વિલંબ ના હોય. શુભ શરૂઆત પ્રભુ આરાધનાથી થાય એથી વિશેષ શ્રેષ્ઠ બીજું કશું ન હોય. કોણ ઉત્તમ અને સર્વ શ્રેષ્ઠ તે પ્રભુ દેવ વગર બીજું કોઈ નથી.

આજે નવો દિવસ, નવી પ્રભાત છે; ત્યારે પ્રભુ દેવની આરાધના શરૂ કરીએ. જુઓ, ચાલો;

કુટુંબની દરેક વ્યક્તિ પિતા-માતા-બાળકો, નોકર-ચાકર, સહુ સાથે બેસે. પ્રભુ દેવની હાજરી છે, એમ માનીને પૂરા વિવેકથી અને અદબપૂર્વક બેસે. બધાં શાંત રહે. પિતા, પવિત્ર બાઇબલનાં વચનો શાંતિથી અને સ્પષ્ટ અવાજે વાંચે. જરૂર પ્રમાણે વચનોની સમજણ આપે. બધાં ધ્યાનથી સાંભળે.

તે પછી દરેક જણ ઘૂંટણે પડીને, હાથ જોડી, આંખો બંધ કરી એકાગ્ર બને. પછી પિતા પ્રાર્થના કરાવે. પ્રાર્થના, પ્રભુસ્તુતિ અને વિનંતીઓના રૂપમાં હોય; આખી પ્રાર્થના પ્રભુ ઈસુ ખ્રિસ્તના નામથી

કરવામાં આવે, કારણ તે એકલો જ પ્રભુ પિતા સમક્ષ આપણો મધ્યસ્થ છે. પ્રાર્થનાના અંતે નાનાં મોટાં દરેક જણ 'આમેન' એમ સ્પષ્ટ અવાજે બોલે. આ છે પ્રાર્થના અને રીત.

આ કાર્યક્રમ સવારમાં સૌ પ્રથમ થઈ જાય, પછીજ દિવસનાં બીજાં કાર્યો થાય, એ અગત્યનું છે.

દિવસના અંતે રાત્રે સૂતાં પહેલાં ફરી આખું કુટુંબ એકઠું મળે; અને આખા દિવસની કૃપા અને સંભાળ માટે પ્રભુ પરમેશ્વરની આભાર સ્તુતિની પ્રાર્થના કરે. શાસ્ત્રવાંચન, અનુરૂપ સમજુતી એ પ્રાર્થના કરાય. છેલ્લે દરેક નાનાં મોટાં એકબીજાને શુભેચ્છા પાઠવે અને પછી જ પોતપોતાના બિછાનામાં જાય.

સવાર-સાંજની આ આરાધના - પ્રાર્થના દરરોજ અને અવશ્ય થાય ઘટીત છે. અવારનવાર આ પ્રાર્થનાઓમાં માતા કે બીજાં બાળકોને ભાગ આપવો એ હિતાવહ અને સારૂં છે. એ ઉત્તેજનદાયક છે.

આ કૌટુંબીક પ્રાર્થનાઓથી અંગત અને વ્યક્તિગત પ્રાર્થના અટકતી નથી જ. દરેક વ્યક્તિએ પોતાની અંગત પ્રાર્થનાઓ તો અવશ્ય કરવાની રહે છે જ.

સવાર સાંજની પ્રાર્થનાઓ સિવાય ભોજન સમયની તથા જરૂરના બીજા પ્રસંગો અને સમયો માટે પણ ગમે ત્યારે અને ગમે તેટલીવાર પ્રાર્થનાઓ કરી શકાય.

પ્રાર્થના એ તો પ્રભુ દેવ સાથેની મુલાકાત અને વાતચીત છે. તે જેટલીવાર થાય તેટલીવાર આનંદદાયક છે. એ તો સુખદ મિલન છે.

પ્રભુ પરમેશ્વર આપણો ઉત્પન્નકર્તા; તે આપણો પાળકપિતા છે. વિશેષ તે આપણો શ્રેષ્ઠ મિત્ર અને શુભેચ્છક છે. તે આપણા ઘર-કુટુંબમાં આપણી સાથે જ રહે છે; એટલુંજ નહિં પણ વ્યક્તિગત દરેકની સાથે, ઘરમાં - બહાર, નોકરી-ધંધા-રોજગારમાં, નિશાળ, કોલેજમાં, પણ આપણી સાથે જ રાખીએ, એ આપણે માટે બહુ ઉપયોગી બનશે.

દેવનાં વચનો, જે દિવસ અને રાત મનન કરેલાં તથા કઠંસ્થ કરેલાં

તે આપણે સારૂ અજવાળુ પાથરનારાં દિવા સમાન છે. ગીત. ૧૧૯-૧૦૫ તે ઠોકરો ખાતાં અને નુકસાનથી બચાવનારાં છે. પ્રત્યેક જુવાનનાં જીવન ક્રમને શુધ્ધ રાખનારાં એ દેવનાં વચન છે. ગીત. ૧૧૯ઃ૯ આ દેવનાં વચનોનું રાત દિવસ મનન કરનાર અને શીખનાર તે નદી પાસે રોપાએલા ઝાડ જેવું છે. જેનાં પાંદડાં કદી કરમાતાં નથી. તે ઋતુ પ્રમાણે પોતાનાં ફળ આપનાર બને છે. વળી જે કંઈ તે કરે છે, તેમાં તે સફળ થાય છે. ગીત૧ઃ૨-૩

જે કુટુંબ સાથે મળીને પ્રાર્થના કરે છે, તે અતૂટ સાથેજ રહે છે. શેતાન તેવાં કુટુંબમાં પ્રવેશી શકતો નથી. એવાં કુટુંબમાં પવિત્ર આત્માનાં ફળ, પ્રેમ આનંદ-શાંતિ-સહનશીલતા-માયાળુપણું, ભલાઈ, વિશ્વાસુપણું, નમ્રતા અને સંયમ, લખેલાં સ્પષ્ટ નજરે પડે છે. પ્રાર્થના પ્રસંગો અને પરિસ્થિતીઓને બદલી નાખે છે. પ્રતિકુળને અનુકુળ બનાવે છે. પ્રાર્થના એ મહાન શક્તિશાળી છે. એ પ્રભુ દેવ સાથેનું તાદાત્મય છે.

પ્રભુ દેવની સંગતમાં રહેનાર કુટુંબ તે ખ્રિસ્તની સુગંધરૂપ છે. ૨ કરંથી ૨ઃ૧૫ તેમજ ખ્રિસ્તના પત્ર છે. ૩ઃ૩ અન્ય લોકો આગળ તેઓ સુગંધ ફેલાવનારાં તેમજ સુવાર્તાના શુભસંદેશના પત્રરૂપ બને છે. લોકો તે પત્રો વાંચીને જીવન ધન્ય કરે છે.

આ છે કૌટુંબીક પ્રાર્થના અને ભજન-ભક્તિનાં સામર્થ્ય અને જીવન કાર્યક્રમ એ જીવન રૂપાંતર કરનારાં સાધન છે. સાચાં ખ્રિસ્તી જીવન છે.

એક આવા ખ્રિસ્તી કુટુંબનો નમૂનો અન્ય ઘણાં કુટુંબોને એ ગમ વાળી શકે છે. એક એકને ખેંચે; એ ક્રમ અનુસાર થોડાજ વખતમાં આખું જગત જીતી શકાય.

જગતમાંથી દુઃખ-સંકટ, મારામારી અને કાપાકાપી, તેમજ વેરઝેર, પાપ અને દુરાચાર નાબુદ થાય. જગત પર ખ્રિસ્ત ઈસુ પ્રભુનું રાજ્ય આવે, અને આખું જગત સ્ગર્વનું સુખધામ બની જાય. માટે ખ્રિંસ્તી કુટુંબ એજ સાચી સુવાર્તા છે. ''તમે જગતનું અજવાળું છો.' ખ્રિસ્તી કુટુંબ જગતમાં દિવા સમાન છે.

# ૬. અર્થપૂર્ણ જીવન

ઈશ્વરે માનવીને બનાવ્યું; ત્યારે ચોક્કસ હેતુસર અને ધ્યેયસર બનાવ્યું. એટલા માટે દેવે પોતાનાંજ સ્વરૂપ અને પ્રતિમા માણસમાં અંકિત કર્યા. પોતાનાજ જીવનનો શ્વાસ તેનામાં ફૂંક્યો. જગતની ઉત્પતિમાં દેવ પોતાની ચોક્કસ ઈચ્છા અને મુરાદ માણસદ્વારા પૂરી કરવા ઈચ્છતો હતો. આકાશમાંના દૂતો કરતાંય માનવીને વિશેષ મહત્વ અપાયું, તે એટલા માટે કે જેમ આકાશમાં તેમ પૃથ્વી પર પ્રભુ દેવ માનવી દ્વારા મહિમાવાન મનાય.

ત્યારે શું દેવને મહિમાની કમી હતી ? "આકાશો દેવનું ગૌરવ પ્રસિદ્ધ કરે છે, અને અંતરિક્ષ તેના હાથનું કામ દર્શાવે છે." ગીત. ૧૯:૧.

સ્વર્ગમાંના ચાર પ્રાણીઓ તથા ચોવીસ વડીલો, પોતાના સોનાના મૂગટો ઉતારીને, સાષ્ટાંગ દંડવત પ્રણામ કરીને "પવિત્ર, પવિત્ર, પવિત્ર, પ્રભુ દેવ સર્વશક્તિમાન, જે હતો, જે છે, અને જે આવનાર છે;" એમ કહેતા રાત-દિવસ વિસામો લેતા નથી. પ્રક્ટી. ૪:૪૮

વડીલોની આસપાસ લાખો દૂતો, મોટા અવાજે પ્રભુ દેવના મહિમા - માન અને ગૌરવ ગાય છે. પ્રક્ટી. ૫:૧૧-૧૨ ઉત્પન્ન થયેલાં પ્રાણી જે આકાશમાં, પૃથ્વી પર, તથા પૃથ્વીની તળેનાં તથા સમુદ્ર પર છે, તેઓમાંનાં સર્વ, પ્રભુ પરમેશ્વરની સ્તુતિ ગાતાં પોકારે છે, કે "રાજ્યાસન પર જે બેઠેલો છે, તેને તથા હલવાનને સ્તુતિ, માન-મહિમા તથા સત્તા સદા સર્વકાળ છે." ત્યારે ચારે પ્રાણીએ કહ્યું કે આમેન; અને વડીલોએ પગે પડીને દેવની આરાધના કરી. ૫:૧૩-૧૪

દેવને મહિમાની કશી કમી નહોતી; પરંતુ માનવીના મહિમા દ્વારા દેવ માનવીને મહિમાવાન બનાવવા ચાહતો હતો. ઉત્પતિ ૧૨:૨ એ દેવની મુરાદ હતી.

પરંતુ માનવીએ પોતે જ પોતાની સ્વેચ્છા વડે આજ્ઞાભંગ કરીને

પ્રભુ પરમેશ્વરની સમક્ષતા ગુમાવી. તે પોતે જ બીક અને દહેશતથી, પ્રભુ દેવથી દૂર રહેવા સંતાવા લાગ્યું. હવે માનવીએ પોતાના માર્ગ અને પ્રગતિ પોતેજ પોતાની મેળે કરવા માંડયા.

માનવી બદલાયું - માનવીનાં રૂપ બદલાતાં રહ્યાં. તેના કામ અને રહેણી કરણી બદલાયા. જગત સાથેના તેના વ્યવહાર બદલાયા- સાથે માનવી, માનવીના સંબંધો પણ બદલાયા. આવી પરિસ્થિતીમાં માનવીને જેમ અને જ્યારે, જેવી જરૂર પડી, તેમ તે દરેક રીતે બદલાતું અને વિકૃત થતું ગયું. પોતાના ઉત્પન્નકર્તા પ્રભુ દેવથી વિમુખ થઈને, માનવી શેતાનનું રમકડું બન્યું. શેતાનની દોરવણી પ્રમાણે પોતાના માર્ગ કાઢવા છળ-કપટ, તરકટ અને અયોગ્ય કરવા અને આચરવા ખેંચાતું જ રહ્યું.

વળી આ સર્વ માનવીને માનવી સામેજ કરવાનાં રહ્યાં. કારણ દેવથી વેગળા થઈને હવે તેને માણસ સાથેજ વ્યવહાર કરવાનો હતો. માનવીનું હૃદય કપટી બન્યું. તેણે ઘણી કુયુક્તિઓ શોધવા માંડી. એમ દરેક માનવી કુયુક્તિઓ યોજવાનું એક એક કારખાનું બની ગયું. નવા મોડલ અને નવા નમૂના શોધાતા અને બનતા રહ્યા. આ સર્વ તરકીબો દ્વારા માનવી પોતે જ હેબતાઈ ગયું છે. આવી ચક્રામણ અને ભૂલ ભૂલામણીમાં માનવી પોતે જ ભૂલું પડી ગયું છે. ખોવાઈ ગયું છે. તે એટલે સુધી કે તે પોતાની જાતને પણ ભૂલી ગયું છે. પોતે કોણ છે ? કોનું સંતાન છે ? તેના જીવનનું મહત્વ અને મકસદ શું છે ? શા માટે આ જગત પર છે ? ક્યાંથી આવ્યું ? કોણે મોકલ્યું અને શા માટે ? જગતમાં કેટલું રહેવું છે અને શું કરવું છે ? એવા અનેક પ્રશ્નો માનવી માત્રને મુંઝવતા રહ્યા છે. માનવી માત્ર જાણે ચિત્તભ્રમ બન્યું છે. આખું જગત આજે ચકડોળના ચક્રાવામાં ઘૂમવા લાગ્યું છે. ઘડી નીચે, ઘડી ઉંચે; માનવી એકે દિશાનું રહ્યું નથી. પોતાની દિશા અને દશા જોવા જેટલો સમય પણ ચકડોળે ચઢેલાંને ક્યાંથી હોય !

જગતના ઝાકઝમાળ, જાહોજલાલી, સોના-ચાંદીના ચળકાટ, ખાનપાન તેમજ સુરા-સુંદરીના નશામાં અને રૂપ-રંગની હરીફાઈમાં

માનવી ખોવાઈ ગયું છે. થાકી ગયું છે.

જગતના મહાજ્ઞાની સુલેમાને અથાક પરિશ્રમ કરીને માનવીના જીવનનો તાગ મેળવવા પ્રયત્ન કર્યો; પરંતુ તેને એ સર્વમાં કેવળ વ્યર્થતા અને પવનમાં બાચકા ભરવા જેવું જ દેખાયું. જુઓ, વાંચો, બાઇબલમાં તેનું પુસ્તક 'સભાશિક્ષક'.

પ્રભુનો સેવક અને સંત પાઉલ પણ પણ આધ્યાત્મિક અનુભવો, જ્ઞાન અને સંદર્શનો પછી એ તારવી શક્યો કે આપણે દૈહિક છીએ અને પાપને વેચાએલાં છીએ. તેથી આપણે જે કરીએ છીએ તે સમજીને કરતાં નથી; કારણ કે આપણે જે ઈચ્છીએ છીએ તે કરતાં નથી; પરંતુ જેને આપણે ધિક્કારીએ છીએ તે કરીએ છીએ. આપણામાં જે પાપ વસે છે તે આપણી પાસે એ કરાવે છે. રૂમી. ૭:૧૪-૧૭

પાપ એ આજ્ઞાભંગ છે. શેતાન તેનો ઉત્પાદક અને પ્રયોજક છે. પાપ એ જ માનવીને દેવથી વિખુટું રાખનાર મુખ્ય સાધન છે. શેતાન પ્રતિપળ તે અજમાવતો રહે છે. પાપ જ માનવીને અવળે રસ્તે દોરનાર અને પ્રભુ દેવથી દૂર ભટકાવી દેનાર છે. એ જ માનવીનો સૌથી મોટો શત્રુ છે. શેતાન ધૂર્ત છે. પાપ લોભામણું - લલચાવનારૂં છે. રૂપ-લાવણ્ય ઠગારૂ છે. સૌંદર્ય વ્યર્થ છે. કારણ તે માત્ર બહારનો દેખાવ છે; અંદર હળાહળ ઝેર છે. સર્પ રૂપાળો અને મનમોહક છે, પણ ઝેરી છે.

માનવી પાપના કારણથી આધ્યાત્મિક જ્ઞાનથી વેગળું છે. તે ભિતરને જોઈ-કળી શકતું નથી. તે બહારના દેખાવથી આનંદ માને છે. માનવી આખું બહારનું બની ગયું છે. તે અંદરનું રહ્યું નથી. તેની અંદરનું મનુષ્યત્વ ખાલી અને સાવ સુનું પડી રહ્યુ છે. માનવી જીવન કૃત્રિમ બન્યું છે. તેની બોલ, ચાલની, ક્રિયા-કર્મ, વ્યવહાર રૂપ-રંગ બધાંમાં કૃત્રિમતા - બનાવટ તરતાં દેખાય છે.

આજે તેને સંસ્કૃતિ ગણવામાં આવી છે. માનવી જેવું છે તેવું પોતાને દેખાડે, તો તે મુર્ખ અને અજ્ઞાની ગણાય છે.

આજનું જગત ઠગાઇનો એક ગજબ મોટો અડ્ડો બની ગયું છે.

માનવી તેમાં બીજાંને ઠગે છે, અને પોતે ઠગાય છે. માનવી જીવન જાણે જુગારની બાજી બની ગયું છે. હારજીત થયા જ કરે છે; તેમાં હાર વધારે હોય છે. તેથી હાર્યો જુગારી બમણું રમે છે. માનવીને જીતનો સંતોષ નથી; તેમ હારથી ચેતતું નથી. માનવી યંત્રવત બન્યું છે.

યંત્ર માત્ર કાર્યકારી છે. કામગીરીથી તે પોતે કશું પ્રાપ્ત કરતું હોતું નથી. તેમ માનવી યંત્ર પણ પોતે પોતાને માટે કશું પ્રાપ્ત કરતું નથી. તે પોતાની સઘળી કામગીરી પછી પણ ખાલીપણુંજ અનુભવે છે. એનું ઉઘતું મન જ્યારે પણ જાગે, ત્યારે તેને ખાલીપણું – અધુરાપણું સાલતું જ રહે છે. તે મુંઝાય છે અને મુરઝાય છે.

ત્યારે આવા લપસણા અને જેમ તેમ સરકી જતાં જીવનને સ્થિર અને અર્થપૂર્ણ શી રીતે બનાવી શકાય ? જુવાન માણસ પોતાનો જીવનક્રમ શાથી શુદ્ધ કરી શકે ? દેવ અને તેનાં વચનો વિષે સાવધ બનવાથી. એ એક જ રસ્તો, એક જ સત્ય તથા એક જ જીવન છે. બીજા કશામાં અગર બીજા દ્વારા જીવન અને અનંતજીવન છે જ નહિ. એ જીવનના સ્વામી પ્રભુ ઈસુ ખ્રિસ્ત પાસે જવાથી તેમજ તેને પોતાના તારનાર અને પ્રભુ તરીકે સ્વીકારવાથી તથા આધિન રહેવાથી નવું જીવન પ્રાપ્ત થાય છે.

દાઉદ રાજા આ મર્મ જાણીને દેવના દયાસન પાસે દોડી ગયો. ''હે દેવ, તારી કૃપા પ્રમાણે મારા પર દયા કર; તારી પુષ્કળ રહેમ પ્રમાણે મારાં ઉલ્લંઘન ભૂંસી નાખ. મારા અન્યાયથી મને પૂરો ધો; અને મારાં પાપથી મને શુધ્ધ કર.

ઝુફાથી મને ધોજે એટલે હું શુદ્ધ થઈશ; મને નહવડાવ, તો હું હિમ કરતાં ધોળો થઈશ..... હે દેવ, મારામાં શુદ્ધ હૃદય ઉત્પન્ન કર; અને મારા આત્માને નવો અને દ્રઢ કર. તારા તારણનો હર્ષ મને પાછો આપ; અને ઉદાર આત્માએ કરીને મને નિભાવી રાખ. ગીત. ૫૧.

પ્રભુ દેવ, જીવન આપે છે. તેમની પાસે આવનારને તે કદી નિરાશ કરતા કે પાછાં કાઢતા નથી. પ્રાપ્ત થતા નવા જીવનને તેમનામાં અને તેમના આશરે નિભાવી રાખવાનું કામ પણ તેઓ જ કરે છે; પણ માત્ર આપણી

આધિનતા તે માગે છે.

''જે માણસ દુષ્ટોની સલાહ પ્રમાણે ચાલતો નથી; જે પાપીઓના માર્ગમાં ઉભો રહેતો નથી; અને જે નિંદાખોરોની સાથે બેસતો નથી; તેને ધન્ય છે.'' આવા જીવનનું જ્ઞાન એ દોરવણી કયાંથી મળે ? દેવનાં વચનો વિષે સાવધ રહેવાથી. ''યહોવાહના નિયમશાસ્ત્રથી તે હર્ષ પામે છે, અને રાતદિવસ તે તેના નિયમશાસ્ત્રનું મનન કરે છે.'' તેથી તે નદીની પાસે રોપાએલા ઝાડના જેવો થશે. જે પોતાનાં ફળ પોતાની ઋતુ પ્રમાણે આપે છે, અને જેના પાંદડાં કદી ચીમળાતાં નથી. વળી તે જે કંઈ કરે છે, તે સફળ થાય છે.''ગીત. ૧.

આ છે સફળ જીવન પ્રાપ્ત કરવાની રીત અને ચાવી.

માટે ''જો કોઈ માણસ ખ્રિસ્તમાં છે, તો તે નવી ઉત્પત્તિ છે. જે જુનું હતું, તે સર્વ જતું રહ્યું છે; જુઓ, તે નવું થયું છે.

એ સર્વ દેવ તરફથી છે.''૨ કરંથી ૫:૧૭-૧૮

નવું જીવન નવું જ રહે અને વધતુ, ખિલતુ ફાલતું રહે માટે દર્શન અને રીત પણ અપાયાં છે. જુઓ,

''ભૂંડુ કરનારાઓને લીધે તું ખીજવાઈશ નહિ, અને અન્યાય કરનારાઓની ઈર્ષા કરીશ નહિ; કેમ કે તેઓ તો જલદી ઘાસની પેઠે કપાઈ જશે, અને લીલી વનસ્પતિની પેઠે ચીમળાઈ જશે.

યહોવાહ પર ભરોસો રાખ, અને ભલુ કરે; દેશમાં રહે અને વિશ્વાસુ પણાની પાછળ લાગ. જેથી તું યહોવાહમાં આનંદ કરીશ; અને તે તારા હૃદયની ઈચ્છાઓ પૂરી પાડશે. તારા માર્ગો યહોવાહને સોંપ, તેના પર ભરોસો રાખ, અને તે તને ફળીભૂત કરશે. તે તારા ન્યાયીપણાને અજવાળાની પેઠે અને તારા ન્યાયને બપોરની પેઠે તેજસ્વી કરશે. યહોવાહની આગળ શાંત થા, અને તેની વાટ જો. ગીત ૩૭:૧-૭.

મનુષ્ય જીવન એ પ્રભુ દેવનું કૃપાદાન છે. શેતાન કોઈને જીવન આપી શકતો નથી, કારણ તેનામાં જીવન નથી. તે વિનાશનો પુત્ર છે. પ્રભુ પરમેશ્વરનું આપેલું જીવન તેની સમક્ષતા અને તેનામાં રહીને ગુજારવું

એજ એક યોગ્ય માર્ગ છે. એ જ છે મનુષ્ય કર્તવ્ય. જગત પર આવ્યાનો એ હેતું છે. દેવની એ ઈચ્છા અને ઈરાદો છે.

જગત પરનું મનુષ્ય જીવન એ તો સ્વર્ગીય જીવન પ્રાપ્ત કરવા અને જીવવા માટેનું પ્રયોગ અને તાલીમ સ્થળ છે. આ ટુંકા જીવનની તાલીમ અનંતકાળ સુધી ટકનારાં સુખદાયક વાનાં પ્રાપ્ત કરાવે છે. દેવની સર્વસંપત્તિ અને સ્વર્ગના ભાગીદાર બનાવે છે.

આ મનુષ્ય જીવનમાં ભલું અને ભૂંડુ, પુણ્ય અને પાપ, સંતોષ અને સંતાપ, દેવ અને દાનવ, જીવન અને મરણ; બંન્ને સાથે મુકાયાં છે. પસંદગી માણસે પોતે કરવાની છે. કારણ મનુષ્યને તેની સ્વેચ્છા પ્રમાણે સ્વતંત્ર મુક્યું છે.

તમે કોનાં પક્ષનાં છો ? કોના પક્ષમાં રહેવા માગો છો ? દેવના પક્ષમાં રહીને જીવવની સફળતા, આનંદ અને અનંતકાળનું સ્વર્ગ પસંદ કરશો; કે દાનવનાં બનીને અનંત નર્કાગ્નીનો વિનાશ નોતરશો ?

તમારા અર્થપૂર્ણ અને સાર્થક જીવન માટે દેવ તમારી મદદ કરવા તત્પર છે. તે તમારે માટે ઝંખે છે. પરંતુ તમારા પર તે પરાણે કંઈપણ લાદવા માગતો નથી. કારણ તે દયાળુ અને પ્રેમાળ પ્રભુ છે. તે બહુ સારો છે. તે કહે છે, ''તમને જીવન મળે અને તે પુષ્કળ મળે માટે હું આવ્યો છું. હું ઉત્તમ ઘેટાં પાળક છું.''યોહાન ૧૦:૧૦-૧૧ '' તમે મારામાં રહો અને હું તમારામાં રહીશ; જેમ ડાળી વેલામાં રહ્યા વગર પોતાની મેળે ફળ આપી શકતી નથી, તેમ તમે પણ મારામાં રહ્યા વગર ફળ આપી શકતાં નથી, તેમ તમે પણ મારામાં રહ્યા વગર ફળ આપી શકતાં નથી. ''યોહાન ૧૫:૪

પ્રભુ ઈસુ ખ્રિસ્ત તમારાથી વેગળો નથી. તમારે તેને શોધવા જવું પડે તેમ નથી. તે તમારા શ્વાસોશ્વાસથી પણ વધારે નજીક છે. તમે તેને બોલાવો અને સ્વીકારો. તેમજ નવાં બનો-કુટુંબનો આનંદ વધારો. જગતને નમૂનો આપો. એ તમારી બુદ્ધિપૂર્વકની ફરજ અને સેવા છે. એ પ્રભુને બહુ ગમે છે. એજ અર્થપૂર્ણ ખ્રિસ્તી જીવન છે.

## ૭. કૌટુંબીક આવક અને નિર્વાહ

મનુષ્ય માત્રને માટે મહેનત અનિવાર્ય છે. મહેનત એ પ્રત્યેક માનવીના જીવનનો એક ભાગ અથવા ક્રમ બની ગયો છે. મનુષ્યની ઉત્પતિથી જ તેને મહેનત અને શ્રમ અપાયાં છે. એ ઈશ્વર યોજીત અને ઠરાવેલી યોજના છે. ''યહોવાહ દેવે ભૂમિની માટીનું માણસ બનાવ્યું, અને તેનાં નસકોરાંમાં જીવનનો શ્વાસ ફુંકયો, અને માણસ સજીવ પ્રાણી થયું..... અને એદનવાડી ખેડવાને તથા તેનું રક્ષણ કરવાને યહોવાહ દેવે તે માણસને તેમાં રાખ્યો.''ઉત્પતિ ૨:૭, ૧૫ એમ શરૂઆતથીજ આદમની નિર્દોષાવસ્થામાં તેને વાડી ખેડવા તથા તેની મરામત અને દેખભાળની મહેનત માટે ઠરાવ્યો. આ મહેનત તેને માટે આનંદદાયક અને પ્રેરણાત્મક તથા આશીર્વાદયુક્ત હતી.

પરંતુ આદમ-હવાના આજ્ઞાભંગથી શ્રાપ નહોતર્યા. આખી માનવજાત શ્રાપરૂપ બની. મહેનત માનવ જીવનના એક ભાગરૂપ હોવાથી; એ મહેનત કષ્ટદાયક બની. ''એ સારૂ તારે લીધે ભૂમિ શાપિત થઈ છે.... તું ભૂમિમાં પાછો જશે, ત્યાં સુધી તું તારા મ્હોંનો પરસેવો ઉતારીને રોટલી ખાશે.''ઉત્પતિ ૩:૧૭-૧૯ એ રીતે દોષિત માનવીની સઘળી મહેનત કષ્ટદાયક અને કંટાળારૂપ બની ગઈ. પણ તેથી માનવી મહેનત મૂકી દઈ શકે નહિ. મહેનત - મજુરી તો તેણે કરવી જ રહી. કારણ,

મહેનત એ માનવીના ગુજરાન માટેની રોટલી કમાવાનું સાધન છે. જીવવા માટે રોટલી અનિવાર્ય છે. રોટલી કમાવા મહેનત - મજુરી અનિવાર્ય છે.

મહેનત - મજુરી માનવીને કસાએલું અને સશક્ત રાખે છે. માત્ર ખાનાર અને બેઠાડું જીવન ગુજારનાર, અશક્ત રોગી અને નિર્જીવ બને છે. નિષ્ક્રીય માનવીની દાનત પણ અશુભ બને છે. તેને શાંતિ હોતી નથી. ''મજુર ગમે તો થોડુ અથવા વધારે ખાય, તો પણ તેની ઉંઘ મીઠી હોય

છે; પણ દ્રવ્યવાનની સમૃદ્ધિ તેને ઉંઘવા દેતી નથી.'' સભા. ૫:૧૨.

જે કાર્યશીલ હોય છે, તે પોતાના કાર્ય માટે સજાગ રહીને કાર્યની ચોકસાઈ પણ કરે છે. તે પોતાની ભૂલને સુધારે છે. ફરી ભૂલ ન કરવાની તકેદારી રાખે છે. એમ તે પોતાની જાત વિષે પણ જાગૃત રહે છે.

મહેનતમાં રચ્યાંપચ્યાં રહેનાર માનવી સમયનો સદ્ઉપયોગ કરે છે. કારણ આળસ એ નિષ્ક્રીયતા શેતાનનું કારખાનું છે. 'નવરો બેઠો નખ્ખોદ વાળે.'

પ્રમાણિકપણે બજાવેલી ફરજ અને મહેનત એ તો માનવીની ભક્તિ છે. પ્રભુ દેવ એવી કામગીરીથી બહુ સંતુષ્ટ થાય છે. તમારી મહેનતને ઈશ્વર આશીર્વાદિતિ અને ફળીભૂત કરે છે.

મહેનત-મજુરી માણસને સન્માન અપાવે છે. તે કોઈનું ઓશીયાળું - લાચાર બનવા દેતું નથી.

મહેનત માનવી જીવનને ઉન્નત બનાવે છે. એમ મહેનતનું આગવું મહત્વ અને ગૌરવ છે.

ઘણાં મહેનતથી કંટાળે છે. મહેનતને હલકી ગણે છે. મહેનત-મજુરી કરવામાં હિણપત અગર નાનપ સમજે છે. પણ તેઓ ભુખ્યાં રહી શકતાં નથી. તેથી પછી તેઓ શેતાનના માર્ગે વળે છે. હલકાં અને અધમ, ન કરવાનાં એવાં કામો તરફ વળે છે. તેઓ જીવનનું સુખ પ્રાપ્ત કરતાં નથી; બલ્કે નાશ નોતરે છે.

મહેનત અને શ્રમ એ ઈશ્વરનો આપેલો શ્રાપ નથી; પરંતુ જ્ઞાની અને સમજુ મન તો ''જે કષ્ટદાયક શ્રમ ઈશ્વરે મનુષ્યને કેળવવાના સાધન તરીકે આપ્યો છે.'' સભા. ૩:૧૦ એમ માને છે. માટે જે માણસ જીવે છે તેણે મહેનત કરવી જ જોઈએ.

ઈશ્વર કદી નિષ્ક્રીય નથી. યોહાન ૫:૧૭ તે પોતાની કામગીરી સતત બજાવ્યા જ કરે છે. જુઓ, ''ઈસ્રાએલનો રક્ષક છે, તે ઉંઘતો નથી અને નિંદ્રાવશ થતો નથી. ''ગીત. ૧૨૧:૪

આકાશમાંના ચાર શ્વાપદો, ચોવીસ વડીલો અને લાખો દૂતો તેઓ દેવની સ્તુતિ કરતા થાકતા નથી. પ્રકટી ૪ અને ૫ અધ્યાય.

આકાશો, અંતરિક્ષ તેમજ સૂર્ય-ચંદ્ર - તારા, સતત દેવનું ગૌરવ પ્રસિધ્ધ કરે છે. ગીત. ૧૯.

જીવ-જનાવર, પશુ-પક્ષી, સર્વ જળચર, બધાં કાર્યશીલ રહીને દેવની સ્તુતિ કરે છે.

એક માત્ર શેઓલ નિષ્ક્રીય છે. ''શેઓલમાં કંઈ પણ કામ, યોજના, જ્ઞાન અથવા બુદ્ધિ નથી.''સભા. ૯:૧૦ શેઓલ એ તો મુએલાંઓની જગા અને મોત છે. માટે જ મહાજ્ઞાનીઓ અને અનુભવીઓએ શીખ આપી છે કે, જે કંઈ કામ તારે હાથ લાગે તે મન લગાડીને કર. દેવનું ભય રાખ અને તેની આજ્ઞાઓ પાળ. દરેક મનુષ્યની સંપૂર્ણ ફરજ એ છે. કેમકે દરેક ભલી અથવા ભૂંડી વાત સુદ્ધાં દરેક કામનો દેવ ન્યાય કરશે. સભા. ૧૨:૧૩.

હવે કામ અને આવક વિષે કુટુંબના સંદર્ભમાં જોઈએ; જ્યારે ખ્રિસ્તી પુરુષ પોતાને માટે પત્નિ સ્વીકારે છે; ત્યારે જ તે પત્નિના જીવનની તેના ભરણપોષણ તેમજ અન્ય સર્વ યોગ્ય જવાબદારીઓ પોતે સ્વીકારી લે છે. પતિ પોતાની પત્નિનો શિરપતિ છે.

પત્નિ પોતાના પતિનું શરણું સ્વીકારે છે, ત્યારે તે તેની સેવા અને ઘરની સંભાળનાં કાર્યો સ્વીકારે છે.

એમ પતિ-પત્નિનાં સંપ-પ્રેમ અને સેવાનાં ભાગીદાર બનવા બાળકો આવે છે. બાળકોથી ઘર અને કુટુંબ ભર્યું ભાદર્યું અને આનંદકારક બને છે. આ સર્વના કિલ્લોલનો આધાર કુટુંબના આધ્યાત્મિક અને ભક્તિમય જીવન પર અને કુટુંબની આવક પર અવલંબે છે. પ્રભુ દેવના સાનિધ્ય અને સંગતથી આધ્યાત્મિક જીવન આશીર્વાદમય બને છે; તેમ આવક દ્વારા જીવનની દૈહિક જરૂરીયાતો પૂરી પડતાં સંતોષ અને સંપ રહે છે.

પતિ, કુટુંબના વડા તરીકે આ બંન્ને બાબતો માટે સંપૂર્ણ જવાબદાર છે. પત્નિ તેમાં ભાગીદાર છે.

પોતાના કુટુંબના નિર્વાહ અને ભરણ પોષણની સર્વ જરૂરીયાતો પૂરી પાડવા પ્રત્યેક પુરુષે જરૂરીયાતની યોગ્ય કમાણી કરવીજ જોઈએ. એ તેની ફરજ અને જવાબદારી પણ છે.

આધ્યાત્મિક જીવન અને ભક્તિભાવમાં વિશ્વાસુ અને પ્રમાણિક બનવું જરૂરી છે; તેટલું જ પોતાના અને પરિવારના કૌટુંબીક જીવનની જરૂરીયાત પ્રાપ્ત કરવા કમાણી અને આવક બાબતે પણ પ્રમાણિક અને સત્યનિષ્ઠ બનવું જરૂરી છે. એ પ્રભુ પરમેશ્વરની ઈચ્છા અને યોજના છે. આવક અને દ્રવ્ય પ્રાપ્તિનાં સર્વ સાધનોની શુધ્ધતા હોવી વિશેષ જરૂરની અને આવશ્યક છે. એ ઈશ્વરનું ફરમાન છે. ''તું તારી કોથળીમાં જુદી જુદી તરેહનાં કાટલાં, એટલે એક મોટું અને એક નાનું ન રાખ. તું તારા ઘરમાં અનેક તરહેનાં માપ, એટલે એક મોટું અને એક નાનું ન રાખ. પૂરેપૂરૂ અને અદલ કાટલું તું રાખ; પૂરેપૂરૂ તથા અદલ માપ પણ રાખ; એ માટે કે જે દેશ યહોવાહ તારો દેવ તને આપે છે, તેમાં તારૂં આયુષ્ય દીર્ઘ થાય. કેમ કે જેઓ એવાં કામ કરે છે, એટલે જેઓ અન્યાય કરે છે, તે સર્વ યહોવાહ તારા દેવને અમંગળ લાગે છે,'' પુર્ન. ૨૫:૧૩-૧૬.

''ખોટાં ત્રાજવાં યહોવાહને કંટાળારૂપ છે; પણ અદલ કાટલાંથી તે રાજી થાય છે.''નીતિ. ૧૧:૧ ''ખોટે રસ્તે મેળવેલું દ્રવ્ય ઘટી જશે; પણ મહેનતથી સંગ્રહ કરનારની પાસે તેનો વધારો થશે.'' નીતિ ૧૩:૧૧

''આળસું માણસ પોતે પકેડલો શિકાર રાંધતો નથી; પણ ઉદ્યોગી થવું એ મૂલ્યવાન સંપત્તિ મેળવવા જેવું છે. નેકીના માર્ગમાં જીવન છે; અને તેમાં મરણ છે જ નહિ.'' નીતિ. ૧૨:૨૭-૨૮.

આમ સન્માર્ગે તથા પ્રમાણિક પણે મેળવેલું દ્રવ્ય ઉન્નતિકારક છે, તેનો વહીવટ અને વપરાશ પણ સન્માર્ગે જ થવો જોઈએ. ધન ઈશ્વરકૃપાથી પ્રાપ્ત થાય છે. એ દેવનો આશીર્વાદ છે. દેવ પોતાના ભક્તોને,

જેઓ તેના માર્ગમાં ચાલે છે, તેમને કોઈપણ સારાં વાનાંની ખોટ પડવા દેતો નથી. ''યહોવાહ મારો પાળક છે, મને કશી ખોટ પડશે નહિ. '' ગીત. ૨૩:૧૧ વળી ''મારો દેવ, પોતાના મહિમાની સંપતિ પ્રમાણે તમારી સર્વ ગરજ ખ્રિસ્ત ઈસુમાં પૂરી પાડશે'' ફિલી. ૪:૧૯.

માટે ખ્રિસ્તી કુટુંબની સર્વ આવકનો દશમો ભાગ તે પ્રભુ પરમેશ્વરને અર્પિત થવો જોઈએ. એ દેવની ઈચ્છા છે. એ મનુષ્યનું કર્તવ્ય અને ફરજ છે. એ નવા અને મોટા આશીર્વાદો પ્રાપ્ત કરવાની એક માત્ર સચોટ થાપણ અને રોકાણ છે. જુઓ, દેવ કહે છે, ''દશાંશો ભર્યાપૂરા ભંડારમાં લાવો, જેથી મારા મંદિરમાં અન્નની છત રહે, અને એમ કરીને મારૂં પારખું તો લઈ જુઓ, કે હું તમારે સારૂ આકાશની બારીઓ ખોલી નાખીને સમાવેશ કરવાને પૂરતી જગા નહિ હોય, એટલા બધા આશીર્વાદ તમારા પર મોકલી દઉં છું કે નહિ ! એવું સૈન્યોનો દેવ યહોવાહ કહે છે.'' માલાખી ૩:૧૦.

દાન ધર્મ અને પૂણ્ય કાર્યોમાં વપરાતું તમારૂં દ્રવ્ય એ તમારી સૌથી મોટી થાપણ અને બેન્ક સીલક છે; તે અગણીત આશીર્વાદો પ્રાપ્ત કરાવનાર રોકાણ છે.

તમારી આવકના બાકી નેવુ ટકા તે તમારી વપરાશના છે. પરંતુ તે વપરાશ અને ખર્ચમાં પણ દેવે આપેલી બુદ્ધિ અને જ્ઞાનનો ઉપયોગ થવો બહુ ઘટારત અને અવશ્ય છે. કેવળ અને માત્ર મોજશોખ, એશારામ તથા જગતના આનંદ પ્રમોદ માટે તમારી આવક વેડફી નાખવી હિતાવહ નથી. એ તમારા નાશને નોતરશે. જુઓ લુક ૧૬:૧૯-૩૧ શ્રીમંત માણસ અને ગરીબ લાજરસનો દાખલો લો, શ્રીમંત માણસ તેના આ ટુંકા જીવનમાં ખુબ મોજમઝામાં તથા દબદબા અને અમનચમન ખાણીપાણીમાં રહ્યો અને જીવ્યો, પણ અનંતકાળના નાશમાં ગયો. કારણ લાજરસ જે દુઃખી લાચાર અને ભૂખ્યો, શ્રીમંતનાં આંગણામાં પડયો રહેતો હતો, તેને શ્રીમંત કદી પોતાની પુષ્કળતામાંથી એક રોટલી આપીને તેની ભૂખ ભાંગવા પ્રયત્ન કર્યો નહિ. ભૂખ્યો લાજરસ સ્વર્ગનો ભાગીદાર બન્યો.

તમારી આવકમાં તમારી આસપાસનાં ભૂખ્યા, તરસ્યાં, દુઃખી અને લાચાર નો પણ યોગ્ય હિસ્સો છે, તમારી મદદનો હાથ તેમના સુધી લંબાવવો એં તમારી આવશ્યક ફરજ છે. ''પણ જેની પાસે આ જગતનું દ્રવ્ય હોય અને પોતાના ભાઈને ગરજ છે, એવું જોયા છતાં તેના પર તે દયા ન કરે, તો તેનામાં દેવની પ્રીતિ શી રીતે રહી શકે ? ૧.યોહાન ૩:૧૭.

પરોણાગત એ પણ તમારી પુંજીનો એક હિસ્સો છે. સગાં સંબધી, મિત્રો તેમજ ધર્મપરાયણોની આગતા સ્વાગતા અને પરોણાગત કરવી એ જીવનનો આનંદ અને સેવા છે.

''પરોણાગત કરવાનું ભૂલો નહિ, કેમ કે તેથી કેટલાએકે અજાણતાં દેવ દૂતોને પરોણા રાખ્યા છે.'' હેબ્રી. ૧૩:૨.

કુટુંબની પ્રત્યેક વ્યકિત નાનાં અને મોટાં સર્વ મિતાહારી સંયમી અને મર્યાદિત જીવન જીવનાર બને એ જરૂરનું છે. માટે બીનજરૂરી મોજશોખ અને વિલાસ તથા શણગાર અને સ્વચ્છંદમાં પોતાની કમાણીનો દૂર ઉપયોગ થવો ન જ જોઈએ. એ ખ્રિસ્તી કુટુંબને માટે શોભતું અને પ્રભુને ગમતું છે.

દ્રવ્ય-ધન એ આ જગતમાં સાધનરૂપ છે. એ માનવીના વપરાશ અને સગવડ માટે છે. માટે ધન માનવી પર ધણીપણું ન કરે એ અગત્યનું છે. માનવીનું ચિત્ત માત્ર ધન પર જ ચોંટેલું ન રહે, કારણ ધન કરતાં ધન આપનાર પ્રભુ વિશેષ મોટો છે. પ્રભુ એકલોજ જીવનમાં પ્રથમ અને અગ્રસ્થાને હોવો આવશ્યક છે. કુટુંબમાં પ્રભુ પરમેશ્વર જ મુખ્ય અને સર્વોચ્ચ ગણાવો અને મનાવો જોઈએ. તે સર્વમાં હોવો જોઈએ.

''જેમ દ્રવ્ય આશ્રય છે, તેમ બુદ્ધિ પણ આશ્રય છે; પણ જ્ઞાનની ઉત્તમતા એ છે કે તે પોતાના માલિકના જીવનું રક્ષણ કરે છે.''

સભા. ૭:૧૨

''પૃથ્વી પર પોતાને સારૂ દ્રવ્ય એકઠું ન કરો, જ્યાં કીડા તથા કાટ નાશ કરે છે; અને જ્યાં ચોરો ખાતર પાડીને ચોરી જાય છે. પણ તમે

પોતાને સારૂ આકાશમાં દ્રવ્ય એકઠું કરો, જ્યાં કીડા તથા કાટ નાશ નથી કરતા, અને જ્યાં ચોરો ખાંતર પાડીને ચોરી જતા નથી. કેમ કે જ્યાં તમારૂ દ્રવ્ય છે, ત્યાંજ તમારૂં ચિત્ત પણ રહેશે. ''માત્થી ૬:૧૯-૨૧.

'' જે માણસ યહોવાહનો ભક્ત છે, અને તેની આજ્ઞાઓ પાળવામાં બહુ ખુશ થાય છે, તેને ધન્ય છે. તેનાં સંતાન પૃથ્વી ઉપર બળવાન થશે; યથાર્થીના વંશજો આશીર્વાદ પામશે. તેના ઘરમાં ધનદોલત થશે; અને તેનું ન્યાયીપણું સર્વકાળ રહેશે. યહોવાહની સ્તુતિ કરો. ''ગીત. ૧૧૨:૧-૩ કારણ કે ''જો યહોવાહ ઘર ન બાંધે, તો તેના બાંધનારાંનો શ્રમ મિથ્યા છે. યહોવાહ નગરનું રક્ષણ ન કરે; તો ચોકીદારનું જાગવું કેવળ વ્યર્થ છે. તમારૂં વહેલું ઉઠવું અને મોડુ સુવું તથા કષ્ટ વેઠીને રોટલી ખાવી તે પણ વ્યર્થ છે. કેમ કે દેવ પોતાનાં વ્હાલાંઓ ઉંઘતા હોય તોપણ તેમને આપે છે. છોકરાં તો યહોવાહનું આપેલું ધન છે; પેટનાં ફરજંદ તેના તરફનું પ્રતિદાન છે. યુવાવસ્થામાંના પુત્રો બળવાનના હાથમાંના બાણ જેવા છે. તેઓ વડે જેનો ભાથો ભરેલો છે, તેને ધન્ય છે. તેઓ ભાગળમાં પોતાના શત્રુઓની સાથે બોલશે, ત્યારે તેઓ ફજેત થશે નહિ.''

ગીત. ૧૨૭.

ખ્રિસ્તી કુટુંબનું આ સાચું ચિત્ર છે. ખ્રિસ્તી કુટુંબની સાચી આવક અને મિલ્કત એ તેના કુટુંબનો આદર્શ - ભક્તિ - પ્રેમ અને સંપ છે. પ્રભુ ઈસુ ખ્રિસ્ત જે સર્વોત્તમ અને સર્વમાં છે, તે તેમનો સાથી અને સંઘાતી છે.

# ૮. કૌટુંબીક બંધારણ

ખ્રિસ્તી કુટુંબ એ ઐક્યતાનું એક એકમ છે. સંપ અને પ્રેમ વગર ઐકયતા અશક્ય છે. ઐકયતા એ આધિનતાને આભારી છે. આધિનતા નિયમ માગે છે.

જગતનાં સર્વ બંધારણો નિયમને આધિન છે. કુટુંબના પણ નિયમો છે. કુટુંબ માટે સૌથી મોટો અને પ્રથમ નિયમ તે પ્રેમનો નિયમ છે. પ્રેમ વગર આધિનતા સંભવિત નથી; અને આધિનતા વગર કુટુંબનું અસ્તિત્વ નથી. કુટુંબ એટલેજ સંપ - પ્રેમ અને આધિનતાના દોરડે ભેગું બાંધેલું એકમ છે.

પિતા-માતા અને બાળકો એ નાનું કુટુંબ છે. દાદા દાદી અને તેમના પરિવારનાં બનેલાં કુટુંબો એ સર્વ એક મોટું કુટુંબ છે. જ્યારે ત્રીજી ચોથી પેઢીનાં; તેમજ માતૃપક્ષનાં સર્વ સગાં તથા તેમનાં કુટુંબોનાં એકમો બધાં ભેગાં મળીને એક વિશાળ કુટુંબ બને છે. તળાવ કે સરોવરનાં પાણીમાં જેમ વમળ પેદા થઈને વર્તુળ વધતાં વધતાં સમગ્ર પાણીને આવરી લે છે. તેમ એક કુટુંબ વધતાં વધતાં સમગ્ર જનસમુહને, જગતની સર્વ પ્રજાઓને આવરી લે છે. ત્યારે તે વિશ્વ બંધુત્વમાં પરિણમે છે. ઈશ્વરની યોજના અદભૂત છે.

આવા આખા જગતની સમ્રગ પ્રજાના બંધુત્વ પ્રેમના કેન્દ્રમાં રહેલા કુટુંબના એકમને શીખીએ અને વિચારીએ એ બહુ જરૂરનું છે. કારણ આપણે દરેક એ કુટુંબના એક અંશ તરીકે છીએ.

નર-નારી, પતિ-પત્નિ, એ ઈશ્વર પ્રેરિત અને યોજીત સંબંધ છે. બાળકો, એ દેવનાં દીધેલાં કૃપાદાન છે. પિતા-માતા અને બાળકોનું આ કુટુંબ એ દૈવી છે. તેથી આ કુટુંબનો સૌ પ્રથમ અને સૌથી અગત્યનો સંબંધ તે દેવ સાથેનો છે. કુટુંબના પ્રત્યેક પ્રસંગો સારા કે માઠા ગમે તે હોય; એ સર્વમાં દરેક વખતે દેવના સાનિધ્યમાં અને સંગતમાં રહેવું એ

કુટુંબને માટે હિતાવહ છે.

"એ માટે દયા પામવાને તથા અગત્યને પ્રસંગે, સહાયને સારૂ કૃપા પ્રાપ્ત કરવાને આપણે હિંમતથી દેવના કૃપાસન પાસે આવીએ."

હેબ્રી. ૪:૧૬.

ખ્રિસ્તી કુટુંબ માટે આ સૌથી પહેલી અને અગત્યની આજ્ઞા-નિયમ અગર ફરજ છે. "પ્રભુ આપણો દેવ ને પ્રભુ એકજ છે; અને તારા પૂરા હૃદયથી અને તારા પૂરા જીવથી અને તારી પૂરી બુદ્ધિથી અને તારા પૂરા સામર્થ્યથી, પ્રભુ તારા દેવ પર તું પ્રીતિ કર." અને બીજી આજ્ઞા એ છે કે "જેમ તું પોતા પર પ્રીતિ કરે છે, તેમ તારા પાડોશી પર પ્રીતિ કર."

એઓ કરતાં બીજી કોઈ મોટી આજ્ઞા નથી. તે સર્વ સકળ દહનીયાર્પણ તથા યજ્ઞ કરતાં પણ છે. માર્ક ૧૨:૨૯-૩૩ આ બેજ આજ્ઞા એ આખા નિયમશાસ્ત્રના સારાંશનો નિચોડ અને અર્થ છે. મનુષ્ય, દેવ સાથે અને મનુષ્ય મનુષ્ય સાથેના નિકટના અને સીધા સબંધ અને સંપર્કમાં રહે; એ આખા નિયમ શાસ્ત્રને પાળવા તેમજ ધંર્મ બજાવવા બરોબર છે. તેની સામે કોઈ નિયમ-ક્રિયા-કર્મ-કાંડ અગર રીતરિવાજ, માન્યતા આડે આવતાં નથી.

પ્રીતિ - પ્રેમ, ઓળખાણ વગર થતાં નથી. ઓળખાણ વિશ્વાસ ઉપજાવે છે. મુલાકાત અને સંગત - સંપર્ક, પ્રેમ પેદા કરે છે. વિશ્વાસ અને પ્રેમ સ્વાર્પણ કરાવે છે. સ્વાર્પણ એજ ભક્તિ છે.

તેથી ભાઈઓ, હું તમને વિનંતી કરીને કહ્યું છું કે "દેવની દયાની ખાતર તમે તમારા શરીરોનું જીવતું પવિત્ર તથા દેવને પસંદ પડે એવું અર્પણ કરો, એ તમારી બુદ્ધિપૂર્વકની સેવા છે. આ જગતનું રૂપ તમે ન ધરો, પણ તમારા મનથી નવીનતાને યોગે તમે પૂર્ણ રીતે રૂપાંતર પામો. જેથી દેવની સારી તથા માન્ય તથા સંપૂર્ણ ઈચ્છા શી છે, તે તમે પારખી શકો."રૂમી. ૧૨:૧-૨.

આવું સ્વાર્પણ કરનાર પોતાના સ્વામીથી વેગળું કેમ રહી શકે ?

તે તો સવારે જાગતાં અને દિવસના ઘણા સમયોમાં તેમજ રાત્રે સુતાં સ્મરણ અને પ્રાર્થનાઓ સ્તુતિઓ ગુજારે છે. દરેક સમયે તેનું જ મનન અને રટણ કરે છે. એ છે દેવની ભક્તિ-પ્રાર્થના અને મુલાકાત. દિવસના ઘણા પ્રસંગોમાં અને ભોજન સમયે પણ પ્રભુનો આભાર માનવામાંજ તે પોતાને ધન્ય માને છે.

ખ્રિસ્તી કુટુંબની એ છે ભક્તિ અને ભાવના એ બહુ આનંદદાયક છે. માનવીની શાંતિનો એજ માત્ર ઈલાજ અને ઉપાય છે. તમે ન અનુભવ્યો હોય તો આજથી અજમાવી જુઓ, અને જાણો, કે યહોવાહ દેવ તે ઉત્તમ છે. તે દયાળુ અને પ્રેમાળ પ્રભુ છે. તે તમારા જીવનોનું અલૌકિક રૂપાંતર અને પરિવર્તન કરશે. તમારા કુટુંબને પહાડ પર વસાએલા નગર જેવું પ્રકાશમાન અને પ્રસિધ્ધ બનાવશે.

વળી એજ પ્રેમ અને સંગતની આપ લે સાથી મનુષ્યો સાથે થતાં, તમારા પ્રેમ-આનંદ અને શાંતિનો પાર રહેશે નહિ. 'તમે જગતનું મીઠુ છો; તમે જગતનું અજવાળું છો.' એ વિધાનને તમે સિધ્ધ કરી બતાવશો. જગતને સ્વાદિષ્ટ બનાવનારાં, તેમજ પ્રકાશ પાથરનારાં બનશો. તમે ધન્ય મનાશો. જગતને ધન્ય બનાવશો.

કુટુંબની પ્રત્યેક વ્યક્તિ મહેનતકશ અને ઉદ્યમી બને. કુટુંબની એક વ્યક્તિ કામ કરે અને બીજી વ્યક્તિ બેસી રહે તે માત્ર માણસાઈનો અભાવ વગર બીજું કોઈ નથી. પિતા ઘરની મરામત અને વ્યવસ્થા અગર કંઈપણ કામ કરે, ત્યારે દીકરા ધીંગા મસ્તી કરતા રહે એ કેમ અને ક્યાંથી બને ! સિવાય કે તમે શેતાનનાં છો, મા, ઘરની કામગીરીમાં થાકી જતી હોય અને જુવાન છોકરી રેડીયા - ટી.વી. સાથે મલકાતી હોય તો તેમની વચ્ચે શેતાન છે. નહિ તો પિતા - માતાની સર્વ નાની-મોટી કામગીરીમાં બાળકો ખભેખભા મીલાવનારાં ના હોય, તો ગામની ભાગોળે મોટા મુકાબલા વખતે તો એવાં બાળકો ફજેતી કરાવનારાં જ બને ને ?

એનાં મૂળ કારણમાં ઘણીવાર માબાપની ભૂલ હોય છે. બાળકો

પર પ્રેમ કરવાના કારણે ઘણીવાર તેઓ તેમને કામ કરવા દેતાં નથી. અથવા તેઓ ભૂલ કરશે. નહિ આવડે, એમ માને છે. પણ માબાપ ભૂલી જાય છે કે એકવાર ભૂલ કર્યા પછી જ સુધારીને પ્રવિણ બનાય છે. બાળકોને કામ કરવા દો; કામમાં પરોવતાં રહો. કામગીરી એ એક મોટી પાઠશાળા છે. બાળકોને તેમના પ્રમાણમાં કામની જવાબદારી સોંપો. તે વિષેની સમજણ અને દોરવણી આપો. ત્યારે જ તેઓ પાવરધાં બનશે.

''અમારા દીકરા પોતાની યુવાવસ્થામાં વધેલા રોપા જેવા થાઓ. અમારી દીકરીઓ રાજમહેલના જેવી શણગારેલી ખૂણાની થાંભલીઓ જેવી થાઓ. ગાબડું પાડનાર કોઈ.ન થાઓ; અને નાસી છૂટનાર કોઈ ન હો. અમારી શેરીઓમાં કંઈ બૂમ ન પાડો. જે લોકો આવા હોય છે, તેઓ સુખી હોયછે. જેઓનો દેવ યહાવોહ છે તેઓને ધન્ય છે. ''

ગીત. ૧૪૪:૧૨-૧૫

દીકરાઓ વધેલા રોપા જેવા, ફૂલ અને ફળ આપનારા સિધ્ધી સફળ કરનારા, તેમજ દીકરીઓ રાજમહેલની ખૂણાની થાંભલીઓ, જેના પર આખા રાજમહેલનું વજન અને આધાર રહેલાં છે. વળી તેઓ શણગારેલી છે. ગાબડુ પાડનાર, નાસી છૂટનાર અગર અમથી બૂમો પાડનાર કોઈ નથી.

કુટુંબનું કેવું સુંદર ચિત્ર છે!

દીકરા-દીકરીઓએ માબાપનું સન્માન કરવું. એ દેવની આજ્ઞા છે. લાંબા આયુષ્યની એ ચાવી છે. નિર્ગમન ૨૦:૧૨ માબાપને માન આપનાર અને અપાવનાર છોકરાં આશીર્વાદિત થાય છે. એટલુંજ નહિ પણ માબાપના આનંદરૂપ બને છે. એવાં બાળકોથી જેનો ભાથો ભરેલો હોય તેમને ધન્ય છે. એવાં બાળકો પોતાનાં માબાપ સાથે ઉભાં રહીને, ખભેખભા મિલાવી જગતની પ્રગતિ અને અનંતકાળીક જીવનના સોપાન સર કરે છે.

માતા-પિતા, તમે તમારા છોકરાંઓને ચીડવો નહિ; પણ પ્રભુના

શિક્ષણમાં તથા બોધમાં તેઓને ઉછેરો.

દાસો-ચાકર, તમે તમારા શેઠને ભય તથા કંપારી સહિત આધીન રહો. ફરજ પડવાથી અગર પરાણે નહિ, પણ પ્રેમથી તેમની સેવા બજાવો. વળી ધણીઓ, ધણીપણું કરવાનું અને ધમકી આપવાનું છોડી દો. એફેસી ૬:૧-૯.

ખ્રિસ્તી કુટુંબોમાં આવાં પ્રેમ-સંપ અને ડહાપણની ઘણી જરૂર છે. કારણ આ ખ્રિસ્તી શિક્ષણ છે. વળી ખ્રિસ્તી વ્યક્તિ અને કુટુંબને, આ જગતના અધિકારી શેતાનની સામે યુદ્ધ કરવાનું છે. એકલે હાથે આ લડાઈ લડી શકાય નહિ. કેમકે શેતાનનું સૈન્ય અતિ મોટું છે. તેના અધિપતીઓ, અધીકારીઓ, જગતના અંધકારના સત્તાધારીઓ, તેમજ દુષ્ટતાનાં લશકરોની સામે બાથ ભીડવાની છે. ત્યારે આત્મિક હથિયારો સજવા ઉપરાંત હુંફ અને સંપ-સંગતના ટેકાની બહુ જરૂર છે. આવા ટેકા ઉત્તેજનનું પ્રથમ સ્થળ ખ્રિસ્તી કુટુંબ છે. કુટુંબો દ્વારા સમાજ અને તે વધીને સમગ્ર જગત પરની ખ્રિસ્તી મંડળી - ખ્રિસ્તની કન્યા ટેકારૂપ બને છે.

સૌ પ્રથમના ખ્રિસ્તીઓની શક્તિ શામાં હતી ? સતાવણીનાં પરિબળો સામે ટકી રહેવાને ક્યાં કારણો હતાં ? જુઓ પ્રેરિ. ૨:૪૧-૪૭

પ્રથમ, તેઓ પ્રભુ દેવને સમર્પિત હતાં. જુના જગતના જીવનને તજી દઈ ખ્રિસ્ત ઈસુના નવા જીવનને તથા તેના આદર્શને ગ્રહણ કર્યા હતા.

તેઓ પ્રેરિતોના બોધમાં, સંગતમાં, રોટલી ભાંગવામાં (પવિત્ર સંસ્કાર) તથા પ્રાર્થનામાં દ્રઢતાથી લાગુ રહ્યાં.

તેઓ એક ચિત્તના તથા મનનાં હતાં. જે કંઈ કરતાં તે સાથે રહીને સંપથી કરતાં હતાં. તેઓ પ્રેમની આધીનતામાં રહીને સહુ એકબીજાંને સરખાં ગણતા અને માન આપતાં.

વિશેષ તેઓ એકબીજાને સારૂ આગ્રહથી પ્રાર્થના કરતાં હતાં.

ખ્રિસ્તી કુટુંબ, મંડળીનું એક નાનું એકમ - અંગ છે. પ્રત્યેક ખ્રિસ્તી કુટુંબો ઉપયોગી ગુણોથી ભરપૂર બને કેટલું બધું જરૂરી અને ઈચ્છવા જોગ છે. એ દેવની મરજી છે.

પોતાના અત્યંત લાભ ખાતર અને ઈશ્વરની ઈચ્છા પૂર્ણ કરવા, પ્રત્યેક ખ્રિસ્તી કુટુંબની વ્યક્તિ અંગત રીતે અને જુથ તરીકે તેમણે જે પ્રાથમિક અને જરૂરની બાબતો છે, તે જોઈએ અને વિચારીએ....

કૌટુંબીક કાર્યવાહી સરળ બને માટે એક સમય પત્રક બનાવવું. એ સારૂ થઈ પડે. સમય પ્રમાણે ઉઠવું. જમવું પોતાનાં કાર્યો કરવાં અને રાત્રે સમય પ્રમાણે સૂવું. એમ કરવાથી દરેકને સમયની કિંમત અને તે સાચવવાની સમજ પડે. દરેકને એકબીજાની કામગીરીનું ભાન રહે.

દરરોજ સવારે અને સાંજે ચોક્કસ સમયસર કૌટુંબીક પ્રાર્થના - આરાધના અને દેવનાં વચનોનું વાંચન અને મનન અવશ્ય થવું જ જોઈએ. કોઈ તેમાંથી બાકાત ન રહે. એજ રીત અને ટેવ દરેક વ્યક્તિની અંગત પણ બને.

જમતી વેળા બધાંએ સાથે બેસવું વળી આભાર સ્તુતિની પ્રાર્થના વગર કોઈ જમે નહિ. બધાં સાથે બેસીને જમે એ પ્રેમ અને સંપની નિશાની છે. એકબીજા પ્રત્યેની ચિંતા દર્શાવે છે. તેમજ વહેંચીને ખાવાની ભાવના પેદા થાય છે.

નોકરી - કામ ધંધે જનારાં તેમજ નિશાળે ભણવા જતાં બાળકો દરેકને કુટુંબનાં બધાં એકબીજાંને શુભેચ્છા પાઠવે, અને વિદાય આપે એ બહુ ઈચ્છવા જોગ અને ઉત્તમ છે. એકબીજાં પ્રત્યેની શુભેચ્છાઓ ઘણીવાર મુશ્કેલીઓથી દૂર રાખે છે.

માતા-પિતાએ પોતાનાં બાળકો પર નજર રાખવી. દિવસના અનુકુળ સમયે બાળકોનો ચોક્કસ સંપર્ક સાધવો. તેમની હિલચાલમાં રસ લેવો. શિખામણ, ઉત્તેજન, ઠપકો અને જ્ઞાન આપવાં. તેમના પ્રશ્નો અને મુંઝવણોનો યોગ્ય ઉકેલ કરવો. આ સમય બહુ કિંમતી અને

લાભદાયક છે.

બધાં બાળકો પર સરખો પ્રેમ રાખવો, જેથી તેઓમાં ઈર્ષા પેદા ના થાય. બાળકોને બીન જરૂરી લાડ ન લડાવો. તેમજ તેમની બધી માગણીઓ જે વ્યાજબી ન હોય તે સર્વ પૂરી ના પાડો, તેમ કરવાથી તેઓ પોતાની જ ઈચ્છા પૂરી કરાવનારાં તથા હઠીલાં બનશે, અને વંઠી જશે.

છોકરાંના ગમા-અણગમાને ઉત્તેજન ન આપો. અમુક જ ખોરાક, કપડાં, ચીજવસ્તુ, ગમે છે અને તેના આગ્રહ રાખે એવું થવા ન દો કે કરવા ન દો. બધા સમયો અને સ્થળ સરખાં નથી હોતાં. એવી કુટેવથી તેઓ પોતાને બીજાઓની દષ્ટિમાં અણગમતા ન બનાવે; માટે સમય - સ્થળ અને સંજોગોમાં તેઓને અનુકુળ થવાને શીખવો.

મિતાહારી, સયંમી અને સાદા સીધા બનવાને શીખવો. નૈતિક અને આધ્યાત્મિક જીવનની મહત્વતા અને ભવ્યતા સમજવા અને તે પ્રમાણે વર્તવા દરેકને શિખામણ આપો.

બીજાઓની સાથેના સંર્પક અને વ્યવહારમાં વિવેકી બનો અને બાળકોને પણ તેવાં બનાવો. નાનાં - મોટા દરેકનું માન જળવાય તે સારૂં અને શોભતું છે.

ઘરમાં અને બહાર જાહેર સંપર્કમાં તમારી જીભ પર કાબુ રાખો; કારણ ઘણું બોલવામાં દોષની અછત હોતી નથી. તમારી દરેક વાત સલુણી અને સ્પષ્ટ હોવી જોઈએ. જીભના દુષણ વિષે જુઓ વાંચો, યાકુબનો પત્ર ત્રીજો અધ્યાય.

બની શકે ત્યાં સુધી બીજાંઓની પાસેથી ઉછીનું અગર માગીને લેવાનું કદી પસંદ ન કરો. એ ખરાબ ટેવ છે. તેથી તમે હલકાં પડો છો. કદી ઉધાર ન ખરીદો, એ બૂરી આદત છે. તેના બદલે અછત વેઠીલો, એ સારૂ છે. એ ખ્રિસ્તી ગુણ છે. પ્રેમ સિવાય બીજા કશાનું દેવુ તમે ના કરો. એ પ્રભુનું શિક્ષણ છે.

તમારી કમાણી નકામા મોજશોખ-શણગાર અને ખાણીપીણીમાં

ના વાપરો. એ તમારી કમાણીને કાણી કોથળીમાં નાખવા બરાબર છે. તમારી આવકનો સદ્ઉપયોગ થાય; એ બહુ જરૂરનું છે. તમારા ભવિષ્યને માટે મિલ્કતનો બચાવ કરો, જેથી તમે ઓશીયાળાં ના બનો.

તમે તથા તમારાં બાળકો એકબીજાં પ્રત્યે ખુલ્લા મનનાં અને નિખાલસ બનો. પોતાની ભૂલ કબૂલ કરતાં શીખો. એ ડહાપણ છે. દોષ બીજાને માથે ન ઢોળો. કોઈ કોઈને હલકું પાડવા પ્રયત્ન ન કરો. એ પણ પાપ છે.

નાનાં મોટાંના પ્રમાણમાં માન અને મર્યાદા રાખે. દરેક જણ પોતાના પ્રમાણમાં એકબીજાને ઉપયોગી અને મદદગાર બને. દરેક જણ, ઘરની - બહારની તેમજ એકબીજા પ્રત્યેની જે કંઈ જવાબદારીઓ હોય તેમાં મદદગાર અને ઉપયોગી બને. જવાબદારીઓ સમજો અને ઉપાડો.

માતાપિતા પોતાનાં બાળકોની મર્યાદા રાખે, અને બાળકો માબાપની આમન્યા જાળવે.

જગતની આંટીઘૂંટી બદલાતી રહે છે. સમયોનું વહેણ બદલાય છે. પરિસ્થિતઓ ફેરવાતી જાય છે. ચડતી-પડતી અને તડકા-છાયાં આવે છે. જગત પર અંધકારના ઓળા વધારે ઘાડા અને કાળા બન્યા છે. ત્યારે ખ્રિસ્તી કુટુંબે શાંત અને ગંભીર બની ને, ''જે કંઈ સત્ય, જે કંઈ સન્માન પાત્ર, જે કંઈ ન્યાયી, જે કંઈ શુધ્ધ, જે કંઈ પ્રેમપાત્ર, જે કંઈ સુકિર્તીમાન છે; જો કોઈ સદ્ગુણ કે જો કોઈ પ્રસંશા હોય, તો આ બાબતોનો વિચાર કરો. ''ફિલી. ૪:૮ અને શાંતિનો દેવ, પ્રભુ ઈસુ ખ્રિસ્ત તમારી સાથે રહેશે અને તમારાં મનોની તેમજ જીવનની સંભાળ રાખશે.

# ૯. આનંદી ઘર

મકાન એટલે ઈંટ-પત્થર - ચૂના અને લાકડાનું બનાવેલું રહેવાનું રહેઠાણ. એ વિશાળ અને આલીશાન ઈમારત હોય કે માત્ર મઢુલી પણ હોય. એ માત્ર આશરા માટેની જગા છે. ઘર એટલે મકાન અને તેમાં રહેલું આખું કુટુંબ; જ્યાં સંપ-હુંફ અને દિલસોજી પ્રાપ્ત થાય છે. તેથી લોક કહેવત ચાલે છે કે ''ધરતીનો છેડો ઘર'. દરેક કુટુંબને પોતાનું આગવું ઘર હોય છે.

પક્ષીઓને માળા હોય છે. જનાવરને કોડ - ગભાણ હોય છે. જંગલી જીવ જનાવરને સંતાવાના ઓથા અને ગુફા હોય છે. ગરીબ અને ભટકી ગયેલાં, ત્યાજ્ય મનુષ્યો માટે પણ ખૂણા-ખાંચા ગમે ત્યાં મળી રહે છે. એમ બધાનાં રહેઠાણ છે.

પરંતુ ખ્રિસ્તી ઘર એ અનોખું અને અજોડ છે. તે કોઈ ગેરેજ નથી કે જ્યાં જડ વાહનો પડયાં રહે. ઘર એ કાંઈ હોટલ વિશી પણ નથી કે જ્યાં માનવી આવીને પોતાના પેટની ભૂખ ભાંગે અને ચાલ્યું જાય. તે માત્ર આરામગૃહ કે ધર્મશાળા નથી; જ્યાં થોડીવાર શારીરિક થાક ઉતારીને પછી જતા રહેવું પડે.

ઘર એ તો જગત પરનું સ્વર્ગ છે. તેમાં વળી ખ્રિસ્તી ઘર એ તો અદભૂત છે. જ્યાં કુટુબંની દરેક વ્યકિત નિરાંત અને નિર્ભયતા અનુભવે છે. શરીર - મન અને આત્માના થાક ઉતારી આશ્વાસન અને શાંતિ મેળવે છે. પ્રેમ અને અનુરાગની હુંફમાં પ્રત્યેક વ્યકિત પોતાનાં દુઃખ ભૂલી જાય છે. મહેલ હોય કે ઝુંપડી, પણ જો તે ખ્રિસ્તી ઘર છે, તો તે અદ્‌ભૂત આનંદ આવાસ છે.

ખ્રિસ્તી વ્યકિત અને ઘર-કુટુંબ સુખી અને આનંદી હોય છે. તેનાં કારણ કયાં ? શું ધન દોલત તેમનાં સુખ અને આનંદનું કારણ છે ? શું તેમની સુંદરતા - શણગાર અગર રાચરચીલાં ? શું ભણતર કુનેહ અને

ચંચળતા ? ક્યા રહસ્યની ચાવી તેમના હાથોમાં છે ? કોના આશરે અને કારણે ખ્રિસ્તીઓ અને તેમનાં કુટુંબો સુખી અને આનંદી છે ? આ રહ્યા જવાબ....

પ્રથમ, તેઓ ખ્રિસ્ત ઈસુના લોકો છે. તેઓ ખ્રિસ્તી છે. ખ્રિસ્ત ઈસુ એ જ એકલો તારનાર અને ઉધ્ધારક પ્રભુ છે. આકાશમાં, પૃથ્વી ઉપર, કે પૃથ્વીની તળે એવું બીજું કોઈ નામ અગર દેવ નથી કે જે માનવજાતનું તારણ-ઉધ્ધાર કરી શકે. પ્રેરિ. ૪:૧૨; ફિલી. ૨:૧૦-૧૧

બીજું, તેઓ તારણ પામેલા લોક છે. તેઓ પાપની માફી પામેલાં છે. તેમનાં પાપ ભૂંસી નંખાયેલા તેમજ ભૂલી જવામાં આવ્યાં છે. જે ફરી કદી યાદ કરતાં નથી. પાપ તેમને પજવતાં નથી. પ્રભુ ઈસુ ખ્રિસ્તે આપણાં પાપ પોતાના માથે લીધાં અને આપણા અપરાધોને સારૂ મધ્યસ્થી કરી. યશા. ૫૩.

ત્રીજું, પ્રભુ ઈસુ ખ્રિસ્તના સોળથી ખ્રિસ્તીઓને સાજાપણું મળ્યું છે. ''તે તારા સર્વ રોગ મટાડે છે,....
તે ઉત્તમ વસ્તુથી તારા મોઢાને તૃપ્ત કરે છે, જેથી ગરૂડની પેઠે તારી જુવાની તાજી કરાય છે. ગીત. ૧૦૩:૩,૫. તેઓ નિરોગી છે.

ચોથું, ''તે તારો જીવ નાશથી બચાવે છે; અને તને કૃપા તથા રહેમનો મુગટ પહેરાવે છે. ગીત. ૧૦૩:૪.
આ કેટલી મોટી કૃપા તથા દયા અને આનંદનું કારણ ગણાય ?

પાંચમું, આકાશ તથા પૃથ્વીનો ઉત્પન્નકર્તા પ્રભુ પરમેશ્વર તેમના પર પ્રેમ કરે છે. કોઈ આપણને ચાહે છે, એ વિચાર માત્ર કેટલો આનંદદાયક છે ! પ્રભુ તેમનો સાથી મિત્ર બની રહે છે. યોહાન ૧૫:૧૫ સાચા મિત્રની સંગતમાં આનંદ વગર બીજું શું હોઈ શકે ?

છઠ્ઠું ખ્રિસ્તીઓની સાથે અને ઘર-કુટુંબમાં પ્રભુ પોતે વાસો કરે છે. પ્રતિપળ આવા પ્રેમાળ પ્રભુ દેવની સંગત અનુભવવી એ કેટલો મોટો આનંદ ગણાય. યોહાન ૧૪:૧૬,૨૩, પ્રકટી. ૩:૨૦ આવી સંગતનો

અનુભવ પ્રાર્થના - આરાધના, દેવનાં વચનો નાં અધ્યાયન અને વાતચીત દ્વારા તેમજ સ્તોત્રો અને ગીતોના આનંદ દ્વારા પ્રગટ થાય છે.

સાતમું, પાપ ઉપર જીત મેળવે છે. ''જો કોઈ માણસ ખ્રિસ્તમાં છે, તો તે નવી ઉત્પતિ છે. જે જુનું હતું તે સર્વ જતું રહ્યું છે; જુઓ, તે નવું થયું છે.'' ૨ કરંથી૫:૧૭

''જે મને સામર્થ્ય આપે છે, તેની સહાયથી હું બધું કરી શકું છું.'' ફિલી. ૪:૧૩ ઈસુ ખ્રિસ્ત તે પ્રભુ છે, માનવી જીવનનું રૂપાંતર અને પરિવર્તન કરનાર તે એકલો જ પ્રભુ પરમેશ્વર છે.

આઠમું, ખ્રિસ્તી લોકોને પોતાના જીવનના તારણની ખાત્રી છે. કારણ તે જ્ઞાનની તાર્કિક વાત નથી, પણ ચોક્કસ અને પ્રત્યક્ષ બાબત છે. જે ખ્રિસ્તીઓનાં જીવન દ્વારા સ્પષ્ટ થાય છે. એ વિચાર - વાણી અને વર્તનનું પરિવર્તન છે. તે નવું જીવન જીવે છે.

નવમું, તેને સ્વર્ગની ખાત્રી છે. જગત પરના ટુંકા જીવન પછી સ્વર્ગીય અનંતકાલીક અને સુખદાયક જીવનમાં જવાની ઈચ્છા અને તમન્નામાં હરઘડી જીવે છે.

દશમું, ખ્રિસ્તી માણસને મૃત્યુની બીક નથી. કેમકે તેને માટે જીવવું તે ખ્રિસ્ત અને મરવું તે લાભ છે. તેથી ખ્રિસ્તી માણસ મરી ગયેલું મનાતું કે ગણાતું નથી. પણ તેને માટે એમ કહેવાય છે કે 'Promoted to Glory' એ મહિમાવંત જીવનની બઢતી છે.

અગીયારમું, પ્રભુ ઈસુ ખ્રિસ્ત મરણમાંથી પાછા ઉઠયો અને જીવીત છે. એ સત્ય પ્રમાણે ખ્રિસ્તીઓ પણ મરણમાંથી પાછા ઉઠનાર છે. એ નિર્વિવાદ સત્ય પ્રમાણે ખ્રિસ્તીઓ અનંતકાલીક જીવનો પ્રાપ્ત કરનારાં છે.

બારમાં, પ્રભુ ઈસુ ખ્રિસ્તના વચન અનુસાર તે ફરી પાછા તેમના લોકોને લેવા આવનાર છે. યોહાન ૧૪:૧ - ૩ ૧ કરંથી ૧૫:૫૦ - ૫૪, ૧ થેસ્સા ૪:૧૬ - ૧૮ ખ્રિસ્તીઓ આ ધન્ય ઘડીને અમર આશામાં જીવે

છે અને મરે છે, કે ફરી પાછા તેઓ જીવે.

આ ક્ષણભંગુર અને અસ્થિર જગતમાં જે માણસોને ઉપરોક્ત આશીર્વાદની ખાત્રી અને તેની પ્રાપ્તિ થઈ હોય, તે કેટલાં વિશેષ આનંદી અને સુખી હોય ! તેઓ તોં માત્ર ખ્રિસ્ત ઈસુને પોતાના તારનાર અને પ્રભુ તરીકે સ્વીકારનારાં જ હોઈ શકે. માટે જ ખ્રિસ્તીઓ સુખી અને આનંદી છે. વળી એટલા માટે જ આ જગત પરના જીવનમાં ખ્રિસ્તી બનવું અને હોવું તથા જીવવનું એ સૌથી મોટા ગૌરવની અને માનની બાબત છે.

શું તમે ખ્રિસ્તી છો ? તમે ખ્રિસ્તનાં છે ? ''તમારામાંના જેટલાં ખ્રિસ્તમાં પામ્યાં. તેટલાંએ ખ્રિસ્તને પહેરી લીધો છે.'' ગલા ૩ઃ૨૭. ''જેટલાં એ તેનો (ખ્રિસ્તનો) અંગીકાર કર્યો, એટલે જેટલાં તેના નામ પર વિશ્વાસ કરે છે, તેટલાંને તેણે દેવના છોકરાં થવાને અધિકાર આપ્યો.'' યોહાન ૧ઃ૧૨

ખ્રિસ્તીઓ અને તેમનાં ઘર-કુટુંબ આવા હોય છે. પરંતુ કુટુંબનાં બધા ખ્રિસ્તી હોવાથી જ માત્ર એમ બનતું નથી. પરંતુ સાચા અર્થમાં કુટુંબના દરેક જણે ખ્રિસ્તી હોવું અને બનવું જોઈએ, ત્યારે જ ખ્રિસ્તી ઘર સુખી અને આનંદી બને. એ માટે ''ખ્રિસ્તનું ભય રાખીને એકબીજાને આધીન રહો'' એફેસી ૫ઃ૨૧ એકબીજાને બીક થી નહિ પણ પ્રભુના ભયથી રાજીખુશીની આધીનતા સ્વીકારો.

ઘર એ કોઈ કપડાં ઉતારીને બેસવાની જગા નથી. પણ કપડાં ઉતારવા સાથે ચિંતાના બોજ અને મનના થાક ઉતારવાની એ જગા છે. પ્રેમ અને નિરાંતની જગા છે. સુખ દુઃખની ભાગીદારી અનુભવવાની જગા છે.

પણ એ ક્યારે બને ? જ્યારે સંત પીત્તરની શિખામણ આપણે ગ્રહણ કરીએ ત્યારે; જુઓ, ૧ પીત. ૩ઃ૫-૯

'કેમકે પ્રાચીન સમયમોમાં જે પવિત્ર સ્ત્રીઓ દેવ પર આશા

રાખતી હતી; તેઓ પોતપોતાના પતિઓને આધીન રહીને, તે જ પ્રમાણે પોતાને શણગારની હતી. જેમ સારાહ ઈબ્રાહીમને સ્વામી કહીને તેને આધીન રહેતી હતી તેમ. જો તમે રૂડુ કરો છો અને કંઈપણ ભયથી ગભરાતી નથી, તો તમે તેની (દિવની) દીકરીઓ છો.

એજ પ્રમાણે પતિઓ, સ્ત્રી નંબળું પાત્ર છે એમ જાણીને તેની સાથે સમજણપૂર્વક રહો; તેઓની સાથે જીવનની કૃપાના સહવારસ છો, એમ જાણીને તેને માન આપો; કે જેથી તમારી પ્રાર્થનાઓ અટકાવવામાં આવે નહિ.

વળી ઘરનાં બીજાં સર્વને પણ તે કહે છે કે, છેવટે તમે સર્વ એક મનનાં, બીજાંના સુખ દુઃખમાં ભાગ લેનારાં, ભાઈઓ પર પ્રીતિ રાખનારાં, કરૂણાળુ તથા નમ્ર થાઓ. ભૂંડાઈને બદલે ભૂંડાઈ અને નિંદાને બદલે નિંદા ન કરો; પણ તેથી ઉલટું આશીર્વાદ આપો. કેમકે તમે આશીર્વાદના વારસ થાઓ, એ માટે તમને તેડવામાં આવ્યાં છે.'' આ છે, ખ્રિસ્તી સુખી અને આનંદી ઘરનો આદર્શ અને નમૂનો. દરેકને એ અપનાવવા માટે છે. શોભાનો કે અલમારીમાં શણગાર મુકવા માટે નથી જ. એ આચરવા અને અનુભવવા માટે છે.

એકવાર એક ખ્રિસ્તી ઘરમાં, બાપ નોકરી પર ગયા હતા. મા ઉપલા મેડે કામ કરતાં હતાં. નાનાંભાઈ બ્હેન નીચે ઘર-ઘર રમતાં હતાં. એટલામાં તેઓ જોર શોરથી જાણે લડવાના આવેશમાં બોલવા લાગ્યા. મા એ તે સાંભળ્યું. જલદી જલદી દાદરો ઉતર્યા. નીચે આવી છોકરાંને ધમકાવ્યાં કે તમે કેમ લડો છો ? છોકરાં શાંત થઈ ગયાં, પણ પછી હસીને કહ્યું કે મમ્મી અમે તો રમીએ છીએ; લડતાં નથી. અમે તો મા અને બાપા બનીને તેમનો પાઠ ભજવતાં હતાં. મા હસી પડી પણ તેની ગંભીરતા ના સમજી. ઘણાં ઘરકુટુંબની આવી દશા નથી શું ?

ત્યારે દાઉદ ભક્તનું કથન કેટલું બધું ઉપયોગી અને જીવનમાં ઉતારવા જેવું છે. '' હું સીધા માર્ગનું ધ્યાન કરીશ; તું ( ઈશ્વર) મારી પાસે

ક્યારે આવશે ? હું ખરા અંતઃકરણથી મારા ઘરમાં વર્તીશ.'' ગીત. ૧૦૧ઃ૨.

પોતાના ઘરમાં પણ વ્યકિતએ યાદ રાખવું જોઈએ કે ત્યાં પ્રભુ દેવની હાજરી છે; અને તેને રાજી રાખવો એ પ્રત્યેકની ફરજ છે. જ્યારે પ્રભુ દેવને રાજી રાખીએ છીએ, ત્યારે સાથી મનુષ્યનોને પણ રાજી રાખવાની આપણી ફરજ બને છે. જો તેમ નથી કરતાં તો આપણે પરમેશ્વરને ઠગીએ છીએ. જુઓ, ૧ યોહાન ૩ઃ૧-૧૬; ૪ઃ૨૦-૨૧

હવે, જો તમે ઈચ્છો છો કે તમારૂં ઘર-કુટુંબ પ્રભુ દેવને માન-મહિમા આપનારૂં બને; દેવની ઈચ્છાપૂર્ણ કરનાર અને તેનું જ નામ મોટું મનાવનાર બને; તો નીચેની વિગતો તપાસો અને તમારા જીવનમાં ઉતારો- અપનાવો.

૧. તમે તમારી પોતાની જાતને તપાસો; કે તમે પોતે પ્રભુ દેવ સમક્ષ સીધાં અને પાધરાં છો કે નહિ ?

બહુ ચોક્કસ બનો, કે તમારૂં જીવન પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં જડ નાંખેલું સંસ્થાપીત છે ? કેમ કે ઘણીવાર આપણે ચાલુ ચીલે ચાલ્યા જ કરીએ છીએ. ઘણીવાર આપણે બીજાની આંખમાંનું તણખલું જોઈ છીએ; પણ પોતાની આંખમાંની ભારોટીઓ જોતાં નથી. પરંતુ બીજાંને દોષિત ઠરાવવા કરતાં પોતાની જાત તપાસ કરીએ તે વધારે ફાયદામંદ બનશે. પ્રભુમાં નવો જન્મ પામેલાં બનીએ અને જીવીએ.

૨. મતભેદ અને મનભેદવાળાં ભાઈ કે બ્હેન સાથે બેસીને પ્રાર્થના કરો. પ્રાર્થના સર્વ પ્રસંગો ને બદલી શકે છે. ખ્રિસ્ત ઈસુના જેવું મન રાખીને એકબીજા સાથે સમાધાન કરો. તે વગર બીજી બધી કામગીરી અધુરી બનશે. માત્થી ૫ઃ૨૪

3. દરેક વિચારમાં, વાતમાં અને વર્તનમાં તમે પ્રભુ ઈસુના સ્વભાવ અને ગુણને તમારી સમક્ષ રાખો. બીજાં સારો વર્તાવ કરશે તે પહેલાં તમે સારાં બનો. એમાં તમારૂં માન અને મોભો છે.

૪. પ્રભુ ઈસુ ખ્રિસ્ત તમારા ઘરમાં નથી, તો તેનું કારણ એ જ કે તમે પોતે ખ્રિસ્ત ઈસુમાં નથી. ખ્રિસ્તને તમે તમારો તારનાર અને પ્રભુ બનાવ્યો નથી.

તો હવે આજેજ તમે ખ્રિસ્તને આધીન થાઓ; અને તમારૂં જીવન સ્વાર્પણ કરો. ખ્રિસ્તના મન અને સ્વભાવ પ્રમાણે ઘર-કુટુંબનાં સર્વ સભ્યો સાથે વર્તો અને પ્રેમ કરો.

૫. એકબીજાના અપરાધ માફ કરો. કારણ આપણે પણ અપરાધી છીએ. બીજાના અપરાધ માફ કર્યા વગર આપણે આપણા અપરાધોની માફી માગી શકતાં નથી. માત્થી ૬:૧૨ એ આપણી પ્રાર્થનાને જૂઠી ઠરાવે છે.

૬. તમારી ભાષા, મુખના શબ્દો નમ્ર અને માનયુક્ત તથા પ્રેમાળ બનાવો. કટાક્ષ કરીને બીજાઓને હલકાં ન પાડો. તમારા સિવાય બીજાંની ટીકા ટીપણ કરીને તેમને તિરસ્કાર પાત્ર ન બનાવો. એ બૂરી આદત છે, ચેપી છે, એકબીજાંને વિખૂટાં પાડે છે.

૭. છેલ્લી બાબત કે તમે ઘરનાં સર્વ સંઘાતે બેસીને બાઇબલ વાંચન અને અધ્યયન કરો. અમૂક ફકરા કઠંસ્થ કરો. બધાં સાથે પ્રાર્થના કરવાનું ચૂકશો નહિ. સમૂહ અને વ્યક્તિગત પ્રાર્થનામાં બીજાનાં નામ દઈને તેમને માટે પ્રાર્થના કરો. એ પ્રેરણાદાયક નિવડશે.

વળી રવિવારની ખ્રિસ્તી મંડળીની ભજન સેવામાં જવાનું ચૂકશો નહિ. સમયસર તમે અને તમારાં બાળકો પોતાનાં બાઈબલ અને ભજન સંગ્રહ સાથે લઈને જાઓ. અનિવાર્ય કારણ વગર આ સામુહિક ભજન ભક્તિ કદી પણ ટાળશો નહિ.

તમારાં બાળકોને સન્ડે સ્કુલમાં બેસાડવાનું ભૂલશો નહિ.

આ સર્વ દ્વારા તમારૂં ઘર ભર્યું ભાહ્યું, સુખી અને આનંદી બનશે. પ્રભુ ઈસુ ખ્રિસ્ત તમારા મહેમાન બનશે; કુટુંબના સભ્ય બનીને કાયમ તમારી સાથે રહેશે. માત્થી ૨:૨૦.

તે તમારા દોરનાર - ચલાવનાર અને સલાહકાર બનશે.

જુઓ, "જે તમારી આગળ જાય છે, તે તો યહોવાહ છે; તે તારી સાથે રહેશે; તે તને છોડી દેશે નહિ, અને તને તજી દેશે નહિ; બ્હીશ મા, અને હબ્બકી જઈશ મા." પૂર્ન ૩૧:૮

"નગરમાં તું આશીર્વાદિત થશે, અને ખેતરમાં તું આશીર્વાદિત થશે. તારા પેટનું ફળ, તથા તારી ભૂમિનું ફળ, તથા તારો ઢોરનું ફળ, એટલે તારી ગાયોનો વિસ્તાર, તથા તારાં ઘેટાં બકરાંના બચ્ચાં આશીર્વાદિત થશે. તારી ટોપલી તથા તારી કથરોટ આશીર્વાદિત થશે. તું અંદર આવતાં તેમજ બહાર જતાં આશીર્વાદિત થશે.

તારા જે શત્રુઓ તારી સામે ચઢી આવે તેઓને યહોવાહ તારી આગળ માર ખવડાવશે. તારી સામે તેઓ એક માર્ગે ધસી આવશે અને તારી સામેથી સાત માર્ગે નાસી જશે.

યહોવાહ તારી વખારોમાં અને જેમાં તું તારો હાથ ઘાલે છે, તે સર્વમાં તને આશીર્વાદ દેશે; અન જે દેશ યહોવાહ તારો દેવ તને આપે છે, તેમાં તે તને આશીર્વાદ આપશે. જો તું યહોવાહ તારા દેવની આજ્ઞાઓ પાળીને તેના માર્ગોમાં ચાલશે; તો જેમ યહોવાહે તારી આગળ સમ ખાધા છે તેમ, તે તને પોતાની પવિત્ર પ્રજા તરીકે સ્થાપશે. અને પૃથ્વીના સર્વ લોક જોશે, કે યહોવાહના નામ પરથી તારૂં નામ પડેલું છે; અને તેઓ તારાથી બીશે.

તારા દેશ પર મોસમમાં વરસાદ મોકલવા સારૂ અને તારા હાથનાં સર્વ કામ પર આશીર્વાદ આપવા સારૂ યહોવાહ તારે સારૂ પોતાનો અખૂટ ભંડાર, એઠલે આકાશ ઉઘાડશે; અને તું ઘણી દેશ જાતિઓને ઉછીનું આપશે; પણ તું ઉછીનું લેશે નહિ.

યહોવાહ તને સર્વનું શિર બનાવશે, પણ પુચ્છ નહિ; અને તું ઉપર જ રહેશે અને તળે રહેશે નહિ." પુન. ૨૮:૩-૧૪.

"સૈન્યોનો દેવ યહોવાહ કહે છે કે ફરીથી વૃધ્ધ પુરુષો તથા સ્ત્રીઓ,

ઘણી પાકી વયને લીધે પોતાના હાથમાં લાકડીઓ લઈને તેનો ટેકો દઈને યરૂશાલેમની શેરીઓમાં બેસશે. વળી તે નગરની શેરીઓ, રમતાં છોકરાઓ તથા છોડીઓથી ભરપૂર થશે.''ઝખા. ૮:૪-૫

કેવા આશીર્વાદ ! કેવી જાહો જલાલી ! કેવો આનંદ ! શું એ તમારે માટે નથી ! તો શાને માટે વિલંબ કરો છો ? તમારા આશીર્વાદ, તમારી ભેટ, તમારે જ લેવા જવું પડશે. ઉઠો અને સ્વીકારો. પ્રભુ ઈસુ તમને નામ લઈને બોલાવે છે. યોહાન ૧૦:૩; ૧૧:૨૮.

# ૧૦. કૌટુંબીક રોજનીશી

સમય પ્રવાહી છે. તે વણથંભ્યો વહ્યા જ કરે છે. સવાર પછી બપોરે અને સાંજ થાય છે. એ કુદરતનો ક્રમ છે. એ ચક્ર ચાલ્યાજ કરે છે. ચક્રને કોઈ શરૂઆત અગર અંત નથી હોતો. એ તો અવિરત ચાલ્યા અને ફર્યા જ કરે છે.

જગતની ઉત્પતિથી એ જ દિવસ અને રાત, રાત અને દિવસ થયા જ કરે છે. સમયની ટીકટીક અને વહન, માનવી ને ઘણીવાર ટકટક લાગ્યાં છે. માનવીએ ઘણીવાર સમયને બાંધી રાખવા અને બહુધા ફેંકી દેવા ચાહ્યો છે. પણ સમય તેના પરિક્રમણમાં અચૂક અંને અડગ રીતે અને ગતિએ વહ્યાજ કરે છે. સમયને કોણ રોકી શકે છે ।

જતા રહેલા – વહી ગયેલા સમયને માનવી જ્ઞાને ભૂતકાળ ગણ્યો છે. કારણ તે માત્ર હવે ગણ ગણવાનો જ રહ્યો છે. તે હવે નથી આવવાનો.

ચાલુ સમય જે હાથમાં છે; તેને વર્તમાન કાળ કહેતો. કારણ એમાંજ તે વહે છે. વર્તે છે. એ તેના હાથમાં છે.

આવવાના સમયને ભવિષ્ય કાળ માન્યો છે. કારણ તે માત્ર માનવા પૂરતો જ છે. આવે ત્યારે ખરો.

એટલે સાચો સમય તે માત્ર વર્તમાન છે. જેમાં તમે છો, અને હલન ચલન કરો છો. વહી ગયેલા ભૂતકાળને તમે ફરી કદી પ્રાપ્ત કરી શકવાના નથી જ. ભાવિ જેને તમે જાણાંજ નથી. માટે વર્તમાન જ તમારો છે.

વિતી ગયેલા ભૂતકાળની માત્ર યાદી રહે છે. એ છે તેનો ઈતિહાસ. ઈતિહાસ એટલા માટે ઉપયોગી છે, કે જ્ઞાની માણસો તેમાંના પાછલા જુના માઠા બનાવો પરથી ધડો લઈ એવાં કામોને ત્યાં જય ગણે છે. જ્યારે સારા બનાવો અને કામો, ચાલુ જમાના માટે પણ પ્રેરણાદાયક ને ઉત્તેજન આપનારાં બને છે.

માઠો ભૂતકાળ લાલબત્તી સમાન થોભી જવાની ચેતવણી અને ભય બતાવે છે. જ્યારે સારા ભૂતકાળ આગળ વધવાની પ્રેરણારૂપ લીલી બત્તી છે.

દશકાઓ સેંકડો અગર હજારો વર્ષો પૂર્વેના માનવીનાં જીવનોના ઈતિહાસ આપણા માટે પ્રેરણાત્મક બને છે. એ છે ઈતિહાસ લખવાનો ઉદ્દેશ અને મકસદ જગતની ઉત્પતિથી આજ સુધી અને હવે પછી અંતસુધી ઈતિહાસ અને તવારીખ જળવાય રહે એ ઈશ્વરની પ્રેરણા અને ડાહ્યા માણસોનું કામ છે.

દેવ પ્રભુ પોતે પણ પોતાની હજુરમાં યાદીના પુસ્તકો - ઈતિહાસ - રોજનીશી લખી રાખે છે. માલાખી ૩:૧૬ પ્રકટી ૨૦:૧૨.

ઈતિહાસ એ માનવીના જીવનનું સરવૈયુ છે. માનવીના જીવનના નફા - તોટાનો ભાગ એ ઈતિહાસ પરથી નીકળે છે.

જગતમાં મહાનુભાવોના જ ઈતિહાસ અને જીવન ચરિત્રો લખાતાં આવ્યાં છે અને લખાય છે. એ સારૂ અને ઈચ્છવાં જોગ છે. કારણ જે સામાન્યમાંથી કંઈ પ્રાપ્ત કરવાનું ન હોય તો તેની પાછળ સમય અને શક્તિ બગાડવાનું શું પ્રયોજન ! શો ફાયદો !

તેમ છતાં હું માનું છું કે દરેક કુટુંબમાં તેના સભ્યોની તવારીખ અને યાદી રખાય એ સારૂં છે. જેથી ચાલુ પેઢીને તેમજ આવતી પેઢીઓને, વિશેષ કરીને એ કુટુંબના વંશ વેલાને જરૂર ઉપયોગી માહિતી આપનાર નીવડે.

અમુક તારીખો અને તહેવારો માનવીજીવન માટે બહુ આવકાર્ય અને ઉપયોગી છે. તેઓ જીવનને ચેતનવંતુ અને ઉત્સાહી રાખવા પ્રેરણારૂપ છે. તે દિવસોની સમૂહ ઉજવણી અને ભજન ભક્તિ તેમજ મળવું ઝુલવું એ નવા સંપ અને પ્રજાને ઐક્યતામાં રાખનારાં નીવડયાં છે. જે તે દિવસની ઉજવણી, તે દિવસનું મહત્વ અને બનાવની પ્રતીતિ કરાવનાર તેમજ નવી ધગશ અને પ્રેરણા દ્વારા જનજીવનને કાર્યશીલ બનાવે

છે. આવા દિવસો અને તહેવારોની ઉજવણી માનવી જીવનનાં તન અને મનના થાક ઉતારનારા તેમજ વેર-ઝેર મટાડવાના ઓસડરૂપ બને છે.

ખ્રિસ્તી કુટુંબના અને સમાજના એ વાર તહેવાર અને અગત્યના દિવસો ક્યા છે તે વિષે જોઈએ.

- રવિવાર, એ અઠવાડીઆનો પ્રથમ દિવસ છે. નવા અઠવાડીઆની શરૂઆત ભજન ભક્તિની ઉજવણી અને આનંદ તથા મિલન મુલાકાત તેમજ શુભેચ્છાઓથી થાય એ વધારે યોગ્ય અને ઈચ્છનીય છે.

  વળી આ દિવસનું મહત્વ એટલા માટે છે કે પ્રભુ ઈસુ ખ્રિસ્તે જગતનાં માનવી પાપો માટે પોતાનું બલિદાન આપ્યું. માણસે વેઠવાનું મરણ માણસ વતી દેવે ભોગવ્યું અને મરણ પામ્યા. પરંતુ એ મરણમાંથી તે ત્રીજે દિવસે ઉત્થાન પામ્યા...જીવતા થયા. કારણ મરણની સત્તા તેમના પર હતી જ નહિ. એ પ્રભુ ઈસુ ખ્રિસ્તના ઉત્થાનનો દિવસ રવિવાર હતો.

  શિષ્યો અને અનુયાયીઓ, જે એકસો વીસ માણસો ઉપર પવિત્ર આત્મા ઉતર્યો. એ ઈસુ ખ્રિસ્તના પુનરૂત્થાનથી પચાસમો દિવસ હતો. તે દિવસ પણ રવિવાર હતો. એ રીતે તે દિવસ આખો પ્રભુના ભજનભક્તિ અને ઉપાસનામાં તેમજ પ્રેમ અને ભક્તિભાવના મિલન મુલાકાત અને ઉજવણીમાં ગળાતો અને મનાતો આવ્યો છે. ખ્રિસ્તીઓ એ દિવસને પવિત્ર માને છે, અને પવિત્રતામાં ગાળવામાં આવે એ બહુ જરૂરનું અને ઈચ્છવા જોગ છે. આખા વર્ષના બધા જ રવિવારની આવી ઉજવણી ખ્રિસ્તી જીવનને ધબકતું અને ચેતનવંતુ રાખશે.

- નાતાલ,... ૨૫મી ડીસેમ્બર એ ઈસુ ખ્રિસ્તનો જન્મ દિવસ છે. એને નાતાલ કહેવાય છે. પ્રભુઓના પ્રભુએ સ્વર્ગનાં વૈભવ અને માન-મહિમા તજી દઈ આ જગત પર માનવ અવતાર લીધો. એ નાતાલ એટલે ? સૃજન જુના અપરિચીત યુગની સૌથી મહાન

મોટી યાદી. આજ અને કાલ માંટની નવી આશા અને દષ્ટિ. માનવી તારણ અને જીવન ઉધ્ધારની પ્રત્યક્ષ ખાત્રી. ધર્મ પરાયણતા, પ્રેમ અને પવિત્ર જીવવનો જન્મોદય. આ નાતાલ એટલે 'ઈસુ' જે લોકોને પાપથી તારશે તે. ''ઈમાનુએલ' એટલે દેવ માણસો સાથે.

દાનવ - શેતાનની જાળમાં ફસાઈ ગયેલાં, રૂંધાઈ - રીબાઈને નાશનાં તરફડીયાં મારતાં માનવીના, તારણ અને બચાવ માટે ઉધ્ધારકનો એ જન્મ દિવસ. કેવો આનંદદાયક !

ખ્રિસ્તી કુટુંબ અને પ્રજા પૂરા પ્રેમ અને પવિત્ર આનંદની છોળો ઉછાળીને આ તહેવાર ધામધૂમથી ઉજવે. જીવનમાં પ્રભુ ઈસુને પોતાનાં હૃદયો અને ઘરની ગભાણમાં જન્મવા દે. એથી વિષેશ આવકાર્ય ઉજવણી બીજી કઈ હોઈ શકે !

- નવું વર્ષ, .... ગણતરી પ્રમાણે એ વર્ષનો પ્રથમ દિવસ છે. પ્રભુ ઈસુ ખ્રિસ્તના જન્મ પછી શરૂ થતું ઈ.સ. વર્ષ એટલે દેવ માણસોની સાથે છે. એ ઉજવણી અને શરૂઆત નવી પ્રેરણા અને પ્રભુ દેવની સંગતના ફાગ પૂરે છે. આ નવા વર્ષની ઉજવણી દ્વારા આગામી વર્ષમાં પ્રભુ પરમેશ્વરની સમક્ષતા સાથે લઈને આગળ જવાની આપણી સાક્ષી અને મક્કમ નિરધાર છે એવી ઉજવણી આનંદભેર કરો.

- દુઃખ સહન સપ્તાહ અને પુનરૂત્થાન, .... આ સપ્તાહના દિવસો બધા મળીને રવિવાર થી રવિવાર સુધી આઠ દિવસ ગણાય છે, પ્રભુ ઈસુ ખ્રિસ્તના માનવી જીવનના આ છેલ્લા દિવસો છે. જે દિવસોમાં તેમણે માનવ કલ્યાણ માટે પારવાર દુઃખ અને મરણ સહ્યાં. આ સપ્તાહ તે માનવી જીવનના બદલાણ અને પરિવર્તન માટે હૃદય સ્પર્શી અને ઉત્તેજક તેમજ નમ્ર બનાવવા પીગળાવતા દિવસો છે.

ઈસુ ખ્રિસ્તના યરૂશાલેમમાં વિજયવંત પ્રવેશના રવિવારથી માંડીને પુનરૂત્થાનના રવિવાર સુધીના પ્રત્યેક દિવસ, તેનાં મનન દ્વારા ભાવિક માનવીને રોજ આગળ લાવતાં તેને વધસ્થંભ પાસે લાવીને સમર્પણ કરાવે છે. વળી પુનરૂત્થાનની પ્રભાતે ઉત્થાન પામેલા પ્રભુનાં દર્શન અને મેળાપ કરાવે છે.

આ પ્રત્યેક દિવસનું આગવું મહત્વ અને દર્શન છે. પૂર્ણ ગાંભીર્ય સહિત આ દિવસો પળાય તો જ પરમ પ્રભુનાં દર્શન થાય.

પ્રભુનો મેળાપ થાય અને તેનાં બની શકીએ.

● સ્વર્ગારોહણનો દિવસ, ...પ્રભુ ઈસુ ખ્રિસ્તના મરણમાંથી પાછા ઉઠયા પછી આ ચાળીસમો દિવસ છે. ઈસ્ટરના રવિવાર પછી બીજા પાંચ રવિવાર ગણીને પછી જે ગુરૂવાર આવે તે આ દિવસ છે. આ દિવસ હર વખત ગુરુવારે જ આવે. ઈસુ ખ્રિસ્તનું સ્વર્ગમાં ચઢી જવું આપણે માટે બહુ જરૂરનું અને ઉપયોગી હતું. કારણ તે જાય તોજ આપણે માટે સ્વર્ગીય ઘર અને જગા તૈયાર કરે; અને પાંછા આપણને લેવાને આવે. આજકાલ આ દિવસની ઉજવણી નહિવત થઈ ગઈ છે. બલ્કે ભૂલાઈ ગઈ છે. કોણ જાણે કેમ ?

આ દિવસ ધામધૂમ અને પ્રેમ આનંદથી ઉજવાય તો જ પ્રભુ ઈસુ ખ્રિસ્તના પુનરાગમનની ધન્ય ઘડીની આશા જન્મે અને રખાય. શું એ અગત્યનું નથી ? તો એ દિવસ પણ જરૂર ઉજવો.

● પચાસમાનો દિવસ, .... પુનરૂત્થાનથી એ પચાસમો દિવસ છે. ઈસ્ટરના રવિવાર પછીનો સાતમો રવિવાર ને આ દિવસ છે. પ્રભુ ઈસુ ખ્રિસ્તે માનવીના ઉધ્ધારનું કાર્ય વધસ્થંભ પર સંપૂર્ણ કર્યું. પછી માનવીને નવાં જીવનમાં બળ અને શક્તિ આપવા, પવિત્ર આત્મા મોકલવાનું વચન આપ્યું હતું. તે વચન પ્રમાણે આ પ્રભુ પવિત્ર આત્મા માણસો પર ઉતર્યાનો દિવસ હતો. એ મંડળીની સ્થાપનાનો દિવસ ગણાય.

પવિત્ર આત્મા વગર ખ્રિસ્તી જીવન અને મંડળી અધુરાં ગણાય.

નિર્જીવ ગણાય. તેથી પવિત્ર આત્માના દિવસનું મહત્વ બહુ મોટું છે. આજે ખ્રિસ્તી કુટુંબો અને મંડળી આ દિવસ ઉજવતી નથી. તેથી મંડળી અને કુટુંબો નિર્જીવ અને ખ્રિસ્તી જીવનમાં નબળાં છે.

પાદરી સાહેબો, મંડળીને જાગૃત કરવા બીજા ઘણા પ્રયત્નો કરે છે, ત્યારે આ દિવસની ઉજવણી કરીને મંડળીમાં પવિત્ર આત્માની ધગશ કેમ પેદા નથી કરતા તે સમજાતું નથી.

કદાપી દુઃખ સહન સપ્તાહની સાત દિવસ સતત ગમગીની પછી થાકી જતાં.હશે, માટે આ તહેવારો ભૂલાઈ ગયા હશે.

- પ્રભુ ઈસુ ખ્રિસ્તનું પુનરાગમન, ... આ બહુ ધન્ય ઘડી અને મહિમાવંત પ્રસંગ છે. આ પ્રસંગ માટે કોઈ તારીખ દિવસ - મહિનો - વર્ષ અગર સમય નથી. પરંતુ એટલું તો ચોક્કસ છે કે પ્રભુ ઈસુ ખ્રિસ્ત પોતાની કન્યાને લેવા માટે જરૂર પાછા આવવાના છે જ. ત્યારે જેમ કોઈ તરૂણી, પરદેશથી આવનાર પોતાના પતિની હરઘડી અને પળ રાહ જોતી પોતાને શણગારેલી તૈયાર રાખે છે. તેમજ ખ્રિસ્ત મંડળી જે પ્રભુ ઈસુ ખ્રિસ્તની કન્યા છે તેણે પણ પ્રતિપળ તૈયાર રહીને પોતાના સ્વામીના આગમનની રાહ જોવી પડે.

  આ પ્રસંગ-તહેવાર, દરરોજ અને હર ઘડી જાગતા રહીને ઉજવવાનો છે. પ્રતિપળ રાહ જોતાં, તેનું જ રટણ અને મનન કરવાનું છે. તે ગમે ત્યારે આવે, તે વેળાએ તમને તૈયાર અને શણગારેલાં જોઈને તમારો સ્વામી આનંદથી તમને ભેટે. એ તમારી ધન્યઘડીની આશા છે.

  ઉપરોક્ત તહેવારો, પ્રત્યેક ખ્રિસ્તી કુટુંબે અને સમગ્ર સમાજે ઉજવવાના અગત્યના દિવસો છે. જો એ તહેવારો તેની યોગ્યતા પ્રમાણે સમજી - વિચારીને, ભક્તિભાવ પૂર્વક ઉજવાય તો ખ્રિસ્તી જીવનો અને મંડળી, તેની મજલમાં તબક્કા વાર પ્રગતિ

અને ઉન્નતિના શિખરો સર કરે; તેમજ અન્ય પ્રજાઓ આગળ દિપી ઉઠે, તેમાં શક નથી.

આ તહેવારોને તમારા આધ્યાત્મિક જીવન સાથે સંબધ અને નાતો છે. એ તમારાં જીવનને પવિત્ર કરશે.

આ ઉપરાંત, અંગત કુટુંબોએ ઉજવવાના દિવસો વિષે જોઈએ. એ તમારા પોતાના છે:

કુટુંબનું મુખ્ય અંગ બાળકો છે. બાળકો દેવનાં દીધેલાં કૃપાદાન અને વરદાન છે. એ કૃપાદાનોને શાનમાં, કદમાં અને દેવની તથા માણસોની પ્રસન્નતામાં ઉછેરી મોટાં અને પ્રદિપ્ત કરવાં એ માબાપની અવશ્ય ફરજ છે. એવાં પ્રભુના સાનિધ્યમાં ઉછરેલાં બાળકો પોતાનાં માતપિતાને માન અપાવે છે; એટલું જ નહિં પણ સમાજનું ગૌરવ અને નામ રોશન કરે છે. દેવના દિવા અને નામ રોશન કરે છે. દેવના દિવા અને પ્રભુ પરમેશ્વરની સુગંધનાં ફૂલ બંનીને જગતને રૂપવંતું બનાવે છે. માટે પ્રભુ દેવ પોતાના જીવનના પુસ્તકમાં તેમનાં નામ નોંધે છે, ત્યારે તેમના નામ પણ નોંધાય છે. ગીત. ૮૭:૫-૬ કેવું ગૌરવ !

જો પ્રભુ પરમેશ્વર પોતાના લોકોની નોંધપોથી પોતાની પાસે રાખે છે. માલાખી ૩:૧૬ તો અહીં પૃથ્વી ઉપર પણ દરેક ખ્રિસ્તી કુટુંબો પોતાના કુટુંબની નોંધપોથી રાખે એ જરૂરનું છે. એ સારૂ છે. એવી નોંધ પોથી આપણને સજાગ રાખે છે.

મારા પિતાશ્રી નોંધપોથી (Dairy) નાબહુ શોખીન હતા. આખા વર્ષની રોજે રોજની તેઓ અગત્યની નોંધ રાખતા. તેમની જુવાનીથી તેઓ આ નોંધ રાખતા. પચાસેક વર્ષની ડાયરીઓ તો મેં જોએલી અને આમ તેમ વાંચેલી. તેઓ કૌટુંબીક ડાયરી અલગ રાખતા. મને પણ તેમના જેવો શોખ છે.

કૌટુંબીક વિગત નોંધપોથી માં દરેક વ્યક્તિ, માતા પિતા

અને બધાંજ બાળકો સહિત; દરેકના જન્મ દિવસ, તારીખ, સ્થળ અને સમય દિવસ નોંધાય; બાપ્તિસ્મા વિગત સાથે, નવો જન્મ, લગ્ન અને મરણ, એ સર્વ ટુંક વિગત સાથે, નોંધાય. દરેક વ્યક્તિની આવી નોંધ સામૂહિક એકજ પત્રકમાં અગલ અલગ પણ રાખી શકાય.

એજ પ્રમાણે પિતા પક્ષીય તેમજ માતા પક્ષીય કુટુંબોની પણ નોંધ રખાય તે ઈચ્છનીય છે. એથી આપણને તેમજ આપણાં બાળકોને તથા આવતી પેઢીને તે બહુ ઉપયોગી જાણકારી પૂરી પાડે છે. ઘણીવાર આપણાં બાળકોને ત્રીજી અને ચોથી પેઢીનું પણ જ્ઞાન અગર ઓળખ હોતાં નથી. ત્યારે એ તારીખો - પ્રસંગોની નોંધ આપણને એકબીજા પ્રત્યે સજાગ રાખે છે. જન્મ દિવસ - લગ્ન દિવસ અને બીજી આનંદની યાદગીરીના સમયો પર જે તે વ્યક્તિને અભિનંદન આપવાથી કેટલો મોટો આનંદ થાય છે. સંપ વધે છે. એકબીજા પ્રત્યે માન વધે છે.

જન્મ દિવસ - લગ્ન દિવસ અને બીજા આનંદના દિવસો કુટુંબમાં ઉજવાય એ આનંદદાયક અને ઉત્તેજન આપનાર બને છે. એવા નિમીત્તે આખા વિશાળ કુટુંબને નોતરી શકાય. એકબીજાને ભેટસોગાદ પણ અપાય અને લેવાય. એમ કરવાથી આખા કુટુંબની ઐકયતા - સંપ અને પ્રેમ વધે છે. નાનાં મોટાંની આમન્યા જળવાય છે. નિકટતામાં અવાય છે. તે દિવસે બધાં સાથે મળીને કરેલાં ભજનભક્તિ દરેક વ્યક્તિમાં નવો ભાવ અને જીવનની મહત્તા પેદા કરે છે. કુટુંબનાં આદર્શ વડીલોનું અનુકરણ કરવાની પ્રેરણા મળે છે.

આખો દિવસ નિર્દોષ આનંદ પ્રમોદમાં પસાર થાય છે. આસપાસનાં સર્વ પર નવી છાપ બેસાડે છે. એ તમારી રહેણી કરણીની સુવાર્તા છે.

તેવા દિવસોમાં તમે દાનધર્મ કરી શકો છો. તેમ કોઈ અનાથ-ગરીબ અથવા પ્રભુના સંત-સેવકોને પણ નહોતરીને તેમની સેવા કરી શકો છો. એ સર્વ તમારા લાભમાં ગણાશે.

ત્યારે વર્ષ દરમ્યાન આવતા આવા પ્રસંગોની ઉજવણીથી તમે દરેક જણ કુટુંબના અને પ્રભુ પરમેશ્વરના નિકટના સબંધમાં રહી શકશો. માટે તમારી જોગવાઈ અને અનુકુળતા પ્રમાણે દરેક નાનાં મોટાંના જીવન પ્રસંગો ઉજવાય તેવો પ્રબંધ કરશો. એ સર્વમાં પ્રભુ દેવની ઉપકાર સ્તુતિ અને આરાધના કેન્દ્ર સ્થાને રહે તેની વિશેષ તકેદારી રાખવી. એના વગર સર્વ નિષ્ફળ જશે એ યાદ રહે.

ત્યારે હવે તમે પોતેજ તમારા કુટુંબની સર્વ વ્યક્તિઓને આવરી લેતું એવું સમય પત્રક નોંધપોથી કે યાદી પત્રક તમારી પોતાની રીતે તૈયાર કરો. જેથી તે પર નજર ફેરવતાંજ કુટુંબનોં ઘણોં બધો ખ્યાલ આવી જાય. એકબીજાને ભૂલી ન જવાય.

સહુ ઉપરાંત તારણહાર પ્રભુ ઈસુ ખ્રિસ્ત અને તેના રાજ્યની વાતોને ભૂલાય નહિ; કારણ ખ્રિસ્ત ઈસુ આપણામાં (ખ્રિસ્તીઓમાં) મહિમાની આશા છે. કલોસી ૧ : ૨૭ આ મર્મને આપણામાં ખૂલ્લો પ્રગટ કરીએ. આમેન.....

## ૧૧. કૌટુંબીક રત્નમાળા

આ રત્નમાળાના ટચૂકડા ટુકડા એ તો મન ભાવતા મુખવાસ છે. જે ભોજન પછી આનંદદાયક બને છે. તે સ્વાદિષ્ટ સાથે પાચક પણ છે. ભોજનને સંતોષદાયક બનાવે છે. એના સેવનથી મન અને જીવ ઉલ્લાસીત થાય છે. એને જેમ વધારે વાગોળીએ તેમ તે વધારે સ્વાદિષ્ટ અને ઉત્તેજનાત્મક બને છે. મુખવાસ એ તો રસના ચટકા છે. થોડાકથી જ વધારે આનંદ અને સંતોષ આપનાર છે.

આ રહ્યા, એ ટચૂકડા ટુકડા; એ તમારે સારૂ છે. લો અને માણો; તેનાથી જીવન પુલકિત બનશે. તમે પોતે પોતાને ગમશો અને બીજા સર્વને પણ ગમતાં થશો. જેથી વળી એકબીજા વચ્ચે સંપ, આનંદ અને પ્રેમ રેલાશે. તેની સુવાસ ચોતરફ પ્રગટાશે. પ્રસંશાના ફાગ ફગાશે.

આ સૂત્રો દેખાવમાં નાનાં લાગે છે, પણ તેમાં બહુ મોટા જીવનના પાઠ વણાએલા છે.

- માનવીની સૌથી મોટી ઠગાઈ તે પોતાની જાતને બીજા બધાં કરતાં મોટા અને જ્ઞાની સમજવાની છે.
- પ્રત્યેક માનવીનો સૌથી મોટો શત્રુ તે પોતે જ છે, જ્યારે તે પોતાની જાતને જ ઓળખતો નથી ત્યારે.
- ઉચ્ચ આદર્શ માનવીના જીવન સાથી બને એ વધારે ઈચ્છવાજોગ અને યોગ્ય છે; કારણ ઉચ્ચ આદર્શો એજ જગતના માલિક ધણીં છે.
- પ્રેમ કરનારાં કદી થાકતાં કે કંટાળતાં નથી, કારણ તેઓ એકબીજાંને વખાણે છે.
- ખંત અને મહેનત વગર પ્રાપ્તિ મળતી નથી જ.
  ખંતથી મહેનત કરનારને આખું જગત તાબે થાય છે.
- કુટુંબમાં કોઈ વ્યક્તિ આળસુ ન બને; કારણ

Idle - I = Irresponsible .... બીન જવાબદાર

D = defeated....હારેલુ - નાસીપાસ

L = Lustful....વાસના - વિકારયુક્ત

E = Emaciation .....શોસાઈ જતું

આળસ, માનવીને બીન જવાબદાર, ભરેલું, વિકારયુક્ત અને સ્વંય શોસાઈ જતું બનાવે છે.

- પ્રમાણિકતા અને ઐકયતા, સુખી ઘરના બાંધનાર એન્જીનીયર અને શિલ્પી છે.
- મહેનત અને શ્રમને તમારા ઘરના બારી-દરવાજા બનાવો, જેથી સમૃધ્ધિ અંદર આવે.
- નિખાલસતા અને આનંદના પ્રકાશથી ઘરને ભરેલું અને પ્રકાશિત રાખો.
- પ્રેમના વાતાવરણથી ઘરને આરોગ્યદાયક બનાવો.
- પવિત્રશાસ્ત્ર - બાઈબલનું અધ્યયન અને પ્રાર્થના નિત્ય જારી રાખો અને ખંતથી કરો.
- દૈવી સંગત માટે અંગત અને સામુહિક કુટુંબ માટે રોજ સમય ફાળવો અને લાગુ રહો.
- વ્યકિતગત જીવનના શુધ્ધિકરણને મહત્વનું ગણો.

  કુટુંબની પ્રત્યેક વ્યક્તિ માટે ધ્યાન રાખો. ચિંતા કરો.
- પ્રભુમય જીવન જીવવા એકબીજાને ઉત્તેજન આપો;

  પ્રસંશા કરો. પ્રભુની સ્તુતિ ગાઓ.

આ બાબતો સુખી અને આનંદમય ઘર-કુટુંબ બનાવશે. પોતે આશીર્વાદિત થશે અને ઘણાંને આશીર્વાદ અને નમૂનારૂપ બનશે. શું એ અદભૂત નથી!

ત્યારે હવે, કેટલીક બાબતો વિષે સજાગ રહેવાની અને તેમની ટાળી નહિ મૂક્યા તકેદારી રાખવાની જરૂર છે. તે જોઈએ અને જાણી...

- પ્રત્યેક નવો આવેલો અને પોતાની સાથે તક લાવતો દિવસ, એવોને એવોજ પાછો આથમી જવા ન દેશો.
- સંપત્તિ - સાધન અને સંતોષ માનવીના મહાનમિત્રો છે.
- સારાં કાર્યોમાં આવતા વિરોધ અને અવરોધ એ અટકાવનાર નહિ, પણ કાયર નહિ થનારને વેગવર્ધક બને છે. આગળ વધવાની કેડી બને છે.
- મનની યોગ્ય ઈચ્છા પૂર્ણ ન થવી અગર કરવી...
  મનની બધીજ ઈચ્છાને પૂર્ણ કરવા બધાંજ વલખા મારવાં....
  આ બે માનવી જીવનનાં મોટાં દુષણો છે. એ જ જીવનને બરબાદ પણ કરે છે.
- ત્રણ વાનાં ભૂલવાં કે ઢાંકી રાખવાં બહુ અઘરાં છે...
  (i) અન્યની સાંભળેલી અસત્ય વાત
  (ii) પોતાનું થયેલું અપમાન
  (iii) નવરાશનો સદઉપયોગ ન કરવો,.
- જીવનનું સાચું મહત્વ અને ગર્વ પોતાની જાતને નકારવા અને નમ્ર બનાવવામાં છે.
- વિપત્તિ - નિરાશા ઘણીવાર જ્ઞાન અને ડહાપણની માર્ગદર્શિકા અને પરિચારીકા બની રહે છે.
- બ્હાનું એ જૂઠ અને નકારનો મોટોભાઈ છે. પ્રેમને કશાં જ બ્હાનાં હોતાં કે નડતાં નથી.
- દરેક મૂશ્કેલી આપણો પાઠ છે, જો આપણે તેને વિચારીએ અને શીખીએ તો.
- ઘણીવાર બહુ મોટાં પરિણામ વિસાત વગરનાં નાનાં કારણોમાંથી નીપજે છે.
- માત્ર પોતે જીવવું એજ મહત્વનું અને બધુંય નથી; પણ બીજાને જીવવા દેવા અને તેમાં મદદરૂપ થવામાં છે.

- કુટુંબ એ દેવ યોજીત - રચીત અને દેવનું દાન છે.
માનવી કુટુંબમાં પ્રભુ દેવને અગ્રસ્થાને રાખવો અને માનવો એ બહુ ઈચ્છવા જોગ અને આશીર્વાદિત છે.
- "જો યહોવાહ ઘર ન બાંધે, તો તેના બાંધનારાંનો શ્રમ મિથ્યા છે. જો યહોવાહ નગરનું રક્ષણ ન કરે, તો ચોકીદારોનું જાગવું કેવળ વ્યર્થ છે,

તમારૂં વહેલુ ઉઠવું અને મોડું સૂવું તથા કષ્ટ વેઠીને રોટલી ખાવી તે પણ વ્યર્થ છે. કેમકે દેવ પોતાનાં વ્હાલાંઓ ઉઘતાં હોય તોપણ તેમને આપે છે.

છોકરાં તો યહોવાહનું આપેલું ધન છે; પેટનાં ફરજંદ તેના તરફનું પ્રતિદાન છે. યુવાવસ્થામાંના પુત્રો બળવાનના હાથમાંના બાણ જેવા છે. તેઓ વડે જેનો ભાથો ભરેલો છે તેને ધન્ય છે; તેઓ ભાગળમાં પોતાના શત્રુઓની સાથે બોલશે ત્યારે તેઓ ફજેત થશે નહિ."ગીતશાસ્ત્ર ૧૨૭.

"અમારા દીકરા પોતાની યુવાવસ્થામાં વીલા રોપા જેવા થાઓ. અમારી દીકરીઓ રાજમહેલના જેવી શણગારેલી ખૂણાની થાંભલીઓ જેવી થાઓ. અમારી વખારો વિવિધ સામગ્રી પૂરી પાડે એવી ભરપૂર થાઓ. અમારાં ઘેટાં અમારા વાડાઓમાં હજારો અને દશ હજારો બચ્ચાં જણનારાં થાઓ. અમારા બળદો ભાર ઉચકવામાં જબરા થાઓ. ગાબડું પાડનાર કોઈપણ ન થાઓ; અને નાસી છૂટનાર કોઈ હો.

અમારી શેરીઓમાં કંઈ બૂમ ન પડો. જે લોકો આવા હોય છે, તેઓ સુખી હોય છે; જેઓનો દેવ યહોવાહ છે. તેઓને ધન્ય છે"ગીતશાસ્ત્ર ૧૪૪:૧૨-૧૫

- જય ખ્રિસ્ત -

# KHRISTI KUTUMB ANE GHAR

**by Pratap J. Contracter**



રેવ. ડૉ. જેમ્સ ગ્લાસગો

(ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીના સ્થાપક - પથદર્શક)

1852 2002

ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી

સાર્ધ શતાબ્દી

10BGK2

*Published & Distributed by :*

**GUJARAT TRACT AND BOOK SOCIETY**

Sahitya Seva Sadan, Near Gujarat College,

Ellisbridge, Ahmedabad-380 006. INDIA.